Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી વ્યાકરણ અને લેખન

પુસ્તક ૩

કર્તા

રણછોડજી દયાળજી દેસાઈ, એમ. એ., બી. ટી.

જયંતિલાલ ઉત્તમરામ મહેતા, બી. એ., બી. ટી.

કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,

નાણાવટ, સૂરત.

કિં. ૦-૮-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... २५ग / ७ (III)

पञ्जिका संख्या..... ३०८९ B

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુ (ગ)
૩૦૮૬૭

ગુજરાતી વ્યાકરણ અને લેખન

પુસ્તક રૂ. જું Dalyabhai
Shah Bhailabhai
Book-Seller & Stationer
NAVSARI.

ક્રમાંક પ્રમાણીકરણ ૧૧૮૪-૧૧૮૫

કર્તા
રણછોડજી દયાળજી દેસાઈ,
એમ. એ., બી. ટી.

જયંતિલાલ ઉત્તમરામ મહેતા,
બી. એ., બી. ટી.

પ્રકટકર્તા
કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,
નાણાવટ, સૂરત.

૧૯૪૪

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક
ચતુરભાઈ શનાભાઈ પટેલ, શ્રી મહેન્દ્ર મુદ્રણાલય,
મામાની હવેલી, શાકબજાર, અમદાવાદ

પાઠ્યપુસ્તક તરીકે મંજૂર

સર્વે હક્ક સ્વાધીન રાખ્યા છે.

• પ્રકાશક •
મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ
તરફથી રા. નવનીતલાલ બાલુભાઈ બુકસેલર
• • નાણાવટ • સૂરત [૩] • •

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

બાળકો સહેલાઈથી વ્યાકરણ જેવો શાસ્ત્રીય વિષય સમજી શકે એ હેતુ ધ્યાનમાં રાખીને **વ્યાકરણ અને લેખન** નામની આ પુસ્તકમાળા અમે યોજી છે. વ્યાકરણના સિદ્ધાંતોનું સ્પષ્ટ જ્ઞાન આપવાનું અનેક રીતે મુશ્કેલ હોય છે, તેથી વ્યાકરણનો વિષય વિદ્યાર્થી અને શિક્ષક બંનેને નીરસ અને સુક્કો લાગે છે. પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં વ્યાકરણ રસપૂર્વક વિદ્યાર્થીઓ શીખે તેને માટે શિક્ષણશાસ્ત્ર અને બાલમાનસના સિદ્ધાંતોને અનુસરી વ્યાકરણની એક પુસ્તકમાળા યોજવાની જરૂર અમને લાગ્યા કરતી હતી. આ પુસ્તકની રચના જે ઢબે કરવામાં આવી છે તે ઉપરથી સમજાશે કે શિક્ષણશાસ્ત્રના નીચે જણાવેલા સિદ્ધાંતોને પાયારૂપ ગણવામાં આવ્યા છે.

(૧) કોઈપણ સિદ્ધાંત કે વ્યાખ્યા પ્રથમથીજ આપવાનો નિયમ રાખ્યો નથી. પરંતુ વિશેષ ઉદાહરણો આપીને તેની મદદ વડે જે તે સિદ્ધાંત તારવી કાઢવામાં આવ્યો છે. શિક્ષણશાસ્ત્રનો **ઉદાહરણ ઉપરથી સામાન્ય નિયમ** ઉપર જવાનો જાણીતો સિદ્ધાંત અમે સ્વીકાર્યો છે. આમ કરવાથી બાળકો જ્ઞાત એટલે જાણેલી હકીકત ઉપરથી અજ્ઞાત વ્યાપ્તિ કે સામાન્ય સિદ્ધાંત ઉપર સહેલાઈથી જઈ શકે છે.

(૨) જ્યાં જ્યાં પ્રતિપાદિત કરેલી વસ્તુની રજૂઆત ચિત્ર વડે સ્પષ્ટ અને જીવંત થઈ શકે ત્યાં ત્યાં ચિત્રોની મદદ લીધી છે, અને તેની મદદથી ભાવાર્થને મૂર્તિમંત કરવાનો પ્રયત્ન કર્યો છે.

(૩) ઉપર જણાવેલી રીતે નવીન સિદ્ધાંત કે ભાવાર્થનું જ્ઞાન મેળવ્યા પછી બાળકો પાસે તે સિદ્ધાંતનો ઉપયોગ કરવવામાં આવે તોજ તેનું જ્ઞાન દૃઢ થાય છે, અને તેઓ નવી પરિસ્થિતિમાં એનો ઉપયોગ સહેલાઈથી કરી શકે છે. આ હેતુને ધ્યાનમાં રાખીને સિદ્ધાંતની પ્રાપ્તિ કરાવ્યા પછી તેના ઉપયોગને અર્થે કે અભિજ્ઞાનને અર્થે મનોયત્નો આપવામાં આવ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) બાળકો પાસે શરૂઆતમાં શાસ્ત્રીય ઢબની તર્કશુદ્ધ વ્યાખ્યાઓ મોઢે કરાવવાનો આગ્રહ અયોગ્ય છે એમ કેળવણીકારો માને છે. એના કરતાં બાળકો બુદ્ધિપૂર્વક કોઈપણ શાસ્ત્રીય કે તર્કપ્રધાન વિષયનાં મૂળતત્ત્વોનો ભાવાર્થ બરાબર સમજે તો આગળ ઉપર ઊંચી કક્ષાએ જતાં એ શાસ્ત્રીય વ્યાખ્યા પોતાની મેળેજ તારવી કાઢે, અગર તો આપેલી વ્યાખ્યાઓને સમજણપૂર્વક પોતાની બનાવી શકે. આવી રીતે આ પુસ્તકમાળામાં અમે વસ્તુના ભાવાર્થ ઉપર પહોંચવાના નિયમને ખાસ મહત્ત્વનો ગણ્યો છે.

વ્યાકરણ ઉપરાંત આ પુસ્તકમાળામાં કક્ષા પ્રમાણે **લેખનવિભાગ** પણ રાખ્યો છે, એ આ માળાનું એક વિશિષ્ટ અંગ છે વ્યાકરણનો અભ્યાસ કરતી વખતે બાળકની બુદ્ધિ પૃથક્કરણશીલ હોય છે, અને વસ્તુનું પૃથક્કરણ કરીને તેનું દર્શન અને ગ્રહણ કરે છે. પરંતુ એ બુદ્ધિને સર્જનશીલ બનાવવી હોય, તો તેની પાસે પોતાનું મૌલિક લખાણ લખાવવાનો પ્રયત્ન કરાવવો જોઈએ. એને અંગે જુદી જુદી કક્ષા અનુસાર લેખનના વિવિધ પ્રકાર થઈ શકે, અને એના અભ્યાસથી બાળકોની સ્વતંત્ર સર્જન કરવાની શક્તિ અને શૈલી સંયમપૂર્વક કેળવી શકાય.

આ પુસ્તકમાળાનાં પુસ્તક ૧–૨–૩નો પ્રાથમિક શાળાનાં ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા ધોરણમાં અને અંગ્રેજી પહેલા, બીજા અને ત્રીજા ધોરણમાં ઉપયોગ કરી શકાશે.

વર્ગમાં ઉપયોગ કરતાં કરતાં, આ પુસ્તકની રચનામાં સુધારાવધારા કરવા જેવું જણાય, તો તે બદલની સૂચનાઓ શિક્ષક–બંધુઓ અમને મોકલી આપે એવી અમારી એમને આગ્રહભરી વિનંતી છે.

અમારે અહીં સહર્ષ નોંધ લેવી ઘટે છે કે પૂ. કાકાસાહેબે આ પુસ્તકમાળાની રચનામાં મહત્ત્વની સૂચનાઓ કરીને અને પહેલા પુસ્તક માટે આમુખ લખી આપીને જે પ્રેરણા અને ઉત્તેજન આપ્યાં છે તે બદલ અમે તેમના અત્યંત આભારી છીએ.

નવસારી.

રણછોડજી દેસાઈ
જયંતિલાલ મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય-સૂચિ

પ્રકરણ		પાનું
૧	સ્વર અને વ્યંજન—ઉચ્ચારણ	૧
૨	સંધિ	૪
૩	નામ—વિભક્તિ અને તેના અર્થ	૧૧
૪	ક્રિયાપદના પ્રકાર	૧૯
૫	કાળના પ્રકાર	૨૩
૬	અપૂર્ણ રૂપવાળાં ક્રિયાપદો	૩૨
૭	ક્રિયાપદના કાળ—ખાસ ઉપયોગ	૩૩
૮	ક્રિયાપદના અર્થ અને ઉપયોગ	૩૪
૯	મૂળ અને સાધિત ધાતુ	૩૮
૧૦	સમાસ	૪૧
૧૧	પૂર્વગ	૪૭
૧૨	શબ્દ—અભ્યાસ (વ્યુત્પત્તિની દૃષ્ટિએ)	૫૨
૧૩	પદચ્છેદ	૬૦
૧૪	શબ્દગુચ્છ	૬૨
૧૫	ઉપવાક્ય અને તેના પ્રકાર	૬૪
૧૬	મિશ્ર વાક્ય	૬૯
૧૭	સંયુક્ત વાક્ય	૭૨
૧૮	કવિતાનું બંધારણ—છંદ	૭૪
૧૯	વાક્યશુદ્ધિના નિયમો	૮૪
૨૦	વિરામચિહ્ન	૮૯
૨૧	વાર્તાલેખન	૯૫
૨૨	પત્રલેખન	૯૮
૨૩	નિબંધલેખન	૧૦૪
૨૪	થોડીક કહેવતો	૧૧૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વ્યંજન	સ્વર	
ચ્ છ્ જ્ ઝ્ ઞ્ ય્ શ્	ઇ	ઈ
ટ્ ઠ્ ડ્ ઢ્ ણ્ ર્ ષ્ ળ્	ઋ	
ત્ થ્ દ્ ધ્ ન્ લ્ સ્		
પ્ ફ્ બ્ ભ્ મ્	ઉ	ઊ
ક્ ખ્ ગ્ ઘ્ ઙ્ હ્ વિસર્ગ	અ	આ

એ ઐ — કંઠ અને તાલુસ્થાન વ્ — દંત અને ઓષ્ઠસ્થાન ઓ ઔ — કંઠ અને ઓષ્ઠસ્થાન

હ્ ઞ્ ણ્ ન્ મ્ — પોતપોતાનાં સ્થાન ઉપરાંત નાસિકામાંથી બોલાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧

સ્વર અને વ્યંજન—ઉચ્ચારણ

આપણા મૂળાક્ષરોને સ્વર અને વ્યંજન એ બે વિભાગમાં વહેંચી શકાય.

સ્વર	વ્યંજન
અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, ઋ.	ક્, ખ્, ગ્, ઘ્, ઙ્; ચ્, છ્, જ્, ઝ્, ઞ્; ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્; ત્, થ્, દ્, ધ્, ન્; પ્, ફ્, બ્, ભ્, મ્; ય્, ર્, લ્, વ્, શ્; ષ્, સ્, હ્, ળ્.

ઉપર જે સ્વરો બતાવ્યા છે, તે સામેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આપણા મોંમાં આવેલાં જુદાં જુદાં ઉચ્ચારનાં સ્થાનોમાંથી બોલાય છે. તે ઉચ્ચારણસ્થાન નીચે આપ્યાં છે.

અ, આ—કંઠસ્થાન (ગળું)
ઇ, ઈ—તાલુસ્થાન (તાળવું)
ઉ, ઊ—ઓષ્ઠસ્થાન (બે હોઠ)
એ, ઐ—કંઠ તથા તાલુસ્થાન
ઓ, ઔ—કંઠ તથા ઓષ્ઠસ્થાન
ઋ—મૂર્ધસ્થાન (દાંત અને તાલુ એ બે સ્થાનની વચ્ચેનું સ્થાન)

અનુસ્વાર

એનો ઉચ્ચાર કોઈપણ સ્વર પછી નાકમાંથી થાય છે. અક્ષરના માથા ઉપર કૌંસમાં બતાવ્યા પ્રમાણેના ચિહ્ન (ં) રૂપે એ દર્શાવાય છે.

વિસર્ગ

કંઠસ્થાનમાંથી પ્રયત્નપૂર્વક જોરથી શ્વાસ કાઢી દેવામાં આવે, ત્યારે અહ્ એવો ઉચ્ચાર થાય છે. એ ઉચ્ચાર સ્વર પછી કૌંસમાં બતાવ્યા પ્રમાણેના ચિહ્ન (ઃ) રૂપે દર્શાવાય છે; જેમકે, નિઃશેષ. એમાં નિ પછી વિસર્ગનું ચિહ્ન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યંજનોનાં ઉચ્ચારસ્થાન

ક્, ખ્, ગ્, ઘ્, ઙ્ (ક–વર્ગ) કંઠસ્થાન
ચ્, છ્, જ્, ઝ્, ઞ્ (ચ–વર્ગ) તાલુસ્થાન
ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્ (ટ–વર્ગ) મૂર્ધસ્થાન
ત્, થ્, દ્, ધ્, ન્ (ત–વર્ગ) દંતસ્થાન
પ્, ફ્, બ્, ભ્, મ્ (પ–વર્ગ) ઓષ્ઠસ્થાન

આ પાંચ વર્ગના વ્યંજનોને **વર્ગીય વ્યંજનો** કહે છે.

ય્, શ્	તાલુસ્થાન
ર્, ષ્, ળ્	મૂર્ધસ્થાન
લ્, સ્	દંતસ્થાન
વ્	દંત તથા ઓષ્ઠસ્થાન
હ્	કંઠસ્થાન

આ વ્યંજનોને **અવર્ગીય વ્યંજનો** કહે છે.

અનુનાસિક

ઉપરના પાંચે વર્ગના છેલ્લા વ્યંજનો ઙ્ ઞ્ ણ્ ન્ મ્ પોતપોતાના સ્થાનમાંથી શરૂ થઈને નાકમાંથી બોલાય છે, તેથી તેમને **અનુનાસિક** કહે છે.

વ્યંજન એટલે શું ?

વ્યંજનનો ઉચ્ચાર સ્વરની મદદ વિના થઈ શકતો નથી. વ્યંજનમાં સ્વર ભળે ત્યારેજ તેનો સ્પષ્ટ ઉચ્ચાર થઈ શકે છે. વ્યંજન (વિ+અંજન) એટલે એવો અક્ષર, જેનો ઉચ્ચાર બીજી ખાસ ભેળવણી કે મદદ વગર થતો નથી તે. એનો ઉચ્ચાર કરતાં સ્વરની મદદ લેવી પડે છે.

સ્વરોના જુદા જુદા ઉચ્ચાર

જે સ્વરનો ઉચ્ચાર ટૂંકો હોય તે **હ્રસ્વ સ્વર** કહેવાય છે. દા. ત. અ, ઇ, ઉ અને ઋ એ સ્વરો **હ્રસ્વ સ્વરો** છે. જે સ્વરનો ઉચ્ચાર હ્રસ્વ કરતાં બમણો લાંબો હોય છે, તે **દીર્ઘ સ્વર** કહેવાય છે. દા. ત. અ + અ = **આ**, ઇ + ઇ = **ઈ**, ઉ + ઉ = **ઊ**.

જે સ્વરનો ઉચ્ચાર દીર્ઘ સ્વરથી પણ વધારે લાંબો થતો હોય છે, તે સ્વરને **પ્લુત સ્વર** કહે છે. એવો ઉચ્ચાર કોઈને દૂરથી બોલાવતાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના નામનો છેલ્લો સ્વર લંબાવવામાં આવે છે, તેના જેવો હોય છે; અથવા જો કુદરતમાંથી સંસ્કૃત વ્યાકરણકારોના મત પ્રમાણે કોઈ માપ લેવામાં આવે, તો કૂકડાના કુક્ કૂક્ કુકિક્ એ અવાજનો કુકિક્ બોલતાં જે સમય લાગે તેટલો સમય પ્લુત સ્વરને ઉચ્ચારતાં લાગે છે. કવિતામાં હ્રસ્વ સ્વરની **એક માત્રા**, દીર્ઘ સ્વરની **બે માત્રા**, અને પ્લુત સ્વરની **ત્રણ માત્રા** ગણાય છે.

ધ્વનિના ગુણની દૃષ્ટિએ વ્યંજનોનું વર્ગીકરણ

કેટલાક વ્યંજનોનો ઉચ્ચાર કઠોર હોય છે; એ વ્યંજનોનો ઉચ્ચાર કરતાં જે ધ્વનિ ઉત્પન્ન થાય છે, તે મૃદુ કે કોમળ હોતો નથી, પણ કઠોર હોય છે. આવા વ્યંજનો **કઠોર વ્યંજનો** કહેવાય છે.

કેટલાક વ્યંજનોનો ઉચ્ચાર મૃદુ હોય છે; એવા વ્યંજનો **મૃદુ વ્યંજનો** કહેવાય છે.

કઠોર વ્યંજનો—દરેક વર્ગના પહેલા બે એટલે, ક્ ખ્; ચ્ છ્; ટ્ ઠ્; ત્ થ્; પ્ ફ્; અને એ સિવાય શ્ ષ્ સ્ તથા વિસર્ગ (:)

મૃદુ વ્યંજનો—દરેક વર્ગના છેલ્લા ત્રણ એટલે, ગ્ ઘ્ ઙ્; જ્ ઝ્ ઞ્; ડ્ ઢ્ ણ્; દ્ ધ્ ન્; બ્ ભ્ મ્ તથા ય્ ર્ લ્ વ્ હ્.

સજાતીય અને વિજાતીય સ્વર

એક સ્થાનમાંથી જે સ્વરો બોલાય તે પરસ્પર **સજાતીય** કહેવાય છે; દા. ત. અ અને આ એ બંને સ્વરો કંઠસ્થાનમાંથી બોલાય છે, તેથી તે પરસ્પર સજાતીય છે. એજ રીતે ઇ, ઈનો તથા ઉ, ઊનો સજાતીય છે.

જે સ્વરો જુદા જુદા સ્થાનમાંથી બોલાય છે, તે પરસ્પર **વિજાતીય** કહેવાય છે; દા. ત. અ કંઠસ્થાનમાંથી બોલાય છે, અને ઈ તાલુસ્થાનમાંથી બોલાય છે. આથી એ બંને પરસ્પર વિજાતીય કહેવાય છે. એજ રીતે ઇ અને ઉ એ વિજાતીય છે.

નોંધ : ગુજરાતી વ્યાકરણનું મૂળ સંસ્કૃત વ્યાકરણમાં છે. વૈયાકરણોના કુલગુરુ સૂત્રકાર પાણિનિ, સૂત્રોની વ્યવસ્થા કરનાર ભટ્ટોજી દીક્ષિત, તથા "મહાભાષ્ય" કાર એમણે વર્ણ, તેમનાં સ્થાન, તથા સ્વરૂપ વિશે ગૂઢ ચિંતન કર્યું છે. ઉપર જણાવેલી કૂકડાની વાત કોઇપણ સંસ્કૃતશાસ્ત્રી વ્યાકરણ—લઘુ કે સિદ્ધાંત કૌમુદી—ભણાવતાં કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨
સંધિ

સંધિ શું છે અને એ કેવી રીતે બને છે, તે જાણવા પહેલાં નીચેનું કોષ્ટક, અને નોંધનો અભ્યાસ તાજો કરવો જરૂરી છે.

સ્વરો	વર્ગીય વ્યંજનો			અવર્ગીય વ્યંજનો		ઉચ્ચારસ્થાન
	કઠોર	મૃદુ	અનુનાસિક	મૃદુ	કઠોર	
અ આ	ક્ ખ્	ગ્ ઘ્	ઙ્	હ્	—	કંઠસ્થાન
ઇ ઈ	ચ્ છ્	જ્ ઝ્	ઞ	ય્	શ્	તાલુસ્થાન
ઋ	ટ્ ઠ્	ડ્ ઢ્	ણ્	ર્	ષ્ ળ્	મૂર્ધસ્થાન
...	ત્ થ્	દ્ ધ્	ન્	લ્	સ્	દંતસ્થાન
ઉ ઊ	પ્ ફ્	બ્ ભ્	મ્	વ્	—	ઓષ્ઠસ્થાન
				દંત–ઓષ્ઠ		

નોંધ : એકજ સ્થાનમાંથી બોલાતા સ્વરો પરસ્પર સજાતીય અથવા સવર્ણ કહેવાય છે. જુદા જુદા સ્થાનમાંથી બોલાતા સ્વરો પરસ્પર વિજાતીય અથવા અસવર્ણ કહેવાય છે. એ, ઐ કંઠ–તાલુ અને ઓ, ઔ કંઠ–ઓષ્ઠ સ્થાનમાંથી બોલાય છે.

સંધિ કેમ થાય છે ?

દેશ + અભિમાન = દેશાભિમાન

પરમ + અર્થ = પરમાર્થ

ઉપર જણાવેલા **દેશ** અને **અભિમાન** એ બે શબ્દોને જો એકસામટા બોલવામાં આવે, તો **દેશાભિમાન** શબ્દથી જે ઉચ્ચારણ થાય, તેવુંજ ઉચ્ચારણ સંભળાય છે. એજ રીતે **પરમ** અને **અર્થ** એ બે શબ્દોને એકસામટા બોલીએ, તો **પરમાર્થ** જેવો શબ્દ સંભળાય છે. ઉચ્ચારણના નિયમ પ્રમાણે પાસપાસે આવેલા સ્વરો અને વ્યંજનો સાથે બોલવામાં આવે છે, અને તે ઉપર જોયું તેમ અમુક નિયમે જોડાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને બંનેનો ત્રીજોજ ઉચ્ચાર થાય છે. આ પ્રકારના જોડાણને **સંધિ** કહે છે, અને એ જોડાણના નિયમો **સંધિનિયમો** કહેવાય છે.

સંધિના પ્રકાર

સંધિ* ચાર પ્રકારની છે : (૧) **સ્વરસંધિ** એટલે બે સાથે આવેલા સ્વરોનું જોડાણ; (૨) **વ્યંજનસંધિ** એટલે બે સાથે આવેલા વ્યંજનોનું કે વ્યંજન અને સ્વરનું જોડાણ; (૩) **વિસર્ગસંધિ** એટલે વિસર્ગ અને સ્વર અથવા વ્યંજનનું જોડાણ. કોઈપણ સ્વર પછી સ્વર, અને વ્યંજન કે વિસર્ગ પછી સ્વર કે વ્યંજન આવે, અને તેનું જોડાણ થાય તેને **સંધિ** કહે છે.

(૧) સ્વરસંધિ

નિયમ (૧)—જો બે સજાતીય સ્વરો સાથે આવે, તો તે બેને બદલે **દીર્ઘ** સ્વરનું ઉચ્ચારણ થાય છે, અને તેમ લખાય છે; ઉદાહરણ :

૧	અ + અ = આ	દેશ	+ અટન	= દેશાટન
		કૃષ્ણ	+ અર્જુન	= કૃષ્ણાર્જુન
	અ + આ = આ	પ્રેમ	+ આનંદ	= પ્રેમાનંદ
		મુક્ત	+ આત્મા	= મુક્તાત્મા
	આ + અ = આ	ચિન્તા	+ અગ્નિ	= ચિન્તાગ્નિ
		કવિતા	+ અનુવાદ	= કવિતાનુવાદ
	આ + આ = આ	મહા	+ આત્મા	= મહાત્મા
		ચિન્તા	+ આતુર	= ચિન્તાતુર
૨	ઇ + ઇ = ઈ	હરિ	+ ઇન્દ્ર	= હરીન્દ્ર
	ઈ + ઈ = ઈ	ગૌરી	+ ઈશ	= ગૌરીશ
	ઇ + ઈ = ઈ	અગ્નિ	+ ઈશ્વર	= અગ્નીશ્વર
	ઈ + ઇ = ઈ	યોગી	+ ઇન્દ્ર	= યોગીન્દ્ર
૩	ઉ + ઉ = ઊ	ગુરુ	+ ઉત્તર	= ગુરૂત્તર
	ઉ + ઊ = ઊ	બહુ	+ ઊર્ધ્વ	= બહૂર્ધ્વ
	ઊ + ઊ = ઊ	વધૂ	+ ઊર્મિ	= વધૂર્મિ
	ઊ + ઉ = ઊ	વધૂ	+ ઉલ્લાસ	= વધૂલ્લાસ

---

* સંસ્કૃતમાં એની નરજાતિ છે પણ ગુજરાતીમાં એ નારીજાતિમાં વપરાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ (૨)—જ્યારે **અ** કે **આ** પછી વિજાતીય સ્વર આવે, તો નીચે પ્રમાણે સંધિ થાય છે: **અ** કે **આ** પછી ઇ કે ઈ આવે તો **એ** થાય, ઉ કે ઊ આવે તો **ઓ** થાય, અને ઋ કે ૠ આવે તો **અર્** થાય.

૧	અ + ઇ = એ	નર + ઇન્દ્ર	= નરેન્દ્ર
	અ + ઈ = એ	પરમ + ઈશ	= પરમેશ
	આ + ઇ = એ	મહા + ઇચ્છા	= મહેચ્છા
	આ + ઈ = એ	દ્વારકા + ઈશ	= દ્વારકેશ
૨	અ + ઉ = ઓ	ગુપ્ત + ઉત્તર	= ગુપ્તોત્તર
	અ + ઊ = ઓ	નવ + ઊઢા	= નવોઢા
	આ + ઉ = ઓ	શાળા + ઉપયોગી	= શાળોપયોગી
	આ + ઊ = ઓ	મહા + ઊર્મિ	= મહોર્મિ
૩	અ + ઋ = અર્	બ્રહ્મ + ઋષિ	= બ્રહ્મર્ષિ
	આ + ઋ = અર્	મહા + ઋષિ	= મહર્ષિ
		મહા + ઋદ્ધિ	= મહર્દ્ધિ

નિયમ (૩)—**અ** કે **આ** પછી **એ** કે **ઐ** આવે તો તેનો **ઐ** થાય છે, અને **ઓ** કે **ઔ** આવે તો તેનો **ઔ** થાય છે.

૧	અ + એ = ઐ	વિશ્વ + એકતા	= વિશ્વૈકતા
	અ + ઐ = ઐ	માનવ + ઐક્ય	= માનવૈક્ય
	આ + એ = ઐ	ભાષા + એકતા	= ભાષૈકતા
	આ + ઐ = ઐ	મહા + ઐશ્વર્ય	= મહૈશ્વર્ય
૨	અ + ઓ = ઔ	ઉષ્ણ + ઓદન	= ઉષ્ણૌદન
	અ + ઔ = ઔ	પરમ + ઔત્સુક્ય	= પરમૌત્સુક્ય
	આ + ઓ = ઔ	મહા + ઓજસ્વી	= મહૌજસ્વી
	આ + ઔ = ઔ	મહા + ઔચિત્ય	= મહૌચિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ (૪)-(૧) ઇ કે ઈ પછી કોઈપણ વિજાતીય સ્વર એટલે કે અ, આ, ઉ, ઊ આવે તો ઇ કે ઈનો **ય્** થાય છે; (૨) ઉ કે ઊ પછી જો કોઈપણ વિજાતીય સ્વર આવે તો ઉ કે ઊનો **વ્** થાય છે; અને (૩) ઋ પછી જો કોઈ જુદો સ્વર આવે તો ઋનો **ર્** થાય છે.

૧	ઇ + ઉ = **ય્** + ઉ	પ્રતિ + ઉત્સવ = પ્રત્યુત્સવ
	ઇ + અ = **ય્** + અ	ગતિ + અંતર = ગત્યંતર
	ઇ + આ = **ય્** + આ	હરિ + આદેશ = હર્યાદેશ
૨	ઉ + આ = **વ્** + આ	ગુરુ + આજ્ઞા = ગુર્વાજ્ઞા
	ઉ + અ = **વ્** + અ	હેતુ + અર્થ = હેત્વર્થ
	ઉ + ઇ = **વ્** + ઇ	લઘુ + ઇચ્છા = લઘ્વિચ્છા
૩	ઋ + અ = **ર્** + અ	કર્તૃ + અર્થે = કર્ત્રર્થે
	ઋ + આ = **ર્** + આ	ભર્તૃ + આશા = ભર્ત્રાશા

મનોયત્ન : ૧

નીચેના શબ્દોને સંધિ કરી જોડો :

ફળ + આહાર	પ્રતિ + ઇક્ષા
નિજ + આનંદ	રવિ + ઇન્દ્ર
હરિ + ઇચ્છા	મહા + ઇન્દ્ર
હિમ + આલય	ગુરુ + ઉત્તમ
વિંધ્ય + અચળ	રાજા + આજ્ઞા
દક્ષિણ + અયન	ન્યાય + આસન
ઉત્તર + અયન	લઘુ + આશા
રાજા + ઋષિ	ચન્દ્ર + ઉદય
કદા + અપિ	ગ્રામ + ઉદ્ધાર
પ્રતિ + એક	બ્રહ્મ + ઋષિ
સદા + એવ	ગુરુ + અર્થે
શુભ + ઇચ્છા	પ્રીતિ + અર્થે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) વ્યંજનસંધિ

જેમ બે સ્વરોની સંધિ થાય છે, તેમ બે વ્યંજનો સાથે આવે, કે વ્યંજન અને પછી સ્વર આવે તો તેમની પણ સંધિ થાય છે. એવા જોડાણને **વ્યંજનસંધિ** કહે છે.

નિયમ (૧)—અનુનાસિક સિવાયના કોઈ વ્યંજન પછી મૃદુ વ્યંજન કે સ્વર આવે તો આગલા વ્યંજનની જગ્યાએ તેનાજ વર્ગનો ત્રીજો મૃદુ વ્યંજન આવે છે. જેમકે,

શ્રીમત્ + ભાગવત = શ્રીમદ્ ભાગવત
સત્ + બુદ્ધિ = સદ્બુદ્ધિ
સત્ + આશા = સદ્ + આશા = સદાશા
દિક્ + અન્ત = દિગન્ત

નિયમ (૨) કોઈપણ ત વર્ગના વ્યંજન પછી તાલુસ્થાન કે મૂર્ધ-સ્થાનનો વ્યંજન આવે, તો ત વર્ગના વ્યંજનને બદલે પાછલો તાલુ કે મૂર્ધસ્થાનનો વ્યંજન આવે છે. જેમકે,

સત્ + ચરિત્ર = સચ્ચરિત્ર
ઉદ્ + ડયન = ઉડ્ડયન

નિયમ (૩)—દંતસ્થાનના અક્ષર પછી જો તાલવ્ય શ્ આવે તો દંત્યનો 'ચ્' થાય અને 'શ્' નો 'છ્' થાય. જેમકે,

શ્રીમત્ + શંકરાચાર્ય = શ્રીમચ્છંકરાચાર્ય
સત્ + શરણ = સચ્છરણ
અધ + શેર = અચ્છેર

નિયમ (૪)—જો પાછળના શબ્દની શરૂઆતમાં અનુનાસિક હોય અને પહેલા શબ્દને છેડે અનુનાસિક, ર્ કે લ્ સિવાયનો વ્યંજન હોય, તો તે વ્યંજનનો પોતાના વર્ગનો અનુનાસિક બને છે. જેમકે,

ચિત્ + મય = ચિન્મય
ઉદ્ + નતિ = ઉન્નતિ
દિક્ + મૂઢ = દિઙ્મૂઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ (૫)—દરેક વર્ગના પહેલા ચાર એટલે બધા મળીને એ વીસ વ્યંજનો પછી, જો કોઈ વ્યંજન આવે, તો આગલા વ્યંજનને બદલે તેના વર્ગનો પહેલો વ્યંજન થાય છે. જેમકે,

દિગ્ + કાલ = દિક્કાલ
ઉદ્ + પત્તિ = ઉત્પત્તિ
વિપદ્ + કાલ = વિપત્કાલ

નિયમ (૬)—હ્ ની પહેલાં અનુનાસિક સિવાયના વર્ગીય વ્યંજનોમાંનો ગમે તે આવ્યો હોય, તો હ્નો તેજ વ્યંજનના વર્ગનો ચોથો વ્યંજન થાય છે; અને આગલા વ્યંજનનો પોતાના વર્ગનો ત્રીજો થાય છે.

ઉત્ + હાર = ઉદ્ધાર
(હા નો ધા થયો અને ત્ નો દ્ થયો.)
ઉદ્ + હત = ઉદ્ધત
પદ્ + હતિ= પદ્ધતિ

(૩) વિસર્ગસંધિ

નિયમ (૧)—વિસર્ગની પૂર્વે ઇ, ઈ, ઉ કે ઊ આવ્યાં હોય, અને તે પછી સ્વર કે મૃદુ વ્યંજન આવે, તો વિસર્ગનો ર્ થાય છે.

નિઃ + અર્થક = નિરર્થક	નિઃ + ગમ = નિર્ગમ
નિઃ + ઉત્તર = નિરુત્તર	દુઃ + ગતિ = દુર્ગતિ

નિયમ (૨)—વિસર્ગનો ર્ થયા પછી જો ર્ આવે, તો પહેલો ર્ ઊડી જાય છે; અને તેની પહેલાંનો સ્વર હ્રસ્વ હોય, તો તે દીર્ઘ થાય છે.

નિઃ + રવ = નિર્ + રવ = નીરવ
નિઃ + રસ = નિર્ + રસ = નીરસ

નિયમ (૩)—વિસર્ગ પછી ત્ કે થ્ આવે, તો તેનો સ્ થાય છે.

નિઃ + તૃણ = નિસ્તૃણ	નિઃ + તેજ = નિસ્તેજ
નિઃ + તરંગ= નિસ્તરંગ	નિઃ + તાપ = નિસ્તાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ (૪)—વિસર્ગની પછી ચ્ કે છ્ આવ્યો હોય, તો વિસર્ગનો શ્ થાય છે.

નિઃ + ચિત = નિશ્ચિત
નિઃ + ચલ = નિશ્ચલ

નિયમ (૫)—વિસર્ગની પૂર્વે ઇ કે ઉ હોય અને પછી ક્ ખ્ પ્ ફ્ આવે તો વિસર્ગનો ષ્ થઈ જાય છે.

નિઃ + કામ = નિષ્કામ	નિઃ + પક્ષ = નિષ્પક્ષ
નિઃ + ક્રમણ = નિષ્ક્રમણ	નિઃ + ફળ = નિષ્ફળ
નિઃ + પ્રાણ = નિષ્પ્રાણ	

નિયમ (૬)—સ્ કે વિસર્ગની પહેલાં **અ** હોય અને પછી મૃદુ વ્યંજન આવે, તો વિસર્ગનો ઉ થાય છે. તે ઉ આગળના **અ** સાથે ભળીને બંનેનો **ઓ** થાય છે.

મનસ્ + ગત = મન્ + **અ** + સ્ + ગત
= મન્ + **અ** + ઉ + ગત
= મન્ + ઓ + ગત
= મનોગત

છન્દઃ + બદ્ધ = છન્દોબદ્ધ
તેજઃ + દ્વેષ = તેજોદ્વેષ
પુરસ્ + ગામી = પુરોગામી

મનોયત્ન : ૨

નીચેના શબ્દોને સંધિ કરી જોડો :

સત્ + આનંદ	મનઃ + રથ
દિક્ + અંબર	જગત્ + નાથ
જગત્ + ઈશ	તપસ્ + વન
ઉદ્ + ચાર	નિઃ + રસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિસ્ + ચય	નિઃ + રોગ
સત્ + જન	નિઃ + ફળ
નિઃ + આકાર	પશ્ચાત્ + તાપ
મનસ્+ ભાવ	નિઃ + પક્ષપાત
ચતુઃ + આનન	નિઃ + આધાર
સમ્ + આચાર	વિપદ્ + કાલ
ઉદ્ + લેખ	તદ્ + લીન

પ્રકરણ ૩

નામ–વિભક્તિ અને તેના અર્થ

તમે વિભક્તિ વિશે આગળ શીખી ગયા છો. હવે તેના અર્થ વિશે કંઈક જાણીશું.

૧ **રામ** ગોવિંદને બોલાવે છે.

૨ ગોવિંદ **રામને** બોલાવે છે.

બોલાવે છે એ ક્રિયાપદ સાથે **રામ** એ પદનો પહેલા વાક્યમાં શો સંબંધ છે ? કર્તા તરીકેનો.

બીજું વાક્ય વાંચો. **રામ** એ પદનો ક્રિયાપદ સાથે શો સંબંધ છે ? કર્મ તરીકેનો.

કર્તા તરીકે **રામ** એ પદ પહેલી વિભક્તિમાં છે, અને કર્મ તરીકે એને બીજી વિભક્તિનો પ્રયત્ન ને લાગ્યો છે. એવીજ રીતે **ગોવિંદ** એ પદ કર્તા અને કર્મ તરીકે જુદી જુદી વિભક્તિના પ્રત્યયો લે છે.

આ ઉપરથી જણાશે કે જ્યારે કોઈ પદ ક્રિયાપદ સાથે સંબંધ ધરાવે, ત્યારે તે જુદા જુદા સંબંધ બતાવવા જુદી જુદી વિભક્તિના પ્રત્યયો લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

· અભ્યાસ ·

નીચેનાં વાક્યોમાં જુદા જુદા શબ્દો કઈ કઈ વિભક્તિના પ્રત્યયો લઈને ક્રિયાપદ સાથે સંબંધ બતાવે છે, તેનો અભ્યાસ કરો :

વાક્ય	વિભક્તિ
૧ રામ કૂતરાને નવડાવે છે.	**રામ** કર્તા તરીકે ૧લી વિભક્તિમાં છે. **કૂતરાને** કર્મ તરીકે ૨જી વિભક્તિમાં છે.
૨ રામે ચોપડી વાંચી.	**રામે** કર્તા તરીકે ૩જી વિભક્તિ. **ચોપડી** કર્મ તરીકે ૨જી વિભક્તિ.
૩ લુહાર હથોડાએ ટીપે છે. (હથોડા વડે)	**હથોડા** એ ટીપવાની ક્રિયાનું સાધન કે કરણ છે, તેથી કરણ તરીકે હથોડા એ પદ ૩જી વિભક્તિનો **એ** અથવા **વડે** એ પ્રત્યય લે છે.
૪ રાજાએ બ્રાહ્મણને ગાય આપી.	ગાય આપવાની ક્રિયા બ્રાહ્મણ પ્રત્યે થઇછે. સંપ્રદાનનો સંબંધ બતાવવા બ્રાહ્મણને એ પદ ચોથી વિભક્તિમાં છે.
૫ સ્ટેશનથી હું આવ્યો.	આવવાની ક્રિયા કયે સ્થળેથી થઈ, તે અપાદાનનો–છૂટા પડવાનો સંબંધ બતાવવા **સ્ટેશન** એ પદને પાંચમી વિભક્તિનો **થી** પ્રત્યય લાગ્યો છે.
૬ સુરેશ ઘરમાં બેઠો છે.	બેસવાની ક્રિયા કયા સ્થળમાં થઈ છે, તે અધિકરણ કે સ્થળ બતાવવા **ઘર** એ પદને સાતમી વિભક્તિનો **માં** પ્રત્યય લાગ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર બતાવેલાં બધાં પદોને ક્રિયાપદની સાથે સંબંધ બતાવવા જુદી જુદી વિભકિત લાગી છે. છઠ્ઠી સિવાયની એ બધી વિભક્તિઓ (૧લી, ૨જી, ૩જી, ૪થી, ૫મી, ૭મી) **ક્રિયાપદ સાથે નામનો સંબંધ** બતાવતી હોવાથી **કારક વિભક્તિ** કહેવાય છે. [કારક એટલે નામનો ક્રિયાપદ સાથે સંબંધ]

વિશેષણ વિભક્તિ

૧ **રાતો** ઘોડો અહીં છે.

૨ **રામનો** ઘોડો અહીં છે.

પહેલા વાકયમાં ઘોડાનું વર્ણન કયો શબ્દ કરે છે?—**રાતો** એ વિશેષણ.

બીજા વાકયમાં ઘોડાનું વર્ણન કયો શબ્દ કરે છે?—**રામનો** એ શબ્દ; કારણકે ઘોડાને વિશે એ વધારે હકીકત કહે છે. અહીં **રામનો** એ પદ વિશેષણનું કામ કરે છે.

એ પદને કઈ વિભકિતનો પ્રત્યય લાગ્યો છે?—**છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.** એ પદ શાનું કામ કરે છે?—**વિશેષણનું.**

આ ઉપરથી સમજાશે કે એક નામ બીજા નામ સાથે સંબંધ રાખી છઠ્ઠી વિભકિતમાં આવે છે, ત્યારે તે વિશેષણનું કામ કરે છે; તેથી છઠ્ઠી વિભકિત એ **વિશેષણ** વિભકિત કહેવાય છે. છઠ્ઠી વિભકિતમાં આવેલું નામ ક્રિયાપદ સાથે સંબંધ ધરાવતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભક્તિના અર્થ

પહેલી વિભક્તિ

૧ ગોવિંદ વાંચે છે.	ગોવિંદ કર્તા તરીકે પહેલી વિભક્તિ.
૨ **રામ**, તું અહીં આવ.	**રામ** એ પદ **આવ** ક્રિયાપદનો કર્તા નથી. અહીં રામને સંબોધન કરવામાં આવ્યું છે. જેને સંબોધન કરવામાં આવ્યું હોય, તેને માટે વપરાયેલું પદ **સંબોધન અર્થે પહેલી વિભક્તિમાં** આવે છે.
૩ મુંબઈ મોટું **શહેર** છે.	**શહેર** એ પદ મુંબઈને માટેજ વપરાયું છે. મુંબઈની જે વિભક્તિ હોય તેજ એની હોઈ શકે, તેથી એ પહેલી વિભક્તિમાં છે. એ પદ ક્રિયાપૂરકનું કામ કરે છે; તેથી એ **ક્રિયાપૂરકના અર્થમાં પહેલીમાં** છે. એને કેટલાક **વિધેયના અર્થમાં પહેલી** પણ કહે છે; કારણકે **શહેર** એ પદ મુંબઈ વિશે વિધાન કરવામાં મદદ કરે છે.
૪ થાળીમાં ચાર **વાડકા** ચોખા છે. ૫ તેણે ભિખારીને ચાર **મૂઠી** ચોખા આપ્યા. [એક **પ્યાલો** દૂધ; ચાર **આંગળ** દોરી.]	**વાડકા** અને **મૂઠી** એ બંને પદોને પ્રત્યય લાગ્યો નથી. એ બંને શબ્દો પરિમાણ કે **માપ** બતાવે છે. ચાર વાડકા ચોખા એટલે ચાર વાડકામાં માય એટલા ચોખા. આમ પરિમાણ કે માપ બતાવવા જે શબ્દો વપરાય, તે પહેલી વિભક્તિના ગણાય છે. એને પરિમાણ અર્થે કે **માપવાચક પહેલી વિભક્તિ** કહે છે. [કૌંસમાં આપેલા મોટા અક્ષરના શબ્દો માપવાચક પહેલીમાં છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૩

પહેલી વિભક્તિ કયા કયા અર્થમાં આવે છે, તે નીચેની ખાલી જગ્યામાં લખો :

૧

૨

૩

૪

૫

બીજી વિભક્તિ

૧ કલિતાએ **ભિખારીને** બોલાવ્યો.	**ભિખારીને** એ પદ કર્મ અર્થે બીજીમાં છે.
૨ રામે **ફળ** ખાધું.	ફળ અને રામાયણ એ કર્મો છે. તે બીજી વિભક્તિમાં છે. એ બંનેને બીજીનો પ્રત્યય લાગેલો નથી તેથી એ અપ્રત્યયદ્વિતીયામાં છે.
૩ હું **રામાયણ** વાંચું છું.	
૪ હું કાલે **સૂરત** જઈશ.	અહીં **સૂરત** તથા **ગામ** તરફ ગતિ કરવાની છે. જેના તરફ ગતિ કરવાની હોય તે પદો બીજી વિભક્તિમાં આવે છે.
૫ તમે **ગામ** જવાના છો?	
૬ તે ત્રણ **માઈલ** ચાલ્યો.	ત્રણ માઈલ એટલે ત્રણ માઈલ સુધી, અને ત્રણ મહિના એટલે ત્રણ મહિના સુધી. આમ મર્યાદા કે હદ બતાવવા જે પદ વપરાય તે બીજી વિભક્તિનું ગણાય છે.
૭ અમે અહીં ત્રણ **મહિના** રહીશું.	

નોંધ : સૂરત અહીંથી ત્રણ **માઈલ** છે.

અહીં ત્રણ માઈલ એટલે ત્રણ માઈલ સુધી એવો અર્થ નથી; ત્રણ માઈલ એ શબ્દો ત્રણ માઈલના અંતરનું માપ બતાવે છે. સૂરત અહીંથી ત્રણ માઈલ સુધી વિસ્તારમાં છે, એવો આ વાક્યનો અર્થ નથી; એ ત્રણ માઈલ દૂર છે એમ કહેવાનો અર્થ છે. અહીં **માઈલ** એ પદ પહેલી વિભક્તિમાં છે. આવાં માપવાચક પદો પહેલી વિભક્તિનાં ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી વિભક્તિ

૧ **રામે** દૂધ પીધું.	**રામે** કર્તા અર્થે ત્રીજી.
૨ મેં **હાથે** કપડું વણ્યું.	**હાથે** કરણ અર્થે ત્રીજી.
૩ અતિશય **થાકે** તે માંદો પડ્યો.	**થાકે** એટલે થાકના કારણે. અહીં આ પદ કારણવાચક ત્રીજીમાં છે.
૪ તે **આંખે** કાણો છે.	શરીરની ખોડ બતાવનારાં પદો ત્રીજીમાં આવે છે. **આંખે** અને **પગે** એ ત્રીજીમાં છે,
૫ તે **પગે** ખોડો છે.	
૬ બાર **આને** શેર બદામ મળે છે.	**આને** એ પદ મૂલ્ય કે કિંમત બતાવે છે. આને એટલે **આના વડે**. કિંમત બતાવનારાં પદો ત્રીજીમાં આવે છે. **આને** એ પદ ત્રીજીમાં છે.

ચોથી વિભક્તિ

૧ રાજાએ **બ્રાહ્મણને** દાન આપ્યું.	**બ્રાહ્મણને** એ પદ અહીં આપવાના કે **સંપ્રદાનના** અર્થમાં ચોથીમાં છે.
૨ મારે **રમવાને** દડો જોઈએ છે.	રમવાને=રમવાને માટે. આમ માટે કે સારુ શબ્દ લાગે એવા અર્થમાં વપરાતાં પદો ચોથીમાં આવે છે.
૩ **હરિને** ખાવું નથી.	**હરિને** અને **મારે** એ બંને કર્તાના અર્થમાં ચોથીમાં છે.
૪ **મારે** આજે ગામ જવું છે.	
૫ આ **ગાયને** એક વાછરડું છે.	**ગાયને**=ગાયનું; **ગાયને**=ગાયના. અહીં આ બે પદો છઠ્ઠીના અર્થમાં ચોથી વિભક્તિમાં આવ્યાં છે. ચોથી વિભક્તિ છઠ્ઠીના અર્થમાં છે.
૬ **ગાયને** ચાર આંચળ છે.	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચમી વિભક્તિ

૧ **સ્ટેશનથી** ગાડી ઊપડી.	**સ્ટેશનથી** છૂટા પડવાના એટલે **અપાદાન**-ના અર્થમાં પાંચમી વિભક્તિ.
૨ **રામથી** તે થયું નહિ.	**રામથી**—કર્તાના અર્થમાં પાંચમી.
૩ મેં **સોટીથી** કૂતરાને માર્યો.	**સોટીથી** (સોટી વડે) કરણ કે **સાધનના** અર્થમાં પાંચમી.
૪ **ધરતીકંપથી** ઘર પડી ગયું.	**ધરતીકંપથી**–કારણના અર્થમાં પાંચમી.
૫ ત્રણ **અઠવાડિયાંથી** તે માંદો છે.	**અઠવાડિયાંથી**–કાળ કે વખતની **મર્યાદા** બતાવવા પાંચમી.

છઠ્ઠી વિભક્તિ

૧ **રામનો** ઘોડો ઇનામ જીત્યો.	**રામનો**—વિશેષણના અર્થમાં છઠ્ઠી.
૨ તે **આંબાનું** ઝાડ સુંદર છે.	**આંબાનું**— ,, ,, ,,
૩ એ **મિજાજનો** કડક છે.	**મિજાજનો**=મિજાજ વડે. ત્રીજીના અર્થમાં છઠ્ઠી.
૪ તે ત્રણ **દિવસનો** ભૂખ્યો છે.	**દિવસનો** દિવસથી. પાંચમીના અર્થમાં છઠ્ઠી.
૫ તમે **સવારના** આવ્યા છો?	**સવારના**=સવારે. સાતમીના અર્થમાં છઠ્ઠી.
૬ **ઝાડની** ઉપર વાંદરો છે.	**ઝાડની** એ પદનો **ઉપર** એ નામયોગી સાથે સંબંધ છે. નામયોગી સાથે સંબંધ બતાવવા છઠ્ઠી.

સાતમી વિભક્તિ

૧ **ખડિયામાં** શાહી નથી.	**ખડિયામાં**—સ્થળ બતાવવા સાતમી.
૨ તે બધા **છોકરાઓમાં** ઊંચો છે.	**છોકરાઓમાં**—સમૂહમાંથી એકને જુદો પાડવાના અર્થમાં સાતમી.
૩ આટલા **પગારમાં** તમને ચાલે છે?	**પગારમાં**=પગાર વડે. ત્રીજીના અર્થમાં સાતમી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૪

મોટા અક્ષરે છાપેલાં નામો અને સર્વનામોની વિભક્તિના અર્થ કહો.

૧ સુભાષે ફૂલની માળા બનાવી.
૨ ગંગા નદી હિમાલયથી વહે છે.
૩ મારા કાકા દયારામ બજારમાં ગયા છે.
૪ શિકારીએ બંદૂકથી વાઘ માર્યો.
૫ મોહનની વાત ખરી છે.
૬ ભાઈ, તું મારી સાથે કેમ બોલતો નથી?
૭ મારાથી આ ઝાડની ઉપર ચડાશે નહિ.
૮ તેણે પાંચ પ્યાલા દૂધ પીધું.
૯ ગરીબને આટલા પૈસામાં કેમ ચાલે?
૧૦ સૌ વિદ્યાર્થીઓમાં હરીશ હોશિયાર છે.
૧૧ તમે સવારના ત્યાં જશો?
૧૨ મારો મિત્ર મહેશ હૃદયનો સારો છે.
૧૩ રામચંદ્ર દશ દિવસનો ઉપવાસી છે.
૧૪ તે એક રળિયામણું ગામ બન્યું છે.
૧૫ આવતી રજામાં હું મુંબઈ જઈશ.
૧૬ અમે આજે બે માઇલ દોડ્યા.
૧૭ અહીંથી મારું ગામ બે ગાઉ દૂર છે.
૧૮ ટાઢમાં ઓઢવાને ગરમ વસ્ત્રો જોઈએ છે.
૧૯ લક્ષ્મણ તાવે પીડાય છે.
૨૦ તે ભિખારી હાથે બાંગો છે.
૨૧ લડાઈના વખતમાં ત્રણ આને શેર દૂધ મળતું.
૨૨ ગયે વરસે અમે બ્રાહ્મણને પૂજા માટે બોલાવ્યા હતા.
૨૩ તેને ત્યારપછી દક્ષિણા આપી હતી.
૨૪ આ ઝાડને પાંદડાં નથી.
૨૫ હું સવારના મારા મિત્રને ઘેર ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪

ક્રિયાપદના પ્રકાર

તમે આગળ શીખી ગયા છો કે કેટલાંક ક્રિયાપદો કર્મ લે છે, અને કેટલાંક લેતાં નથી. કર્મ લેનારાં ક્રિયાપદ **સકર્મક** અને કર્મ વિનાનાં **અકર્મક** કહેવાય છે. વળી કેટલાંક ક્રિયાપદો ઉદ્દેશ્ય વિશે પૂર્ણપણે વિધાન કરી શકતાં નથી, અને તેથી તેમને ક્રિયાપૂરકની જરૂર પડે છે. એવાં ક્રિયાપદો **અપૂર્ણ ક્રિયાવાચક** કહેવાય છે. આ ઉપરાંત તમે શીખ્યા છો કે કેટલીક વાર બે ક્રિયાપદો સાથે આવી નવાજ અર્થનું એક ક્રિયાપદ બનાવે છે. આવાં ક્રિયાપદોને **સંયુક્ત ક્રિયાપદ** કહે છે. નીચે જણાવેલા ક્રિયાપદના પ્રકાર તમે આગળ શીખી ગયા છો :

૧ **અકર્મક**, ૨ **સકર્મક**, ૩ **અપૂર્ણ ક્રિયાવાચક**, ૪ **સંયુક્ત.**

હવે ક્રિયાપદના બીજા નવા પ્રકાર વિશે શીખીશું.

સહાયકારી* ક્રિયાપદ

૧ હું જાઉં છું.

૨ તમે સ્ટેશને ગયા હતા.

પહેલા વાક્યમાં **જાઉં છું** ક્રિયાપદ જવાની ક્રિયા બતાવે છે. **જાઉં** એ **જા** ધાતુનું રૂપ છે, અને એજ ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદ છે. **છું** એ **છ** ધાતુનું રૂપ છે, અને તે **જા** ધાતુનું વર્તમાનકાળનું પહેલા પુરુષનું રૂપ બનાવવામાં સહાય કે મદદ કરવા માટેજ વપરાય છે. **છું** એ રૂપથી **જા** ધાતુ વર્તમાનકાળમાં વપરાયો છે, એટલુંજ માલૂમ પડે છે.

એજ રીતે બીજા વાક્યમાં **ગયા હતા** એ ક્રિયાપદમાં **ગયા** એ મુખ્ય ક્રિયાપદ છે, કારણકે ભૂતકાળમાં જવાનું થયેલું એવો અર્થ એ ક્રિયાપદ બતાવે છે; પરંતુ **હતા** એ **હો** ધાતુનું રૂપ અહીં **જા** ધાતુનું પૂર્ણ ભૂતકાળનું રૂપ બનાવવામાં મદદ કરે છે.

આ **છું** અને **હતા** એ બંને ક્રિયાપદો મુખ્ય ક્રિયાપદને મદદ કે સહાય કરનાર ક્રિયાપદ તરીકે વાક્યોમાં આવેલાં છે. મુખ્ય ક્રિયાપદને સહાય કરનારાં ક્રિયાપદો **સહાયકારી ક્રિયાપદો** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
गुरुकुल कांगड़ी

* **નોંધ** : સહાયકારી ક્રિયાપદ એ શબ્દનો અર્થ સાર્થ ગુજરાતી જોડણી-કોશમાં સહાય કરનાર ક્રિયાપદ એમ આપ્યો છે.

સંસ્કૃતમાં **સહાય** એ નરજાતિનું નામ હોઈ એનો અર્થ મદદ કરનાર કે મિત્ર એવો થાય છે, પરંતુ ગુજરાતીમાં નારીજાતિના નામ તરીકે મદદના અર્થમાં એ શબ્દ રૂઢ થઈ ગયેલો છે. તેથી સહાયકારી એટલે મદદ કરનાર એ અર્થ લઈએ, તો સહાયકારી ક્રિયાપદ પ્રયોગ ખરો ઠરે. એને બદલે શુદ્ધ સંસ્કૃત શબ્દ યોજવો હોય, તો સાહાય્યકારી એમ લખવું જોઈએ; (સંસ્કૃતમાં મદદ માટે સાહાય્ય શબ્દ છે.) પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે રૂઢિને અનુસરવાથી સરળતા થઈ પડે છે; તેથી સહાયકારી એ શબ્દનોજ પ્રયોગ કર્યો છે.

છ અને હો ધાતુ મુખ્ય ક્રિયાપદ તરીકે

૧ આ ફૂલ લાલ છે.

૨ મારો ભાઈ સ્ટેશન ઉપર હતો.

પહેલું વાક્ય વાંચો. એમાં છે એ ક્રિયાપદ કોઈ બીજા ક્રિયાપદને સહાય કરવા માટે આવ્યું છે?—ના. એ પોતેજ એકલું સ્વતંત્ર ક્રિયાપદ તરીકે આવી હોવાપણાનો અર્થ કહે છે. ફૂલના લાલ હોવાપણાનો અર્થ એ જણાવે છે. આમ એ મુખ્ય ક્રિયાપદ રૂપે આવ્યું છે.

એજ રીતે બીજા વાક્યમાં **હતો** એ ક્રિયાપદ એકલુંજ સ્વતંત્ર રીતે **મારા ભાઈનું ગઈ કાલે સ્ટેશન ઉપર હોવું** સૂચવે છે, તેથી એ મુખ્ય ક્રિયાપદ છે.

૧ તમારે આ પુસ્તક **જોઈએ?** (મુખ્ય)

૨ તમારે આ કામ કરવું **જોઈએ.** (સહાયકારી)

પહેલા વાક્યમાં **જોઈએ** એ ક્રિયાપદ સકર્મક છે, અને તે મુખ્ય ક્રિયાપદના અર્થમાં આવ્યું છે.

બીજા વાક્યમાં મુખ્ય ક્રિયાપદ **કરવું** એ છે, અને **જોઈએ** એ ક્રિયાપદ તેના સહાયકારી ક્રિયાપદ તરીકે આવ્યું છે. ફરજનો અર્થ બતાવવા મુખ્ય ક્રિયાપદ સાથે એ સહાયકારી ક્રિયાપદ તરીકે આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल काँगड़ी

૭(III)
૩૦૮૪૧

૧ તમે પાંચ ગાઉ ચાલી **શકશો ?** (સહાયકારી)

૨ અમે આ કામ જરૂર કરી **શકીશું**. (સહાયકારી)

ઉપરનાં વાક્યોમાં **શકશો** અને **શકીશું** એ ક્રિયાપદો સહાયકારી ક્રિયાપદો તરીકે વપરાયાં છે.

આમ **જોઈએ** તથા **શકવું** એ બને ક્રિયાપદો પણ સહાયકારી ક્રિયાપદ તરીકે વપરાય છે.

સ્થિતિવાચક ક્રિયાપદ

૧ રણધીર ડાહ્યો છે.

૨ ચોમાસામાં આકાશમાં વાદળાં **હોય** છે.

૩ ઈશ્વર સર્વત્ર છે.

૪ આકાશ સ્વચ્છ **નથી**.

પહેલા વાક્યમાં છે એ ક્રિયાપદ રણધીરની ડાહ્યા હોવાની સ્થિતિ બતાવે છે.

બીજા વાક્યમાં **હોય** છે એ વાદળાંનું આકાશમાં હોવાપણું બતાવે છે.

ત્રીજા વાક્યમાં છે એ ઈશ્વરનું સર્વત્ર હોવાપણું કે અસ્તિત્વ બતાવે છે.

ચોથા વાક્યમાં **નથી** એ "છે **નહિ**" નું ભેગું રૂપ છે. એ નકારના અર્થમાં, આકાશ સ્વચ્છ ન હોવાની સ્થિતિ બતાવે છે.

આ બધાં ક્રિયાપદો હયાતી કે સ્થિતિ બતાવે છે, એટલે તે **સ્થિતિવાચક ક્રિયાપદ** કહેવાય છે.

સકર્મક ક્રિયાપદ અકર્મકના અર્થમાં

૧ રમણ ચોપડી **વાંચે** છે. ૨ રમણ **વાંચે** છે.

૩ અમે પત્ર **લખીએ** છીએ. ૪ અમે **લખીએ** છીએ.

૫ ગવૈયો ભજન **ગાય** છે. ૬ ગવૈયો **ગાય** છે.

પહેલા વાક્યમાં **વાંચે** છે એ ક્રિયાપદ વાંચવાની ક્રિયા, તથા એ ક્રિયા જેની ઉપર થાય છે તે કર્મ, એમ બંનેને બતાવવા માટે વપરાયું છે. એ **સકર્મક** છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા વાક્યમાં એનું એજ ક્રિયાપદ અકર્મકના અર્થમાં આવ્યું છે. એમાં **વાંચે** છે એ ક્રિયાપદથી વાંચવાનું કાર્ય ચાલી રહ્યું છે, એવો અર્થ બતાવવાનો હેતુ છે. કઈ વસ્તુ વંચાય છે એ બતાવવાનો હેતુ નથી. આથી આ વાક્યમાં **વાંચે** છે એ મૂળ સકર્મક ક્રિયાપદ અકર્મકના અર્થમાં વપરાયું છે. આથી જણાશે કે જ્યારે માત્ર ક્રિયા બતાવવા સકર્મક ક્રિયાપદ વપરાય છે, ત્યારે તે અકર્મકના અર્થમાં આવે છે.

એજ રીતે ઉપરનાં બીજાં વાક્યોમાં (નં. ૨, ૪, ૬) સકર્મક ક્રિયાપદો અકર્મકના અર્થમાં વપરાયાં છે.

મનોયત્ન : ૫

નીચેનાં વાક્યોમાંથી મોટા અક્ષરે છાપેલાં ક્રિયાપદો **સહાયકારી, સ્થિતિવાચક,** કે **સકર્મક** હોઈ **અકર્મકના** અર્થમાં છે તે કહો :

૧ રાત્રે આકાશ સ્વચ્છ હતું.
૨ ભાઈબહેન સવારે **વાંચતાં** હતાં.
૩ તમને તમારા મિત્રમાં વિશ્વાસ નથી.
૪ નાનું બાળક પણ આ કરી શકે.
૫ તારે શું **જોઈએ** ?
૬ સવારે રોજ વહેલા ઊઠવું **જોઈએ**.
૭ સતીશ **ખાય** છે.
૮ અમે રોજ સાંજે રમીએ **છીએ**.
૯ પ્રભુ બધી જગાએ છે.
૧૦ છોડ પર ઘણાં ફૂલ છે.

મનોયત્ન : ૬

ઉપરના મનોયત્નમાં આપેલાં કયાં ક્રિયાપદો મુખ્ય છે, અને કયાં સહાયકારી છે, તે કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫

કાળના પ્રકાર

તમે આગળ ત્રણ કાળ શીખી ગયા છો: ૧ **વર્તમાન**, ૨ **ભૂત**, ૩ **ભવિષ્ય**. આ ત્રણે કાળના જે બીજા પ્રકારો છે, તે નીચે આપ્યા છે.

વર્તમાનકાળનાં બે રૂપો

૧ હું **રમું** છું.

૨ હું **રમું**.

પહેલા વાક્યમાં ક્રિયાપદનું વર્તમાનકાળનું જે રૂપ છે, તે તમે શીખી ગયા છો. એ રૂપમાં **રમ** ધાતુ સાથે છું એ સહાયકારી ક્રિયાપદનું વર્તમાનકાળનું રૂપ વપરાયેલું છે.

બીજા વાક્યમાં **રમું** એ રૂપ પણ વર્તમાનકાળનું રૂપ છે. એમાં **રમ** ધાતુની સાથે કોઈ સહાયકારી ક્રિયાપદ વપરાયું નથી. આ પ્રકારનું રૂપ ખાસ અર્થમાં વપરાય છે, અને તે આગળ કહેવાશે.

વર્તમાનકાળનાં બંને રૂપ – **રમ** ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમું—રમું છું.	અમે રમીએ—રમીએ છીએ.
૨	તું રમે—રમે છે.	તમે રમો—રમો છો.
૩	તે રમે—રમે છે.	તેઓ રમે—રમે છે.

ચાલુ વર્તમાનકાળ

૧ નટવર રોજ **રમે** છે.

૨ કિશોર હમણાં **રમે** છે.

પહેલા વાક્યમાં રમવાની ક્રિયા દરરોજ બને છે, એમ કહ્યું છે. એને માટે સાદા વર્તમાનકાળનું **રમે** છે એ રૂપ વપરાયું છે.

બીજા વાક્યમાં **રમે** છે એ ક્રિયાપદ રમવાની ચાલુ ક્રિયા દર્શાવવા વપરાયું છે. આમ બંને વાક્યોમાં ક્રિયાપદનું રૂપ એકજ હોવા છતાં, બંને જુદા જુદા અર્થ દર્શાવવા વપરાયાં છે. આ ઉપરથી માલૂમ પડશે કે ચાલુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયા બતાવવા, અને દરરોજ બનતી ક્રિયા બતાવવા માટે વર્તમાન-કાળનું એકસરખું જ રૂપ વપરાય છે.

જ્યારે ક્રિયાપદનું રૂપ વર્તમાનમાં ચાલુ ક્રિયા બતાવવા વપરાય, ત્યારે તે ક્રિયાપદનો કાળ **ચાલુ વર્તમાનકાળ** કહેવાય છે. બીજા વાક્યમાં **રમે** છે એ ક્રિયાપદ ચાલુ વર્તમાનકાળમાં છે.

[**નોંધ** : સૂરત જિલ્લામાં ચાલુ વર્તમાનકાળની ક્રિયા દર્શાવવા માટે સાદા વર્તમાનના રૂપથી જુદું જ રૂપ વપરાય છે: જેમકે : હું અત્યારે **જાઉં છું** એમ કહેવાને બદલે હું અત્યારે **જતો છું** એમ બોલાય છે. આવી રીતે જતો છું, ખાતો છું, રમતો છું, વગેરે રૂપો રોજની વાતચીતમાં ચાલુ ક્રિયા બતાવવા વપરાય છે.]

ચાલુ વર્તમાનકાળનાં રૂપ – રમ ધાતુ

[**રમ** ધાતુના વર્તમાનકાળનાં રમું છું વગેરે રૂપ જેવાંજ એ રૂપો છે.]

ભૂતકાળ અને ચાલુ ભૂતકાળ

૧ હું ત્રણ કલાક પહેલાં **જમ્યો.** ૨ અમે રોજ સવારે **જમતા.**

૩ ગઈ કાલે તમે આવ્યા, ત્યારે હું **જમતો હતો.**

પહેલા વાક્યમાં જમવાની ક્રિયા ભૂતકાળમાં થઈ છે, એમ **જમ્યો** એ રૂપ બતાવે છે.

બીજા વાક્યમાં **જમતા** એ ભૂતકાળનું રૂપ છે, અને તે ભૂતકાળમાં રોજ નિયમિત ક્રિયા બની છે, તે બતાવવા વપરાયું છે. આમ આ બંને ક્રિયાપદો ભૂતકાળ દર્શાવે છે.

હવે ત્રીજું વાક્ય વાંચો :

આવવાની ક્રિયા ક્યારે થઈ? ગઈ કાલે (ભૂતકાળમાં). તમે આવ્યા ત્યારે હું શું કરતો હતો ?—તમે આવ્યા, ત્યારે હું જમવાની ક્રિયા કરતો હતો; એટલે કે જમવાની ક્રિયા તમે આવ્યા ત્યારે ચાલુ હતી.

આમ **જમતો હતો** એ ભૂતકાળનું રૂપ ભૂતકાળમાં એક ક્રિયા થઈ હોય, ત્યારે થતી બીજી ચાલુ ક્રિયા બતાવે છે. ભૂતકાળમાં ચાલુ ક્રિયા બતાવનારા ક્રિયાપદનો કાળ **ચાલુ ભૂતકાળ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂતકાળનાં રૂપ—**રમ** ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમ્યો.	અમે રમ્યા.
૨	તું રમ્યો.	તમે રમ્યા.
૩	તે રમ્યો.	તેઓ રમ્યા.

ભૂતકાળનું બીજું રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમતો.	અમે રમતા.
૨	તું રમતો.	તમે રમતા.
૩	તે રમતો.	તેઓ રમતા.

નોંધ : આ બીજું રૂપ ભૂતકાળમાં નિયમિતપણે થતી ક્રિયા બતાવવા વપરાય છે.

ચાલુ ભૂતકાળનાં રૂપ–**રમ** ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમતો હતો.	અમે રમતા હતા.
૨	તું રમતો હતો.	તમે રમતા હતા.
૩	તે રમતો હતો.	તેઓ રમતા હતા.

ભવિષ્ય અને ચાલુ ભવિષ્યકાળ

૧ હું કાલે **લખીશ.**

૨ તમે આવશો, ત્યારે હું **લખતો હઈશ.**

પહેલા વાકયમાં લખવાની ક્રિયા આવતી કાલે ગમે ત્યારે થશે, એમ જણાવ્યું છે. એ ક્રિયા ભવિષ્યકાળની છે.

બીજું વાકય વાંચો અને કહો : એમાં **આવવાની** અને **લખવાની ક્રિયા** કયા કાળમાં બને છે ?—**ભવિષ્યકાળમાં.** એ બંને ક્રિયા ભવિષ્યકાળમાં થવાની છે.

હવે, આવવાની ક્રિયા થશે, ત્યારે લખવાની ક્રિયા થઈ ગઈ હશે કે ચાલુ હશે ?–**લખવાની ક્રિયા તે વખતે ચાલુ હશે.** એટલે ભવિષ્યમાં તમે જ્યારે આવશો, ત્યારે મારી લખવાની ક્રિયા તેજ ભવિષ્યમાં ચાલતી હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ક્રિયા ભવિષ્યમાં બને તે વખતે, બીજી કોઈ ક્રિયા ચાલુ બનતી હોય એમ બતાવવા ભવિષ્યકાળનું જે રૂપ વપરાય, તેને **ચાલુ ભવિષ્યકાળ** કહે છે.

આવશો એ સાદા ભવિષ્યકાળનું રૂપ છે; **લખતો હઈશ** એ ચાલુ ભવિષ્યકાળનું રૂપ છે.

ભવિષ્યકાળનાં રૂપ—રમ ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમીશ.	અમે રમીશું.
૨	તું રમશે.	તમે રમશો.
૩	તે રમશે.	તેઓ રમશે.

ચાલુ ભવિષ્યકાળનાં રૂપ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમતો હઈશ.	અમે રમતા હઈશું.
૨	તું રમતો હશે.	તમે રમતા હશો.
૩	તે રમતો હશે.	તેઓ રમતા હશે.

મનોયત્ન : ૭

નીચેનાં વાક્યોમાં આવેલાં ક્રિયાપદના કાળ ઓળખો :

૧ હું અત્યારે **વાંચું** છું.
૨ અમે રોજ કસરત **કરીએ છીએ**.
૩ તમે આવ્યા, ત્યારે હું **જમતો હતો**.
૪ તમે આવશો, ત્યારે હું **વાંચતો હઈશ**.
૫ જુઓ, સામેના મેદાનમાં ગોવિંદ **રમે** છે.
૬ સીતા સૂરત પહોંચી, ત્યારે વરસાદ **પડતો હતો**.
૭ અમે સૌ કાલે તમારે ત્યાં **આવીશું**.
૮ ગયે વરસે અમે તાજમહાલ જોવા **ગયેલા**.
૯ પેલા પારણામાં બાળક **ઝૂલે** છે.
૧૦ નાનપણમાં અમે રોજ નદીએ નહાવા માટે **જતા**.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૮

નીચેનાં વાક્યોની ખાલી જગ્યામાં, કૌંસમાં આપેલા ધાતુ વાપરી, યોગ્ય કાળનાં ક્રિયાપદો મૂકો :

૧ તમે આવશો તોજ હું———. (આવ)
૨ પેલું કોણ———. (રમ)
૩ હું મગનને ઘેર ગયો, ત્યારે તે———. (લખ)
૪ કાલે સૂર્ય ઊગશે, ત્યારે લશ્કર કૂચ———. (કર)
૫ હું ઘેર જઈશ, ત્યારે મારી મા———. (રાંધ)
૬ પરમ દિવસે અમે જતા હતા, ત્યારે લુહાર પૈડાની વાટ ———.(ચઢાવ)
૭ અમે ત્યાં પહોંચીશું, ત્યારે છોકરાઓ મેદાનમાં———.(ખેલ)
૮ મહેશ ખેતરે ગયો, ત્યારે મજૂરો ઘાસ———. (કાપ)
૯ આપણે પોસ્ટ ઑફિસે પહોંચીશું,ત્યારે પોસ્ટમેન કાગળ———.(ગોઠવ)
૧૦ હેમંત ઘડિયાળ લેવા ગયો, ત્યારે ઘડિયાળી ઘડિયાળ———. (સમાર)

પૂર્ણ વર્તમાનકાળ

૧ હું ચોપડીનું બીજું પ્રકરણ હમણાં **વાંચું** છું. (ચાલુ વ. કા.)
૨ મેં ચોપડીનું બીજું પ્રકરણ **વાંચ્યું** છે.
૩ મેં ચોપડીનું બીજું પ્રકરણ **વાંચેલું** છે.

પહેલા વાક્યમાં વાંચવાની ક્રિયા ક્યારે થાય છે? **અત્યારે થાય છે.** એ ક્રિયાપદ ચાલુ વર્તમાનકાળનું છે.

હવે બીજું અને ત્રીજું વાક્ય વાંચો :

એમાં વાંચવાની ક્રિયા હજી ચાલુ છે?—ના. એ ક્રિયા અત્યાર પહેલાં થોડી વાર ઉપરજ પૂરી થઈ ગઈ છે. આમ થોડા વખત પૂર્વે વાંચવાની ક્રિયા પૂરી થઈ છે, એમ જણાવવા **વાંચ્યું** છે અને **વાંચેલું** છે, એ બંને રૂપો વપરાયાં છે.

બોલતાં પહેલાં થોડા વખત પૂર્વે પૂરી થઈ ગયેલી ક્રિયા બતાવવા વર્તમાનકાળનું જે રૂપ વપરાય, તે **પૂર્ણ વર્તમાનકાળ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ વર્તમાનકાળનાં રૂપ—વાંચ ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	મેં વાંચ્યું છે. (વાંચેલું છે)	અમે વાંચ્યું છે. (વાંચેલું છે)
૨	તેં વાંચ્યું છે. (વાંચેલું છે)	તમે વાંચ્યું છે. (વાંચેલું છે)
૩	તેણે વાંચ્યું છે. (વાંચેલું છે)	તેમણે વાંચ્યું છે. (વાંચેલું છે)

નોંધ : વાંચ્યું છે ને બદલે **વાંચેલું છે** એમ પણ રૂપ થાય છે. **વાંચ્યું છે** એ રૂપ ક્રિયા થોડા વખત ઉપરજ પૂરી થઈ છે એમ બતાવે છે, અને **વાંચેલું** છે એ રૂપ ક્રિયા જરાક વધારે આગળ પૂરી થઈ ગઈ છે, એમ બતાવે છે. એ બંને પૂર્ણ વર્તમાનકાળનાં રૂપ છે.

પૂર્ણ ભૂતકાળ

૧ તમે ગઈ કાલે આવ્યા, ત્યારે હું **જમ્યો હતો.**

૨ તમે ગઈ કાલે આવ્યા, ત્યારે હું **જમેલો હતો.**

આવવાની અને જમવાની એ બંને ક્રિયા ભૂતકાળમાં થઈ છે. તમે આવ્યા ત્યારે મારી જમવાની ક્રિયા ચાલુ હતી ?—**ના, એ ક્રિયા તમે આવ્યા તે પહેલાં પૂરી થઈ ગઈ હતી,** એટલે કે તમારા આવવાની ક્રિયા ભૂતકાળમાં થઈ તે પહેલાંના ભૂતકાળમાં મારી જમવાની ક્રિયા પૂરી થઈ ગઈ હતી.

એક ભૂતકાળની ક્રિયા થાય તે પહેલાં ભૂતકાળની બીજી ક્રિયા પૂરી થઈ હોય, તે આગલી ક્રિયા બતાવવા ભૂતકાળનું જે રૂપ વપરાય, તે **પૂર્ણ ભૂતકાળ** કહેવાય છે.

આવ્યા એ ભૂતકાળનું રૂપ છે. **જમ્યો હતો** અને **જમેલો હતો** એ પૂર્ણ ભૂતકાળનાં રૂપ છે.

નોંધ : જમેલો હતો એ રૂપ **જમ્યો હતો** એ રૂપ કરતાં ક્રિયા જરાક વધારે આગળ ગઇ એમ બતાવે છે.

પૂર્ણ ભૂતકાળનાં રૂપ—રમ ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમ્યો હતો. (રમેલો હતો)	અમે રમ્યા હતા. (રમેલા હતા)
૨	તું રમ્યો હતો. ,,	તમે રમ્યા હતા. ,,
૩	તે રમ્યો હતો. ,,	તેઓ રમ્યા હતા. ,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ ભવિષ્યકાળ

૧ તમે મારે ત્યાં આવશો, તે પહેલાં મેં ચિત્ર **દોર્યું હશે.**

૨ તમે મારે ત્યાં આવશો, તે પહેલાં મેં ચિત્ર **દોરેલું હશે.**

ઉપરનાં વાકયો વાંચો; એમાં **આવવાની** અને ચિત્ર **દોરવાની ક્રિયા** ભવિષ્યકાળમાં થવાની છે એમ જણાવ્યું છે.

તમે આવવાની ક્રિયા કરશો, ત્યારે ચિત્ર પાડવાની ક્રિયા ચાલુ હશે? —**ના, એ ક્રિયા પૂરી થઈ ગઈ હશે;** એટલે કે તમે આવશો તે પહેલાં મેં ચિત્ર પાડવાની ક્રિયા પૂરી કરી હશે.

આવી રીતે ભવિષ્યકાળમાં એ ક્રિયા થવાની હોય, તે પૈકીની પહેલી પૂરી થયેલી ક્રિયા બતાવવા ભવિષ્યકાળનું જે રૂપ વપરાય, તેને **પૂર્ણ ભવિષ્યકાળ** કહે છે.

આવશો એ ભવિષ્યકાળનું રૂપ છે; **દોર્યું હશે** અને **દોરેલું હશે** એ પૂર્ણ ભવિષ્યકાળનાં રૂપ છે.

૧ સોમવાર પહેલાં મેં ચિત્ર **દોર્યું હશે.**

૨ સોમવાર પહેલાં મેં પત્ર **લખ્યો હશે.**

ઉપરનાં વાકયોમાં ક્રિયા સોમવારે બનવાની નથી. પરંતુ ભવિષ્યમાં આવનાર સોમવાર પહેલાં પૂરી થવાની છે.

આવી રીતે ભવિષ્યના કોઈ નક્કી કરેલા સમય પહેલાં જો ક્રિયા પૂરી થવાની હોય, તો તે ક્રિયા પણ પૂર્ણ ભવિષ્યકાળથી દર્શાવાય છે. આથી **દોર્યું હશે** અને **લખ્યો હશે** એ રૂપો પૂર્ણ ભવિષ્યકાળનાં છે.

નોંધ : દોરેલું હશે એ રૂપ **દોર્યું હશે** એ રૂપ કરતાં ભવિષ્યમાં જરાક વહેલી પૂરી થયેલી ક્રિયા બતાવે છે. એ બંને રૂપો પૂર્ણ ભવિષ્યકાળનાં છે.

પૂર્ણ ભવિષ્યકાળનાં રૂપ—રમ ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમ્યો હઈશ. (રમેલો હઈશ)	અમે રમ્યા હઈશું. (રમેલા હઈશું)
૨	તું રમ્યો હશે. (રમેલો હશે)	તમે રમ્યા હશો. (રમેલા હશો)
૩	તે રમ્યો હશે. (રમેલો હશે)	તેઓ રમ્યા હશે. (રમેલા હશે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૯

નીચેનાં વાક્યોમાં મોટા અક્ષરે છાપેલાં ક્રિયાપદોના કાળ ઓળખો :

૧ અમે અમારું કામ **કર્યું** છે.
૨ તમે મારે ત્યાં આવ્યા તે પહેલાં મેં મારું કામ **કર્યું** હતું.
૩ આપણે ત્યાં પહોંચીશું તે પહેલાં ગાડી **ઊપડી ગઈ** હશે.
૪ હું ફરવા નીકળ્યો તે પહેલાં સૂર્ય **ઊગ્યો** હતો.
૫ બંબાવાળા આવી પહોંચ્યા ત્યારે ઘર **બળી ગયું** હતું.
૬ તે કૂતરો એ પહેલાં કેટલાયને **કરડ્યો** હશે.
૭ ગાડી **ચાલી ગઈ** છે.
૮ સાંજ પહેલાં સુથારે કામ **કર્યું** હશે.
૯ દશ વાગ્યા પહેલાં મારા મિત્રો **આવી પહોંચ્યા** હતા.
૧૦ અમે જોયું તો તેણે ક્યારનું કામ **કરેલું** હતું.
૧૧ તેણે આ પુસ્તક તો **વાંચેલું** છે.
૧૨ ગામ પહોંચતાં પહેલાં રાત **પડી ગયેલી** હશે.

મનોયત્ન : ૧૦

૧ આપણે ત્યાં **પહોંચીશું** તે પહેલાં ગાડી **ઊપડી ગઈ** હશે.
૨ આપણે ત્યાં **પહોંચ્યા** તે પહેલાં ગાડી **ઊપડી ગઈ** હતી.

ઉપર બતાવ્યા પ્રમાણે, મનોયત્ન ૯માં આવેલાં પૂર્ણ ભૂતકાળ અને પૂર્ણ ભવિષ્યકાળવાળાં વાક્યોના કાળનાં રૂપ ફેરવી વાક્યો ફરીથી લખો.

ઇચ્છાવાચક વર્તમાનકાળ

૧ હું સોમવારે ગામ **જવાનો** છું.
૨ હજી હું **ખાવાનો** છું.

પહેલા વાક્યમાં ક્રિયાપદનું રૂપ (જવાનો છું) વર્તમાનકાળનું છે. એ ક્રિયાપદ બે અર્થ સૂચવે છે: (૧) ક્રિયા ભવિષ્યકાળમાં થવાની છે. (૨) ક્રિયાનો કર્તા ક્રિયા કરવાની ઇચ્છા રાખે છે. આ રીતે આ પ્રકારનું વર્તમાનકાળનું રૂપ ભવિષ્યમાં ક્રિયા કરવા માટેની ઇચ્છાના અર્થમાં વપરાય છે. એ **ઇચ્છાવાચક વર્તમાનકાળનું** રૂપ ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છાવાચક વર્તમાનકાળનાં રૂપ—રમ ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમવાનો છું.	અમે રમવાના છીએ.
૨	તું રમવાનો છે.	તમે રમવાના છો.
૩	તે રમવાનો છે	તેઓ રમવાના છે.

ઇચ્છાવાચક ભૂતકાળ

૧ હું ગામ જવાનો હતો.
૨ હું સવારે ખાવાનો હતો.

ઉપરનાં બંને ક્રિયાપદો ભૂતકાળમાં છે. એ રૂપો અહીં ભૂતકાળમાં ક્રિયા કરવાની ઇચ્છા અધૂરી રહેલી બતાવવા વપરાયાં છે. આવાં રૂપો **ઇચ્છાવાચક ભૂતકાળ** કહેવાય છે.

ઇચ્છાવાચક ભૂતકાળનાં રૂપ—રમ ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમવાનો હતો.	અમે રમવાના હતા.
૨	તું રમવાનો હતો.	તમે રમવાના હતા.
૩	તે રમવાનો હતો.	તેઓ રમવાના હતા.

સંશય (શંકા) વાચક ભવિષ્યકાળ

૧ હું ગામ જવાનો હઈશ.
૨ તે ખાવાનો હશે.

જવાનો હઈશ અને **ખાવાનો હશે** એ રૂપો ભવિષ્યકાળનો એક પ્રકાર સૂચવે છે.

એ રૂપો વડે ઇચ્છા બતાવી શકાતી નથી, પરંતુ ક્રિયા કરવા વિશેનો સંશય કે શંકા બતાવાય છે. પહેલા વાક્યમાં બોલનાર પોતે ગામ જવાની ક્રિયા કરશે કે નહિ, તે વિશે શંકાશીલ છે. તે કદાચ જાય કે ન પણ જાય. આમ ક્રિયા કરવા વિશેની શંકા બતાવવા માટે આ પ્રકારનાં ભવિષ્યકાળ સૂચવતાં રૂપો વપરાય છે. એ રૂપોને **સંશયવાચક ભવિષ્યકાળ** કહે છે.

સંશયવાચક ભવિષ્યકાળનાં રૂપ—રમ ધાતુ

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું રમવાનો હઈશ.	અમે રમવાના હઈશું.
૨	તું રમવાનો હશે.	તમે રમવાના હશો.
૩	તે રમવાનો હશે.	તેઓ રમવાના હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬

અપૂર્ણ રૂપવાળાં ક્રિયાપદો

ક્રિયાપદોનાં જુદા જુદા કાળનાં જુદાં જુદાં રૂપો હોય છે, એ તમે શીખી ગયા છો. પરંતુ કેટલાંક ક્રિયાપદો એવાં છે કે તેમનાં રૂપો બધા કાળમાં થઈ શકતાં નથી; તેમનાં માત્ર થોડા કાળનાં રૂપો થાય છે. એવાં ક્રિયાપદો અપૂર્ણ (રૂપવાળાં) કહેવાય છે.

અપૂર્ણ (રૂપવાળાં) ક્રિયાપદો

૧ જોઈએ, ૨ છ, ૩ હો.

જોઈએનાં થતાં રૂપો

૧	તમને આ પુસ્તક જોઈએ?	વર્તમાનકાળ
૨	મને આ ફળ જોઈએ છે.	
૩	કદાચ, તેને એ જોઈતું હોય.	વર્તમાનકાળ (સંશયના અર્થમાં
૪	જાઓ, તેને કંઈ જોઈતું હશે.	ભવિષ્યકાળ (સંશયના અર્થમાં)
૫	તેને જોઈતું હોય તો આપજો,	વર્તમાનકાળ (શરતના અર્થમાં)
૬	મજૂરને તો કામ જોઈતું હતું.	ભૂતકાળ (ઇચ્છાના અર્થમાં)
૭	જો જોઈતું હોત તો માંગત.	ભૂતકાળ (શરત તથા ક્રિયાની નિષ્ફળતાના અર્થમાં)
૮	મારે એ ભવિષ્યમાં જોઈશે.	ભવિષ્યકાળ (ઇચ્છાના અર્થમાં)

છ ધાતુ

આ ધાતુનાં માત્ર વર્તમાનકાળનાં રૂપો છે.

પુરુષ	એકવચન	બહુવચન
૧	હું છું.	અમે છીએ.
૨	તું છે.	તમે છો.
૩	તે છે.	તેઓ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો ધાતુ

આ ધાતુના નીચે બતાવેલા કાળમાં ત્રણે પુરુષ અને બંને વચનનાં રૂપો થાય છે. [નીચે માત્ર ત્રીજા પુરુષ એકવચનનાં રૂપો આપ્યાં છે.]

૧ તે હોય.	વર્તમાનકાળ (સંશયાર્થ)
૨ તે હતો.	ભૂતકાળ
૩ તે હોત.	ભૂતકાળ (ક્રિયાની નિષ્ફળતાના અર્થમાં)
૪ તે હશે.	ભવિષ્યકાળ

પ્રકરણ ૭

ક્રિયાપદના કાળ-ખાસ ઉપયોગ

વર્તમાનકાળનાં શુદ્ધ રૂપ

૧ તે રોજ ખેતરે **જાય** અને ગાય **ચરાવે**.

૨ જે **વાવે** તે **લણે**.

ઉપરનાં વાક્યોમાં **જાય**, **ચરાવે**, **વાવે** અને **લણે** એ ક્રિયાપદ વર્તમાનકાળનાં છે. એ રૂપો શુદ્ધ રૂપ પણ કહેવાય છે.

ઉપરના પહેલા વાક્યમાં **જાય** અને **ચરાવે** એ રૂપો, ક્રિયા હંમેશની ટેવ પ્રમાણે બને છે, એમ બતાવવા વપરાયાં છે.

બીજા વાક્યમાં જે જૂની કહેવત છે, તે 'જે વાવે છે તે લણે છે' એમ પણ બોલાય છે. એટલે બીજા વાક્યનાં બંને ક્રિયાપદનાં રૂપ સહાયકારી ક્રિયાપદવાળા વર્તમાનકાળને બદલે વપરાયાં છે. [વાવે=વાવે છે; લણે=લણે છે.]

વર્તમાનકાળ રજા માગવાના અર્થમાં

૧ હું ઘેર **જાઉં** કે અહીં **બેસું**?

ઉપરના વાક્યમાં **જાઉં** અને **બેસું** એ રજા માગવાને પ્રશ્ન પૂછતી વખતે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તમાનકાળ આશીર્વાદના અર્થમાં

૧ પ્રભુ તમારું રક્ષણ કરે.

અહીં કરે એ વર્તમાનકાળનું શુદ્ધ રૂપ આશીર્વાદના અર્થમાં છે.

આ રીતે વર્તમાનકાળનાં શુદ્ધ રૂપો જુદા જુદા અર્થમાં વપરાય છે.

ભૂતકાળના ખાસ ઉપયોગ

૧ તમે જમવાનું શરૂ કરો; આ હું **આવ્યો.**

આવ્યો એ ભૂતકાળનું રૂપ છે. પણ એ ભૂતકાળમાં થયેલી ક્રિયા બતાવવા વપરાયું નથી. **આવવાની** ક્રિયા તદ્દન **નજીકના ભવિષ્યમાં** થવાની છે, એમ એ બતાવે છે. આમ અહીં ભૂતકાળનું રૂપ નજીકના ભવિષ્યના અર્થમાં છે.

પૂર્ણભૂતકાળ સાદા ભૂતકાળના અર્થમાં

૧ કાલે હું બાગમાં **ગયો હતો.**

૨ ગઈ સાલ (ગયે વર્ષે) પાક સારો **થયો હતો.**

ઉપરનાં વાક્યોમાં **ગયો હતો** અને **થયો હતો** એ બંને રૂપો પૂર્ણ ભૂતકાળનાં છે. એ બંને રૂપો ભૂતકાળમાં થયેલી બે ક્રિયા પૈકીની આગલી ક્રિયા માટે વપરાયાં નથી. ફક્ત **સાદા ભૂતકાળનો અર્થ** બતાવવા એ રૂપો વપરાયાં છે.

પ્રકરણ ૮

ક્રિયાપદના અર્થ અને ઉપયોગ

તમે આગલી ચોપડીમાં ક્રિયાપદના **નિશ્ચયાર્થ, આજ્ઞાર્થ, સંશયાર્થ, વિધ્યર્થ, સંકેતાર્થ** ઓળખતાં શીખ્યા છો. હવે એ દરેકના ઉપયોગ વિશે શીખીશું.

આજ્ઞાર્થ

૧ પેલું પુસ્તક **લાવો.** (અહીં આજ્ઞા બતાવાઈ છે.)

૨ **ચોરી કરો નહિ.** (અહીં નિષેધની આજ્ઞા છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ જરાક પાણી આપો. (આપો વિનંતી બતાવે છે.)
૪ ઈશ્વરકૃપાથી સુખી રહો. (રહો એ રૂપ આશીર્વાદ બતાવવા વપરાયું છે.)
૫ પરીક્ષા માટે નિયમિત વાંચજો. (વાંચજો એ રૂપ શિખામણ બતાવવા વપરાયું છે.)
૬ તેનું સત્યાનાશ જજો. (અહીં આજ્ઞાર્થવાળું રૂપ શાપના અર્થમાં છે.)

વિધ્યર્થ

૧ હમેશાં સત્ય બોલવું.
૨ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ.

બોલવું અને રાખવો જોઈએ એ બંને ક્રિયાપદો ફરજનો અર્થ બતાવે છે, એટલે એ વિધ્યર્થનાં છે. આ પ્રકારનાં રૂપ ફરજ બતાવવા અથવા શાસ્ત્રે કરેલા વિધિ એટલે કરવા યોગ્ય, અને નિષેધ એટલે ન કરવા યોગ્ય વિશેની ફરજ બતાવવા વપરાય છે.

સંશયાર્થ

૧ તે કદાચ આવ્યો હોય.
૨ મગન ઘરમાં હોય પણ ખરો.

ઉપરનાં બંને ક્રિયાપદો સંશયનો (શંકાનો) અર્થ બતાવે છે. એવી રીતે, ક્રિયા બની છે કે નહિ, તે વિશે શંકા કે સંશય બતાવવા એ રૂપ વપરાય છે.

સંકેતાર્થ (શરત)

૧ જો તમે આવો તો મને આનંદ થશે.
૨ જો વરસાદ ન થાય તો દુકાળ પડે.

ઉપરનાં આવો અને થાય એ બે ક્રિયાપદો શરતનો અર્થ સૂચવે છે. આવી રીતે સંકેતાર્થનાં રૂપ શરત કે સંકેત બતાવવા વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાની નિષ્ફળતાના અર્થમાં

૧ ગયે વરસે વરસાદ પડયો હોત તો પાક સારો થાત.

૨ તમે દોડ્યા હોત તો ગાડી પકડાત.

પહેલા વાક્યમાં બોલનાર એમ કહેવા માગે છે કે વરસાદ પડવાની શરત પૂરી થઈ હોત, તો પાક જરૂર સારો થાત; પરંતુ એ શરત પૂરી થઈ નથી, તેથી પાક પણ નિષ્ફળ ગયો છે. એ વાક્યનો એવો અર્થ છે કે **વરસાદ પડયો નહિ તેથી પાક થયો નહિ.** આવી રીતે શરતની નિષ્ફળતાને લઈને પરિણામની નિષ્ફળતા બતાવવી હોય, ત્યારે ક્રિયાપદનું આ પ્રકારનું રૂપ વપરાય છે.

બીજા વાક્યમાં, દોડવાની શરત પૂરી થઈ શકી નહિ, તેથી ગાડી પકડી શકાઈ નહિ એમ કહેવાનો આશય છે. શરત પૂરી કરવાની ક્રિયા જો નિષ્ફળ જાય, તો પરિણામની ક્રિયા પણ નિષ્ફળ જાય છે.

નિશ્ચયાર્થ

૧ પંખી ઊડે છે.

૨ સૂર્ય રોજ સવારે ઊગે છે.

૩ તે કદી મોડો ઊઠતો નથી.

ઉપરનાં વાક્યમાં આવેલાં ક્રિયાપદોમાં જે હકીકત કહેવામાં આવી છે, તેને વિશે કોઈપણ જાતની શંકાનો અર્થ નથી; પરંતુ એ બધી ક્રિયા બને છે અથવા નથી બનતી, એમ નિશ્ચયપૂર્વક કહેવામાં આવ્યું છે. એ ક્રિયાપદો નિશ્ચયાર્થમાં છે.

મનોયત્ન : ૧૧

૧ તમે સાચું બોલો. (આજ્ઞાર્થ)

૨ તમારે સાચું બોલવું જોઈએ. (વિધ્યર્થ)

ઉપર બતાવ્યા પ્રમાણે આજ્ઞાર્થવાળું ક્રિયાપદ વિધ્યર્થમાં ફેરવીને વાક્યો લખો :

૧ તમે ગરીબને મદદ કરો.

૨ હમેશાં મોટાંને માન આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ મગન, તું નિયમિત બન.
૪ તમે દરરોજ વહેલા ઊઠો.
૫ મોટાં કહે તે ધ્યાનમાં રાખો.
૬ પ્રાણીમાત્ર ઉપર દયા રાખો.
૭ સર્વ સાથે વિનયથી વર્તો.
૮ દરરોજ પ્રાર્થના કરો.
૯ કોઈને તિરસ્કારો નહિ.
૧૦ મન મોટું રાખો.

મનોયત્ન : ૧૨

૧ બાળકો બાગમાં **રમે** છે. (નિશ્ચયાર્થ)
૨ બાળકો બાગમાં **રમતાં** પણ **હોય**. (સંશયાર્થ)
૧ હું કાલે ગામ **જઈશ**. (નિશ્ચયાર્થ)
૨ હું કાલે ગામ **જાઉં** પણ ખરો. (સંશયાર્થ)
૧ તેણે કામ **કર્યું**. (નિશ્ચયાર્થ)
૨ તેણે કામ **કર્યું** પણ હોય. (સંશયાર્થ)

ઉપર બતાવ્યા પ્રમાણે નિશ્ચયાર્થવાળાં ક્રિયાપદોનાં રૂપ સંશયાર્થમાં ફેરવીને વાક્યો ફરીથી લખો :

૧ તેઓ કાલે આવશે.
૨ અશોક પત્ર લખે છે.
૩ તેણે ખડિયો ભાંગી નાંખ્યો.
૪ અમે ઘર બાંધીશું.
૫ મારા પિતા ઘરમાં નથી.
૬ લશ્કર હારી ગયું.
૭ હજી લડાઈ ચાલે છે.
૮ વરસાદ જરૂર પડશે.
૯ તેણે ચોરી કરી હતી.
૧૦ કાલે સવારે ટપાલ જરૂર આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૩

૧ જો વરસાદ પડે, તો પાક સારો થાય. (શરતનો અર્થ)
૨ જો વરસાદ પડયો હોત, તો પાક સારો થાત. (ક્રિયાની નિષ્ફળતાના અર્થમાં)

ઉપર બતાવ્યા પ્રમાણે શરત બતાવનારાં ક્રિયાપદો નિષ્ફળતાના અર્થમાં ફેરવી વાક્યો ફરીથી લખો :

૧ જો તમે આવો, તો આપણે રમીશું.
૨ જો ઉદ્યમ કરશો, તો વિજયી થશો.
૩ જો તે મદદ કરે, તો તેને મદદ મળે.
૪ જો ધન સંઘરો, તો ઘડપણમાં મુશ્કેલી પડે નહિ.
૫ જો વરસાદ પડે, તો તે જતો અટકી જશે.
૬ જો તે વધારે પડતું ખાશે, તો માંદો પડશે.
૭ જો ખેડૂત મહેનત કરે, તો ધન મેળવે.

પ્રકરણ ૯

મૂળ અને સાધિત ધાતુ

(૧) બાળક **રમે** છે. (૨) બાળક **રમ્યું**. (૩) બાળક **રમશે**.

રમે છે, **રમ્યું** અને **રમશે** એ ક્રિયાપદોને જુદા જુદા કાળના પ્રત્યયો લાગેલા છે, તેથી તેમનાં રૂપ એકમેકથી જુદાં છે. એ બધાં ક્રિયાપદોનું મૂળ રૂપ એકજ છે; અને તે મૂળ રૂપને પ્રત્યયો લાગીને ક્રિયાપદનાં જુદાં જુદાં રૂપ બન્યાં છે. એ મૂળ રૂપ **રમ** છે. આ મૂળ રૂપને ક્રિયાપદનો ધાતુ કહે છે. આમ દરેક ક્રિયાપદનો ધાતુ હોય છે. ધાતુ મેળવવા ક્રિયાપદને આજ્ઞાર્થ બીજા પુરુષ એકવચનમાં લાવવું.

નીચે થોડા દાખલા આપ્યા છે, તેનો અભ્યાસ કરો:

ક્રિયાપદ	ધાતુ
૧ જાય છે, જશે	(તું) જા
૨ ખાશે, ખાધું	(તું) ખા
૩ આવ્યો, આવે છે	(તું) આવ
૪ દોડયો, દોડેલો	(તું) દોડ

× × ×

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	ક્રિયાપદ	ધાતુ
૧ ઘોડો દોડે છે.	દોડે છે	દોડ
૨ તે ઘોડાને દોડાવે છે.	દોડાવે છે	દોડાવ
૩ તે રમે છે.	રમે છે	રમ
૪ તે બાળકને રમાડે છે.	રમાડે છે	રમાડ

પહેલા વાક્યનું ક્રિયાપદ દોડેનો મૂળ ધાતુ દોડ છે, પરંતુ બીજા વાક્યનું ક્રિયાપદ દોડાવેનો ધાતુ દોડાવ છે. હવે દોડ અને દોડાવ એ બંને ધાતુઓ એકબીજાના સંબંધી છે. દોડાવ એ ધાતુ દોડ એ મૂળ ધાતુ પરથીજ બનાવેલો છે. દોડાવ એ મૂળ ધાતુનું રૂપ નથી, પણ મૂળ ધાતુ ઉપરથી બનાવેલા નવા ધાતુનું રૂપ છે. એજ રીતે ચોથા વાક્યમાંનો રમાડ ધાતુ મૂળ ધાતુ રમ ઉપરથી બનાવેલો છે, એટલે સાધિત કરેલો છે.

આવી રીતે મૂળ ધાતુ ઉપરથી નવા બનાવેલા ધાતુને સાધિત ધાતુ કહે છે. [સાધિત એટલે સાધેલો કે બનાવેલો.]

ધાતુને સાધિત કરવાથી તેના અર્થમાં થતો ફેરફાર

ઉપરનાં પહેલાં બે વાક્યો વાંચો :

દોડે છે એ ક્રિયાપદ અકર્મક છે, પરંતુ એ ઉપરથી સાધિત થયેલું ક્રિયાપદ દોડાવે છે એ સકર્મક છે.

આ ઉપરથી જણાશે કે અકર્મક ધાતુને સાધિત કરતાં, તે સકર્મક ધાતુ બને છે.

અકર્મક (મૂળ ધાતુ)	સકર્મક (સાધિત ધાતુ)
૧ ઊડ	ઉડાડ
૨ હસ	હસાવ
૩ રડ	રડાવ
૪ બેસ	બેસાડ
૫ પડ	પાડ
૬ મર	માર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધિત થયેલા ધાતુનું ફરીથી સાધિત રૂપ

૧ ઝાડ પડે છે. (મૂળ ધાતુ પડ)

૨ તે ઝાડ પાડે છે. (સાધિત ધાતુ પાડ)

૩ તેણે તેના નોકર પાસે ઝાડ પડાવ્યું. (ફરીથી સાધિત ધાતુ–પડાવ)

ત્રીજા વાક્યમાં પડાવ્યું એ ક્રિયાપદનો ધાતુ પડાવ છે. એ ધાતુ સાધિત થયેલા ધાતુ પાડ ઉપરથી બનેલો છે; એટલે કે મૂળ ધાતુ પડનું એ બીજી વારનું સાધિત થયેલું રૂપ છે.

તે ઝાડ પાડે છે, એ વાક્યમાં તે ઝાડને પાડવાની ક્રિયા પોતેજ કરે છે, પરંતુ ત્રીજા વાક્યમાં તે તેના નોકરને ઝાડ પાડવા માટે પ્રેરે છે; કારણકે તે પોતે ઝાડ પાડતો નથી, પરંતુ પોતાના નોકર પાસે ઝાડ પડાવે છે.

આ રીતે બીજી વાર સાધિત થયેલા ધાતુમાં (પડ – મૂળ; પાડ– સાધિત; પડાવ – બીજી વાર સાધિત) બીજાને પ્રેરવાનો અર્થ રહેલો છે, તેથી તે પ્રેરક ધાતુ કહેવાય છે.

સાધિત અને બીજી વાર સાધિત થયેલા ધાતુના અર્થ

મૂળ ધાતુ	સાધિત ધાતુ	બીજી વાર સાધિત
૧. પડ (અકર્મક)	પાડ (સકર્મક)	પડાવ (પ્રેરક)

અકર્મક ધાતુ ઉપરથી જે સાધિત રૂપ થાય છે તે સકર્મક બને છે, અને એનું બીજી વાર સાધિત થયેલું રૂપ (દા. ત. પડાવ) એ પ્રેરક અર્થનું બને છે.

સકર્મક ધાતુનું સાધિત રૂપ

૧ તે ચિત્ર દોરે છે. (દોર–ધાતુ)

૨ તે ચિત્ર દોરાવે છે. (દોરાવ–ધાતુ)

૩ તે ચિત્ર દોરાવરાવે છે. (દોરાવરાવ–ધાતુ)

દોરે ક્રિયાપદનો મૂળ ધાતુ દોર છે, અને તે ઉપરથી સાધિત થઈને દોરાવ કે દોરાવરાવ ધાતુ બનેલા છે. એ સાધિત થયેલા બંને ધાતુ પ્રેરકના અર્થમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે સકર્મક મૂળ ધાતુ ઉપરથી સાધિત થયેલો ધાતુ પ્રેરક અર્થનો બને છે. સાધિત થયેલા સકર્મક ધાતુનું બીજી વારનું સાધિત રૂપ થતું નથી.

નોંધ : ૧ અકર્મક મૂળ ધાતુનું પહેલી વારનું સાધિત રૂપ સકર્મક ધાતુ બને છે, અને બીજી વારનું સાધિત રૂપ પ્રેરક ધાતુ બને છે.

૨ સકર્મક મૂળ ધાતુનું સાધિત રૂપ પ્રેરક ધાતુ બને છે. એને બીજી વાર સાધિત કરી શકાતો નથી.

મનોયત્ન : ૧૪

નીચે આપેલા અકર્મક ધાતુ ઉપરથી સકર્મક સાધિત ધાતુ અને પ્રેરક રૂપ બનાવો:

પડ	બેસ	ખસ	દોડ	નાસ	બોલ	હાર
ઊઠ	ચાલ	રડ	નમ	તર	બળ	રમ

મનોયત્ન : ૧૫

નીચે આપેલા સાધિત ધાતુ ઉપરથી તેના મૂળ ધાતુ શોધો :

ખવડાવ	રમાડ	ફેંકાવ	ચિતરાવ	ચિતરાવડાવ
પિવડાવ	સમજાવ	સિવાડ	ખેડાવ	ખેડાવરાવ
લખાવ	કરાવ	કોતરાવ	ઉછેરાવ	બંધાવરાવ
મુકાવ	લીંપાવ	ભંગાવ	વંચાવ	નસાડ

પ્રકરણ ૧૦

સમાસ

૧ તેણે પોતાનાં **માતાપિતાને** વંદન કર્યું.

આ વાક્યમાં **માતાપિતા** એ શબ્દનો અર્થ **માતાને અને પિતાને** એવો થાય છે. એ શબ્દ બે શબ્દોનો બનેલો છે. વાક્યમાં એ એકજ શબ્દ તરીકે વપરાયો છે, અને તેથી એ આખા શબ્દને વિભક્તિનો પ્રત્યય લાગ્યો છે. એ શબ્દ **સમાસ** છે. જ્યારે બે કે તેથી વધારે શબ્દો સાથે આવે અને એક શબ્દ તરીકે વપરાય, ત્યારે એ શબ્દોનો **સમાસ** થયો કહેવાય છે.

સમાસમાં વપરાયેલા શબ્દોને જ્યારે છૂટા પાડીને તેમની વચ્ચેનો સંબંધ બતાવાય, ત્યારે સમાસનો વિગ્રહ કર્યો કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાસના પ્રકાર

દ્વન્દ્વ

સમાસ	અર્થ
ભાઈબહેન	ભાઈ **અને** બહેન
સીતારામ	સીતા **અને** રામ
પાંચસાત	પાંચ **અથવા** સાત
દશબાર	દશ **અથવા** બાર

ઉપર બતાવ્યા પ્રમાણે **ભાઈબહેન** એ સમાસનો અર્થ ભાઈ અને બહેન એવો થાય છે. **પાંચસાત** એ સમાસનો અર્થ પાંચ અથવા સાત એવો થાય છે.

આવી રીતે જ્યારે સમાસનાં પદો **અને** કે **અથવા**ના સંબંધથી જોડાયેલાં હોય, ત્યારે તે **દ્વન્દ્વ સમાસ** કહેવાય છે.

તત્પુરુષ

સમાસ	અર્થ	પ્રત્યય	વિભક્તિ
બાલજીવન	બાલનું જીવન	નું	છઠ્ઠી
રાજમહેલ	રાજાનો મહેલ	નો	છઠ્ઠી
રસપૂર્ણ	રસ વડે પૂર્ણ	વડે	ત્રીજી
ઋણમુક્ત	ઋણથી મુક્ત	થી	પાંચમી

બાલજીવન એ સમાસમાં બે પદો છે : **બાલ** અને **જીવન**. આ બે પદોમાં આગલું પદ પાછલા પદ સાથે છઠ્ઠી વિભક્તિના સંબંધથી જોડાયેલું છે. આથી બાલજીવન એટલે બાલનું જીવન એવો અર્થ થાય છે.

એજ પ્રમાણે **રસપૂર્ણ** એ સમાસમાં આગલું પદ પાછલા પદ સાથે ત્રીજી વિભક્તિના સંબંધથી જોડાયેલું છે. આ ઉપરથી જણાશે કે ઉપલા બધા સમાસોમાં આગલું પદ પાછલા પદ સાથે કોઈ ને કોઈ વિભક્તિના સંબંધથી જોડાયેલું છે. વિભક્તિનો પ્રત્યય સમાસમાં આપેલો હોતો નથી.

આવા સમાસો જેમાં આગલું પદ પાછલા પદ સાથે પહેલી સિવાયની વિભક્તિના સંબંધથી જોડાયેલું હોય છે, તે **તત્પુરુષ સમાસ** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વિભક્તિનો પ્રત્યય પૂર્વ પદને લાગે તે વિભક્તિનો તે તત્પુરુષ સમાસ કહેવાય છે.

સમાસ	અર્થ	પ્રકાર
સૂર્યવંદન	સૂર્યને વંદન	દ્વિતીયા તત્પુરુષ
હસ્તલિખિત	હાથ વડે લિખિત	તૃતીયા તત્પુરુષ
કૃષ્ણાર્પિત	કૃષ્ણને અર્પિત	ચતુર્થી તત્પુરુષ
પદભ્રષ્ટ	પદથી ભ્રષ્ટ	પંચમી તત્પુરુષ
લોકસેવા	લોકની સેવા	ષષ્ઠી તત્પુરુષ
કલાનિપુણ	કલામાં નિપુણ	સપ્તમી તત્પુરુષ

મનોયત્ન : ૧૬

નીચે આપેલા સમાસોનાં પદ છૂટાં પાડો, અને સમાસ ઓળખો :

સ્ત્રીપુરુષ	દેવાંગના	ભક્તિજ્ઞાન	વિશ્વવિખ્યાત
રાજાધિરાજ	ન્યાયાધીશ	લોકપ્રિય	ભારતભૂષણ
ગર્ભશ્રીમંત	આહારવિહાર	રાજ્યાશ્રમ	લોકવાયકા
તામ્રમુદ્રા	શરીરપ્રકૃતિ	ઉદ્યમકર્મ	દ્રવ્યભંડાર
પૃથ્વીનાથ	સૂર્યનમસ્કાર	તીર્થયાત્રા	દૂધભાત
કવિરાજ	અંગરક્ષક	પુત્રવિરહ	સૂચિપત્ર
સમરસિંહ	વિદ્યાભ્યાસ	અગ્નિદાહ	નૃત્યગીત
વૈભવવિલાસ	લોકકવિ	સંગ્રહસ્થાન	ટંટોફિસાદ
લખપતિ	સંકલ્પવિકલ્પ	નદીનાળાં	ઇશ્વરકૃપા
હર્ષનાદ	રામલક્ષ્મણ	પશુપંખી	કૌરવપાંડવ

મધ્યમપદલોપી

સમાસ	અર્થ
આગગાડી	આગથી (ચાલતી) ગાડી
દહીંવડાં	દહીંમાં (આથેલાં) વડાં

ઉપરના સમાસો અને તેના અર્થો વાંચો. તમને માલૂમ પડશે કે સમાસનો અર્થ સમજવાને આપણે બે પદો વચ્ચે એક પદ ઉમેરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે છે. આગગાડી એ સમાસનો અર્થ સમજવાને તેમાં ચાલતી એ પદ, અને દહીંવડાં એ સમાસમાં આથેલાં એ પદ ઉમેરવું પડે છે. આમ કેટલીક વાર સમાસમાં મધ્યમ એટલે વચલું પદ જતું રહેલું હોય છે, એટલે તેનો લોપ થયો હોય છે. આવા સમાસને તેમાંના **મધ્યમ પદનો લોપ** થયેલો હોવાથી **મધ્યમપદલોપી સમાસ** કહે છે.

કર્મધારય

સમાસ	અર્થ
૧ મહાપુરુષ	મોટો પુરુષ
૨ દિવ્યનેત્ર	દૈવી શક્તિવાળું નેત્ર

ઉપરના સમાસમાં પહેલું પદ વિશેષણ છે, અને બીજું પદ નામ છે. મહા એટલે મોટો; મહાપુરુષ એટલે **મોટો પુરુષ.** એજ રીતે દિવ્ય એટલે દૈવી શક્તિવાળુ; દિવ્યનેત્ર એટલે દૈવી શકિતવાળું નેત્ર.

આ રીતે સમાસમાં જ્યારે પહેલું પદ વિશેષણ હોય, અને બીજું પદ તેનું વિશેષ્ય હોય, ત્યારે એ સમાસ **કર્મધારય** કહેવાય છે. આ સમાસનાં પદો વચ્ચે વિશેષણ–વિશેષ્ય જેવો સંબંધ હોય છે.

કર્મધારયનો બીજો પ્રકાર

નીચે જણાવેલા સમાસોની ગણતરી પણ કર્મધારય સમાસમાં થાય છે, કારણકે અહીં એક નામ બીજા નામના વિશેષણ રૂપે આવેલું છે.

સમાસ	અર્થ
૧ હસ્તકમળ	હસ્ત રૂપી કમળ
૨ ચંદ્રમુખ	ચંદ્ર જેવું મુખ

આ પ્રકારના કર્મધારયમાં એક પદને બીજા પદ સાથે સરખાવ્યું હોય છે.

દ્વિગુ

સમાસ	અર્થ
ચાતુર્માસ	ચાર માસનો સમૂહ
ત્રિકોણ	ત્રણ કોણનો સમૂહ
ચોપાઈ	ચાર પાઈ (પદ)નો સમૂહ (એક છંદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરના સમાસોમાં પહેલું પદ સંખ્યાવાચક વિશેષણ છે, અને બીજું પદ નામ છે. એ આખો સમાસ સમુચ્ચય કે સમૂહનો અર્થ દર્શાવે છે. ચાતુર્માસ એટલે ચાર માસનું જૂથ કે સમૂહ; ત્રિકોણ એટલે ત્રણ ખૂણાનો સમૂહ. ચોપાઈ એટલે ચાર ચરણનો સમૂહ.

જે સમાસમાં પ્રથમ પદ સંખ્યાવાચક વિશેષણ હોય, અને બીજું પદ નામ હોય, અને આખો સમાસ સમૂહનો અર્થ બતાવે તે સમાસ **દ્વિગુ સમાસ** કહેવાય છે.

બહુવ્રીહિ

સમાસ	અર્થ
નીલકંઠ	નીલ કંઠવાળા (મહાદેવ)
દશાનન	દશ મોંવાળો (રાવણ)
ચક્રપાણિ	જેના હાથમાં ચક્ર છે તે (વિષ્ણુ)
કપિધ્વજ	કપિ જેના ધ્વજમાં છે તે (અર્જુન)

નીલકંઠ એ સમાસમાં પહેલું પદ વિશેષણ છે અને બીજું પદ નામ છે. એ બંને પદો મળીને થયેલો આખો સમાસ મહાદેવ એ નામનું વિશેષણ બન્યો છે. અહીં નીલકંઠ એટલે **નીલ કંઠવાળા**; એજ રીતે દશાનન એટલે **દશ મોંવાળો** એવો અર્થ થાય છે.

ચક્રપાણિ તથા કપિધ્વજ એ બંને સમાસોમાં બંને પદ નામ છે, અને એ દરેક સમાસ બીજા નામના વિશેષણ તરીકે આવ્યો છે.

આમ જે સમાસમાં પહેલું પદ નામ કે વિશેષણ હોય અને બીજું પદ નામ હોય, અને એ આખો સમાસ બીજા કોઈ નામના વિશેષણ રૂપ હોય, ત્યારે તે સમાસ **બહુવ્રીહિ** કહેવાય છે.

કર્મધારય અને બહુવ્રીહિ વચ્ચેનો ભેદ

સમાસ	અર્થ	પ્રકાર
નીલકંઠ	ભૂરો કંઠ	કર્મધારય
નીલકંઠ (મહાદેવ)	ભૂરા કંઠવાળા	બહુવ્રીહિ
શ્યામવર્ણ	શ્યામ રંગ	કર્મધારય
શ્યામવર્ણ (પુરુષ)	શ્યામ રંગનો	બહુવ્રીહિ

આ ઉપરથી જણાશે કે કર્મધારય સમાસ બીજા કોઈ નામનું વિશેષણ બનતો નથી, પણ આખો બહુવ્રીહિ સમાસ વિશેષણ બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવ્યયીભાવ

૧ મેં એ **પ્રત્યક્ષ** જોયું. (પ્રતિ + અક્ષ = આંખ આગળ)

૨ તમે **યથામતિ** કરજો. (યથા + મતિ = મતિ પ્રમાણે)

ઉપરનાં વાકયોમાં **પ્રત્યક્ષ** અને **યથામતિ** એ ક્રિયાવિશેષણ તરીકે વપરાયાં છે. એ સમાસોમાં પહેલું પદ અવ્યય છે; ' પ્રત્યક્ષ 'માં **પ્રતિ** અને ' યથામતિ 'માં યથા આ પદોનાં રૂપ ગમે તે પદ સાથે એજ રૂપે રહે છે, એટલે એ અવ્યય છે. એ સમાસમાં બીજું પદ નામ છે; જેમકે, અક્ષ અને મતિ.

એવી રીતે સમાસમાં જ્યારે પહેલું પદ અવ્યય હોય અને બીજું પદ નામ હોય, અને આખો સમાસ અવ્યય બની ક્રિયાવિશેષણ તરીકે આવે, ત્યારે તેને **અવ્યયીભાવ** સમાસ કહે છે.

અવ્યયીભાવના દાખલા

સમાસ	અર્થ
આજન્મ	જન્મથી માંડીને
હરરોજ	રોજરોજ
યથાશક્તિ	શકિત પ્રમાણે
યથાક્રમ	ક્રમ પ્રમાણે

મનોયત્ન : ૧૭

નીચે આપેલા સમાસો ઓળખો અને તેનાં પદ છૂટાં પાડો :

ક્રોધાગ્નિ	અઠવાડિયું	મહાત્મા	પંચવટી	અષ્ટકોણ	ગેરઆબરૂ
પરમેશ્વર	ગુપ્તવાસ	કલહપ્રિય	ત્રિલોક	પચરંગી	સદ્બુદ્ધિ
મહારાજા	સત્યવ્રત	દ્વિદલ	સૈન્યસાગર	પુણ્યાત્મા	મહારાષ્ટ્ર
ચોમાસું	મહાસાગર	નવધાન્ય	દિવ્યદૃષ્ટિ	સપ્તર્ષિ	ચતુર્ભુજ
શ્યામવર્ણ	મહાવિદ્યાલય	ત્રિકાલ	ત્રિનેત્ર	ગજાનન	ચતુર્મુખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧

પૂર્વગ

ધર્મ — અધર્મ	અ + ધર્મ
અર્થ — અનર્થ	અન્ + અર્થ
અંત — અનંત	અન્ + અંત
આબરૂ — બેઆબરૂ	બે + આબરૂ

ધર્મ શબ્દની આગળ **અ** લાગીને અધર્મ શબ્દ બને છે. **અધર્મ** શબ્દનો અર્થ **ધર્મથી વિરુદ્ધ** એવો થાય છે. આ ઉપરથી જણાશે કે **અ** વિરુદ્ધતાનો કે ઊલટો અર્થ બતાવે છે. એજ પ્રમાણે **અર્થ** શબ્દની આગળ **અન્** આવી એનાથી વિરુદ્ધ અર્થ બતાવનાર શબ્દ બનાવે છે. **આબરૂ** શબ્દની આગળ **બે** આવીને આબરૂથી ઊલટો અર્થ બતાવનાર શબ્દ **બેઆબરૂ** બનાવે છે.

આ રીતે નામની, વિશેષણની, ધાતુની તથા ધાતુમાંથી બનેલા શબ્દોની આગળ આવીને તેના અર્થમાં ફેરફાર કરે છે તે પૂર્વગ કહેવાય છે. [પૂર્વ= આગળ, ગ=જાય છે (આવે છે). પૂર્વગ એટલે જે આગળ આવે છે તે]

નીચે પ્ર આદિ (પ્ર જેની શરૂઆતમાં છે તેવા પૂર્વગો) પૂર્વગો સામે તેના અર્થ અને દાખલા આપ્યા છે, તેનો અભ્યાસ કરો :

પૂર્વગ	અર્થ	દાખલા
પ્ર	૧ અતિશય, ઘણો	પ્રલોભ (ઘણો લોભ)
	૨ આગળ	પ્રગતિ, પ્રવાહ
પરા	વિરુદ્ધ, ઊલટું	પરાભવ (ભવ (જય)થી વિરુદ્ધ)
અપ	૧ ખરાબ, ખોટું	અપયશ, અપવચન, અપમાન
સમ	૧ સાથે	સંગીત (વાદ્ય સાથેનું ગાયન)
	૨ પુષ્કળ	સંશોધન, સંતોષ
અનુ	૧ પાછળ	અનુયાયી (પાછળ જનાર)
	૨ સમાન, જેવું	અનુવાદ, અનુવર્તન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વગ	અર્થ	દાખલા
અવ	૧ નીચે	અવલોકન (નીચે જોવું તે)
	૨ ખરાબ, ઊલટું	અવદશા (ખરાબ દશા)
નિસ્ કે નિર્	વિનાનું	નિર્ધન, નીરવ, નિરંતર
દુષ્ કે દુર્	૧ દુષ્ટ, ખરાબ	દુર્વાસના, દુષ્કર્મ, દુર્વચન
	૨ મુશ્કેલ	દુર્જય, દુર્ભેદ્ય
વિ	૧ વિશેષ	વિખ્યાત, વિજય, વિદ્વેષ
	૨ વિનાનું	વિરાગ, વિફળ
આ	૧ મર્યાદાવાચક	આમરણ (મરણ સુધી)
		આબ્રહ્મચર્ય (બ્રહ્મચર્યથી માંડીને)
	૨ ઊલટું	આયાત (ગયેલાથી ઊલટું) (આવક)
	૩ આસપાસ	આવૃષ્ટિ (આસપાસ વૃષ્ટિ)
		આવરણ (આસપાસ ઢાંકવું તે)
	૪ ઊંચે	આરોહણ (ઊંચે ચઢવું તે)
નિ	૧ નીચે	નિમગ્ન
	૨ સારી પેઠે	નિયંતા (સારી પેઠે નિયમમાં રાખનાર)
અધિ	ઉપર	અધિરાજ, અધિદૈવ
અતિ	૧ અત્યંત	અતિશય, અતિદૂર
	૨ પેલી બાજુ	અતીત (અતિ+ઇતિ–પાર ગયેલો)
		અતિમાનવ (દૈવી)
સુ	૧ સારું	સુદર્શન, સુપુત્ર, સુવાસ
	૨ સહેલાઈથી	સુપ્રાપ્ય
	૩ ઘણું	સુદૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વગ	અર્થ	દાખલા
ઉદ્	૧ ઊંચે	ઉત્પત્તિ, ઉત્કંઠા
અભિ	૧ તરફ	અભ્યાગત (પાસે આવેલો), અભિરુચિ (અમુક તરફ રુચિ)
	૨ અતિશય	અભિમાન, અભિલાષ
પ્રતિ	૧ ઊલટું	પ્રતિપક્ષી, પ્રતિવાદી
	૨ દરેક	પ્રતિક્ષણ
પરિ	૧ ચારે બાજુ	પરિસીમા (ચારે બાજુની સીમા) પરિભ્રમણ
	૨ પુષ્કળ	પરિશ્રમ, પરિપાક
ઉપ	૧ પાસે	ઉપયોગ, ઉપસર્ગ
	૨ નાનું	ઉપશાસ્ત્ર, ઉપસાગર, ઉપવસ્ત્ર
	૩ નહિ	ઉપેક્ષા

ઉપર જે પૂર્વગો આપ્યા છે તેને સંસ્કૃતમાં **ઉપસર્ગ** એવું વિશેષ નામ પણ આપ્યું છે. બીજા પૂર્વગો ઉપસર્ગ કહેવાતા નથી. ઉપસર્ગો ફક્ત ધાતુ અને તેના ઉપરથી થયેલાં પદો આગળ આવે છે.

અન્ય પૂર્વગો

પૂર્વગ	અર્થ	શબ્દ
અ	નહિ	અસત્ય, અદૃષ્ટ, અગમ્ય
અન્	નહિ	અનિચ્છા, અનાવૃષ્ટિ
કુ	ખરાબ	કુટેવ, કુપુત્ર
અન્તર્	અંદર	અન્તઃપ્રવેશ, અન્તર્યામી
બહિર્	બહાર	બહિષ્કાર, બહિર્ગમન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વગ	અર્થ	શબ્દ
ચિરમ્	લાંબું	ચિરસ્થાયી, ચિરાયુ (લાંબું આયુષ્ય
દિવા	દિવસ	દિવાસ્વપ્ન, દિવાસળી (પ્રકાશ કરનારી સળી) (દીવાસળી)
પુરસ્	આગળનું	પુરોવર્તી (આગળ આવેલું) પુરોચન (પુસ્તકની શરૂઆતમાં લખેલા બે બોલ)
સ કે	૧ સાથે	સસ્નેહ, સહવાસ
સહ	૨ સરખું	સપ્રમાણ (સરખું પ્રમાણ) સમાન (સરખું માપ જેનું છે તે)
અધઃ	નીચે	અધઃકાય, અધઃપતન (નીચે પડવું તે) અધોગતિ (નીચે ગતિ)
પુનર્	ફરીથી	પુનર્લગ્ન (ફરીથી થયેલું લગ્ન) પુનર્જન્મ (ફરીથી થયેલો જન્મ)
ન	વિનાનું, નહિ	નગણું (ગુણ વિનાનું) નકામું (કામનું નહિ તે)

ગુજરાતી પૂર્વગો

પૂર્વગ	અર્થ	શબ્દ
અણ (અન્)	નહિ	અણગમો, અણવિશ્વાસ
ક (કુ)	ખરાબ	કપૂત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફારસી પૂર્વગો

પૂર્વગ	અર્થ	શબ્દ
બે	ગેલદું, વિનાનું	બેકાર, બેઇજ્જત, બેઇલાજ
ના	નહિ	નારાજ, નાવાકેફ
કમ	૧ ઓછું	કમઅક્કલ, કમખરચાળ
	૨ ખરાબ	કમજબાન, કમજાત
હર	દરેક	હરદમ, હરસાલ, હરેક
બદ	ખરાબ	બદચાલ, બદનસીબ, બદબખ્ત
સર	૧ માથું	સરજેરી (માથાવટ થવું)
	૨ મુખ્ય	સરનશીન (મુખ્ય બેસનાર, સભાપતિ)

અરબી પૂર્વગો

પૂર્વગ	અર્થ	શબ્દ
લા	નહિ	લાદાવા (નદાવો)
ગેર	નહિ	ગેરખુશી (નાખુશી), ગેરમાહિત
	ખરાબ	ગેરબંદોબસ્ત, ગેરરસ્તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨

શબ્દ–અભ્યાસ (વ્યુત્પત્તિની દૃષ્ટિએ)

ગુજરાતી, મરાઠી, હિંદી, બંગાળી વગેરે ભાષાઓનું મૂળ સંસ્કૃતમાં છે, અને તેથી એ બધી ભાષાઓ સ્વરૂપમાં એક બીજીને મળતી આવે છે. એ દરેક ભાષામાં શુદ્ધ સંસ્કૃત તથા તે ઉપરથી રૂપાંતર પામેલા શબ્દો સામાન્ય હોય છે એટલુંજ નહિ, પણ એ બધી ભાષાઓ વ્યાકરણમાં પણ એક બીજીને મળતી આવે છે. દક્ષિણ હિંદની તામિલ, તેલુગુ, મલયાલમ અને કાનડી એ ભાષાઓનું મૂળ સંસ્કૃતમાં નથી, પરંતુ આર્ય લોકો હિંદમાં આવ્યા તે પહેલાં હિંદના અસલ વતનીઓની જે દ્રાવિડી ભાષા હતી તે ઉપરથી એ બધી ભાષાઓ ઊતરી આવેલી છે. જો કે એ દરેક ભાષામાં આર્યોના સમાગમને લઈને સંસ્કૃત ભાષાના અનેક શબ્દો પ્રવેશ પામ્યા છે.

આપણી ગુજરાતી ભાષાનો શબ્દભંડોળ તપાસીએ તો જણાશે કે નીચે જણાવેલી જુદી જુદી ભાષામાંથી ઊતરી આવેલા શબ્દો વપરાય છે.

શુદ્ધ સંસ્કૃત શબ્દો

નીતિ, સત્ય, અધર્મ, રજની, વૃષ્ટિ, છાયા, બુદ્ધિ.

આવા શુદ્ધ સંસ્કૃત શબ્દોને **તત્સમ** શબ્દો કહે છે. તત્સમ એટલે તેના સમાન–મૂળ સંસ્કૃત શબ્દો જેવા.

સંસ્કૃત શબ્દો ઉપરથી રૂપાંતર પામેલા શબ્દો

ગુજરાતી	સંસ્કૃત
આંખ	અક્ષિ
નેણ	નયન
ભોંય	ભૂમિ
મોં	મુખ
કોયલ	કોકિલ
બહેન	ભગિની
માટી	મૃત્તિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા રૂપાંતર પામેલા શબ્દોને તદ્ભવ શબ્દો કહે છે. **તદ્ભવ** એટલે તેમાંથી (સંસ્કૃતમાંથી) ઉદ્ભવેલા.

ફારસી ભાષાના શબ્દો

જાન, જર, જબાન, ઝેર (જહ્ર), મજૂર (મઝદૂર).

અરબી શબ્દો

અમલ (અમ્લ), હુકમ (હુકમ), ઇલમ (ઇલ્મ), કિતાબ, કબૂલ.

આ શબ્દો મુસલમાનોના સમાગમ પછી આપણી ભાષામાં દાખલ થયા છે. તેવીજ રીતે યુરોપના વતનીઓના સમાગમ પછી મુખ્યત્વે અંગ્રેજી ભાષાના શબ્દો આપણી ભાષામાં ખૂબ પ્રચાર પામ્યા છે. જેમકે, સ્ટેશન, ટેબલ, ટિકિટ, પેન્સિલ, પેન વગેરે.

આમ સંસ્કૃત તથા પરભાષાના શબ્દો ઉપરાંત આર્ય લોકો આ દેશમાં આવ્યા તે પહેલાં હિંદના જુદા જુદા ભાગમાં બોલાતી તળપદી બોલીઓ કે ભાષામાંથી કેટલાક શબ્દો પ્રવેશ પામ્યા છે. તે શબ્દો **દેશ્ય** કે **દેશજ** કહેવાય છે.

ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ

જેમ જેમ વખત જાય તેમ તેમ ભાષાના ઉચ્ચારણમાં અને વ્યાકરણમાં ફેરફાર થતો જાય છે એટલુંજ નહિ, પણ પરભાષાના શબ્દો પણ મૂળ ભાષામાં પ્રવેશ પામે છે. આ નિયમેજ વેદની સંસ્કૃત ભાષા, અને જેમાં રામાયણ કે મહાભારત લખાયાં છે તે સમયની સંસ્કૃત ભાષાના બંધારણમાં, વ્યાકરણમાં અને શબ્દોના સ્વરૂપમાં ફરક માલુમ પડશે. સામાન્ય લોકો વ્યાકરણ અને ઉચ્ચારણમાં છૂટછાટ લેતા જાય તેમ તેમ ભાષા બગડતી જાય, કહો કે ફેરફાર પામતી જાય છે. એજ કારણે એક વારની શુદ્ધ સંસ્કૃત ભાષા તે પંડિતોની કે શાસ્ત્રની ભાષા રહી ગઈ, અને ફેરફાર પામતી સામાન્ય જનોની ભાષા તે પ્રાકૃત ભાષા બની રહી. હિંદના જુદા જુદા ભાગમાં પાલી, માગધી, અર્ધમાગધી, શૌરસેની, મહારાષ્ટ્રી વગેરે પ્રાકૃત ભાષાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાતી હતી. બૌદ્ધ ધર્મના મૂળ ગ્રંથો પાલીમાં અને જૈનગ્રંથો અર્ધ-માગધીમાં લખાયા છે. વખત જતાં એ પ્રાકૃત ભાષાનાં ઉચ્ચારણ અને વ્યાકરણમાં ફેરફાર થતો ગયો, અને તેમાંથી જે ભાષાઓ જન્મી તે અપભ્રંશ કહેવાઈ. આપણી ગુજરાતી એ શૌરસેની પ્રાકૃતમાંથી જન્મેલા નાગર નામના અપભ્રંશમાંથી ઉત્પન્ન થયેલી છે એમ કહેવાય છે. આજના ગુજરાતી તદ્ભવ શબ્દો રૂપાંતર પામીને બન્યા છે, તેનો આછો ખ્યાલ નીચેના કેટલાક દાખલાઓ ઉપરથી સમજાશે.

સંસ્કૃત	પ્રાકૃત	ગુજરાતી
ભૂમિ	ભૂંઈ	ભોંય
મુખ	મુંહ, મોહ	મોં
મૃત્તિકા	મટ્ટિઆ	માટી
કોકિલ	કોઇલ	કોયલ
ભગિની	ભઇણી, બહિણી	બહેન
નિમ્બક	નિંબુઓ	લીમડો

અહીં બધા ફેરફારો આપ્યા નથી, પરંતુ જે રૂપો આપ્યાં છે તે ઉપરથી સમજાશે કે બધા ફેરફારો ઉચ્ચારશાસ્ત્રના નિયમેજ થાય છે, અને આજના તદ્ભવ શબ્દોનું મૂળ અને તેનો વિકાસક્રમ વિદ્વાનો ઉચ્ચારણશાસ્ત્રના નિયમને આધારે બતાવી શકે છે.

આમ અસલ ભાષામાંથી ફેરફાર કે રૂપાંતર પામીને શબ્દ કેવી રીતે બન્યો કે વ્યુત્પન્ન થયો તે બતાવવું, તેને વ્યાકરણમાં વ્યુત્પત્તિ કરવી કહે છે.

તમારે એ આખો વિકાસક્રમ જાણવાનો નથી, પરંતુ આજના શબ્દોનું મૂળ કઈ ભાષામાં છે તે જાણવું બસ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત	ગુજરાતી
ધર્મ	ધરમ
અર્ધ	અડધું
સત્ય	સાચું

ઉપર સંસ્કૃત શબ્દોની સામે તેના ઉપરથી ઊતરી આવેલા કે બનેલા ગુજરાતી શબ્દો આપ્યા છે. તે પ્રમાણે નીચે આપેલાં સંસ્કૃત ક્રિયાપદો ઉપરથી ઊતરી આવેલાં ગુજરાતી ક્રિયાપદો અને નામોનો અભ્યાસ કરો:

૧

સંસ્કૃત ક્રિયાપદ	ગુજરાતી ક્રિયાપદ	ગુજરાતી નામ
૧ ઉજ્જ્વલ્	અજવાળવું	અજવાળું
૨ અંક્	આંકવું	આંકણી
૩ ચર્ (જવું)	આચરવું	આચરણ, આચાર
૪ અંજ્	આંજવું	આંજણ
૫ ઇશ્ (ઇચ્છ્)	ઇચ્છવું	ઇચ્છા
૬ ઉગ્-ચ્	ઊંચકવું	ઊંચાઈ, ઊંચકનાર
૭ ઉલ્લંઘ્	ઓળંગવું	ઓળંગનાર, ઉલ્લંઘન
૮ કૃ	કરવું	કાર્ય, કરનાર
૯ કથ્	કહેવું	કહેણ, કહેવત
૧૦ કંપ્	કાંપવું	કંપારો
૧૧ ખન્	ખણવું	ખાણ
૧૨ ક્ષમ્	ખમવું	ખમ્મા (ક્ષમા)
૧૩ ખંડ્	ખાંડવું	ખાંડણી
૧૪ ગણ્	ગણવું	ગણતરી, ગણિત, ગણોત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત ક્રિયાપદ	ગુજરાતી ક્રિયાપદ	ગુજરાતી નામ
૧૫ ગર્જ્	ગાજવું	ગર્જન, ગર્જના
૧૬ ગ્રંથ્	ગાંઠવું, ગૂંથવું	ગાંઠ, ગૂંથણ
૧૭ ચલ્	ચાલવું, ચાળવું	ચાલ, ચલણ, ચાળણો
૧૮ ચુર્	ચોરવું	ચોરી, ચોર, ચોટાઈ
૧૯ જાગૃ	જાગવું	જાગરણ
૨૦ યાચ્	જાચવું	જાચક
૨૧ જ્ઞા	જાણવું	જાણ
૨૨ ત્યજ્	તજવું	તજનાર, ત્યાગ
૨૩ તપ્	તપવું	તપ, તાપ, તાપણી, તપેલી
૨૪ દંડ્	દંડવું	દંડ, દાંડી
૨૫ દહ્	દાઝવું	દાઝ, દાહ
૨૬ દીપ્	દીપવું	દીવો, દિવેલ, દિવાળી
૨૭ નૃત્	નાચવું	નાચ, નૃત્ય
૨૮ સ્ના	નાહવું	નાવણ, સ્નાન
૨૯ પઠ્	પઢવું	પાઠ, પાઠક
૩૦ પરીક્ષ્(પરિ+ઈક્ષ્)	પરખવું, પારખવું	પરીક્ષા, પરીખ, પારેખ
૩૧ પૂજ્	પૂજવું	પૂજા, પૂજન
૩૨ પુષ્	પોષવું	પોષણ
૩૩ ભજ્	ભજવું	ભજન
૩૪ મિલ્	મળવું, મેળવવું	મેળો, મેળ, મેળાપ
૩૫ રુદ્	રડવું	રુદન, રડ, રાવ
૩૬ શિક્ષ્	શીખવું, શીખવવું	શિખામણ, શીખ
૩૭ સિંચ્	સીંચવું	સીંચણ
૩૮ શ્રુ	સુણવું	સુનાવણી, શ્રવણ
૩૯ હસ્	હસવું	હાસ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે છેલ્લા ખાનામાં ક્રિયાપદ નહિ એવા ગુજરાતી શબ્દો આપ્યા છે. એમાંના કેટલાક સંસ્કૃત, કેટલાક ફારસી અને કેટલાક અરબી ભાષામાંથી ઊતરી આવેલા છે. એ દરેક ગુજરાતી શબ્દનો સંબંધી શબ્દ તેની સામે જુદી જુદી ભાષાના ખાનામાં આપ્યો છે; તેનો અભ્યાસ કરો:

સંસ્કૃત	ફારસી	અરબી	ગુજરાતી
—	—	અકલ	અક્કલ
અગમ્ય	—	—	અગમ
એકાદશી	—	—	અગિયારશ
અંગરક્ષક	—	—	અંગરખો
—	—	અજાએબ	અજબ
અર્ધ	—	—	અડધું, અરધું
—	—	અદાલત	અદાલત
—	—	અદાવત	અદાવત
—	—	અમાનત	અનામત
—	—	અર્જ	અરજ
—	આવાજ	—	અવાજ
અશ્રુ	—	—	આંસુ
—	આબ્રુ	—	આબરૂ
—	આબાદ	—	આબાદ
—	આબોહવા	—	આબોહવા
આરામ	આરામ	—	આરામ
—	—	ઇજ્જત	ઇજ્જત
—	—	ઇન્સાફ	ઇન્સાફ
ઉદ્યાન-ઔદ્યાની (બાગ)	—	—	ઉજાણી
ઉષ્ણકાળ	—	—	ઉનાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત	ફારસી	અરબી	ગુજરાતી
ઉત્સવ	—	—	ઓચ્છવ
—	—	કદ્ર	કદર
—	—	કસ્રત	કસરત
—	—	કિસ્મત	કિસ્મત
કૂપ	—	—	કૂવો
કટિ	—	—	કેડ
ક્ષમા	—	—	ખમા
—	ખુશામદ	—	ખુશામત
—	—	કુર્સી	ખુરશી
ગુહા	—	—	ગુફા
ગૃહ	—	—	ઘર
ગ્રાહક	—	—	ઘરાક
ચાતુર્માસ	—	—	ચોમાસું
—	જખ્મ	—	જખમ
યશ	—	—	જશ
જીર્ણ	—	—	જૂનું
જ્યેષ્ઠ	—	—	જેઠ
—	જહ્ર	—	ઝેર
દંભ	—	—	ઢોંગ
—	—	તમાશા	તમાશો
તડાગ	—	—	તળાવ
—	દર્યા	—	દરિયો
દંત	—	—	દાંત
દુર્બલ	—	—	દૂબળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃત	ફારસી	અરબી	ગુજરાતી
નિઃશ્વાસ	—	—	નિસાસો
નયન	—	—	નેણ
સ્પર્શમણિ	—	—	પારસમણિ
પૂર્ણિમા	—	—	પૂનમ
—	—	ફર્જ	ફરજ
—	ફાનૂસ	—	ફાનસ
બંધુ	—	—	ભાંડુ
—	મઝદૂર	—	મજૂર
—	મર્દ	—	મરદ
—	—	મિલકત	મિલકત
—	—	મુશ્કિલ	મુશ્કેલ
—	મયદાન	—	મેદાન
મયૂર	—	—	મોર
અરણ્ય	—	—	રાન
લવણ	—	—	લૂણ
—	—	વકીલ	વકીલ
—	શિકાર	—	શિકાર
શીતકાળ	—	—	શિયાળો
અધુના	—	—	હમણાં
—	—	અહ્વાલ	હેવાલ
હૃદયમ્	—	—	હૈયું

નોંધ : ફારસી, અરબી શબ્દો ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ બહાર પાડેલા ગુજરાતી-ફારસી-અરબી શબ્દકોશને આધારે આપ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩

પદચ્છેદ

તમે બીજા પુસ્તકમાં પદચ્છેદ કેમ કરવો તે શીખી ગયા છો, છતાં પદચ્છેદને લગતું કોષ્ટક નીચે ફરી અભ્યાસ માટે આપ્યું છે.

કોષ્ટક

પદ	શું આપવું
૧ નામ	પ્રકાર, જાતિ, વિભક્તિનો સંબંધ, વચન, કર્તા કે કર્મ તરીકે સંબંધ
૨ સર્વનામ	નામ પ્રમાણે
૩ ક્રિયાપદ	પ્રકાર, ધાતુ, કાળ–અર્થ, પુરુષ–વચન, જાતિ, પ્રયોગ, કર્તા અને કર્મ
૪ કૃદંત	પ્રકાર, જાતિ, વચન, સંબંધ
૫ વિશેષણ	પ્રકાર, વિશેષ્ય
૬ ક્રિયાવિશેષણ	પ્રકાર, સંબંધ
૭ ઉદ્ગારવાચક પદ	ઉદ્ગારનો પ્રકાર
૮ ઉભયાન્વયી પદ	શબ્દ કે વાક્ય સાથે સંબંધ
૯ નામયોગી પદ	નામ કે સર્વનામ સાથે સંબંધ

૧. બાળક દોડતું હતું; તે એકાએક પડી ગયું.

બાળક— સામાન્ય નામ, નાન્યતરજાતિ, પહેલી વિભક્તિનું એકવચન, 'દોડતું હતું' ક્રિયાપદનો કર્તા.

દોડતું હતું—અકર્મક ક્રિયાપદ, દોડ ધાતુ, ચાલુ ભૂતકાળ, નિશ્ચયાર્થ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, કર્તરિ પ્રયોગ, કર્તા–બાળક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે— ત્રીજો પુરુષ સર્વનામ, નાન્યતરજાતિ, પહેલીનું એકવચન, 'પડી ગયું' ક્રિયાપદનો કર્તા.

એકાએક— ક્રિયાવિશેષણ, રીતવાચક, 'પડી ગયું' ક્રિયાપદનું સંબંધી.

પડી ગયું— સંયુક્ત અકર્મક ક્રિયાપદ, પડ ધાતુ, ભૂતકાળ, નિશ્ચયાર્થ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, કર્તરિ પ્રયોગ, કર્તા–તે.

૨. તમારા આવવા પહેલાં મહેશ સાથે બોલાચાલી થઈ ગઈ હતી.

તમારા— બીજો પુરુષ સર્વનામ, નરજાતિ, છઠ્ઠી વિભક્તિનું બહુવચન, 'આવવા' કૃદંત સાથે સંબંધ રાખે છે.

આવવા— ધાતુનામ કૃદંત, નાન્યતરજાતિ, એકવચન, છઠ્ઠી વિભક્તિ અધ્યાહાર, 'પહેલાં' એ નામયોગી સાથે સંબંધ રાખે છે.

પહેલાં— નામયોગી પદ, 'આવવા' એ કૃદંત સાથે સંબંધ રાખે છે.

મહેશ — વિશેષ નામ, નરજાતિ, એકવચન, છઠ્ઠી વિભક્તિ અધ્યાહાર, 'સાથે' નામયોગીની સાથે સંબંધ.

સાથે— નામયોગી પદ, 'મહેશ' નામ સાથે સંબંધ.

બોલાચાલી— ભાવવાચક નામ, નારીજાતિ, એકવચન, પહેલી વિભક્તિ કર્તા અર્થે, 'થઈ ગઈ હતી' ક્રિયાપદનો કર્તા.

થઈ ગઈ— સંયુક્ત ક્રિયાપદ, થા ધાતુ, પૂર્ણ ભૂતકાળ, નિશ્ચયાર્થ, ત્રીજો પુરુષ, નારીજાતિનું એકવચન, કર્તરિ પ્રયોગ, કર્તા–બોલાચાલી.

હતી— સહાયકારક ક્રિયાપદ, હો ધાતુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪

શબ્દગુચ્છ

क	ख
૧ **સાંજે** હું ફરવા જાઉં છું.	૧ **સાંજને પહોર** હું ફરવા જાઉં છું.
૨ **કૂવામાં** ઘડો ડૂબી ગયો.	૨ **કૂવાની અંદર** ઘડો ડૂબી ગયો.

कનું પહેલું વાક્ય વાંચો અને કહો:

હું ક્યારે ફરવા જાઉં છું?—**સાંજે**.

ફરવા જવાનો વખત કેટલા શબ્દો વડે સૂચવાયો છે?

— માત્ર **સાંજે** એ એક શબ્દ વડે.

હવે **ख**નું પહેલું વાક્ય વાંચો.

ફરવા જવાનો વખત કેટલા શબ્દો વડે સૂચવાયો છે?

— **સાંજને પહોર** એ બે શબ્દો વડે સૂચવાયો છે.

એ વાક્યમાં ફરવા જવાનો વખત **સાંજને** એમ એકજ શબ્દથી સમજાય ખરો?—**ના, નહિ સમજાય.**

એજ રીતે **પહોર** એ શબ્દથી ફરવા જવાનો વખત સમજાય ખરો?—**ના.**

ત્યારે એ વાક્યમાં ફરવા જવાનો વખત જાણવો હોય તો **સાંજને** અને **પહોર** એ બે શબ્દોને સાથેજ વાંચવા કે બોલવા પડે.

આ ઉપરથી જણાશે કે ફરવા જવાનો વખત જણાવવાનું કામ **क**ના પહેલા વાક્યમાં **સાંજે** એ એકજ શબ્દ કરી શકે છે; જ્યારે **ख**ના પહેલા વાક્યમાં એનું એજ કામ **સાંજને પહોર** એ બે શબ્દો ભેગા મળીને, એટલે કે સમૂહમાં આવીને કરે છે. આજ રીતે **કૂવામાં** એ શબ્દનો અર્થ **કૂવાની અંદર** એ શબ્દના સમૂહ વડે દર્શાવાય છે.

આ પરથી જણાશે કે વાક્યમાં જે વિચાર એકજ શબ્દ વડે બતાવી શકાય, તે વિચાર ઘણી વાર ઘણા શબ્દોના જથ્થા કે સમૂહ વડે બતાવી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્યમાં તેના ભાગ તરીકે જે શબ્દો સમૂહમાં આવીને કંઈ અર્થ બતાવે, તે શબ્દોનો સમૂહ **શબ્દગુચ્છ** કે **શબ્દસમૂહ** કહેવાય છે.

નોંધ : શબ્દગુચ્છ વાક્યમાં કેટલીક વાર **નામનું, વિશેષણનું** કે **ક્રિયાવિશેષણનું** કાર્ય કરે છે તે જુઓ :

· અભ્યાસ ·

૧ **રાતા રંગનો** ઘોડો મારો છે. (ઘોડાનું **વિશેષણ** છે.)

૨ **ચાંદની રાતે** અમે ફરવા ગયા. ('ફરવા ગયા'નું ક્રિયાવર્ધક; **ક્રિયાવિશેષણનું** કાર્ય કરે છે.)

૩ **સવારે ફરવા જવું** ફાયદાકારક છે. ('છે' ક્રિયાપદનું ઉદ્દેશ્ય **નામનું** કામ કરે છે.)

મનોયત્ન : ૧૮

નીચેનાં વાક્યોમાંથી શબ્દગુચ્છ શોધો, અને તે શાનું કામ કરે છે તે કહો :

૧ ચોમાસાની ઋતુમાં વરસાદ પડે છે.
૨ ભૂરા રંગનું આકાશ સ્વચ્છ લાગતું હતું.
૩ ખૂબ ખાવું એ હાનિકર્તા છે.
૪ અમે મેદાનમાં રમતા છોકરાઓને બોલાવ્યા.
૫ સુરેશ ઘણી સંભાળથી રમત રમ્યો.
૬ તેણે નિરાશ થઈને પ્રયત્ન છોડી દીધો.
૭ મારા વાડામાં તુલસીનો છોડ ઊગેલો છે.
૮ પંખીઓ સવારના પહોરમાં ચીંચીં કરે છે.
૯ નિયમિત વાંચવું એ સારું છે.
૧૦ વાજાં વરઘોડાની આગળ વાગતાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫

ઉપવાક્ય અને તેના પ્રકાર

જ્યારે સૂર્ય ઊગે છે, ત્યારે કમળ ખીલે છે.

ઉપરના વાક્યમાં બે વાક્ય આવેલાં છે: (૧) **જ્યારે સૂર્ય ઊગે છે,** અને (૨) **ત્યારે કમળ ખીલે છે.** એ દરેક વાક્ય એક એક વિચાર જણાવે છે.

મૂળ વાક્યમાં બોલનાર કયો વિચાર મુખ્યત્વે જણાવવા માગે છે? — **કમળ ખીલે છે** એ હકીકત એને કહેવી છે.

જ્યારે સૂર્ય ઊગે છે એ વાક્ય કમળના ખીલવાનો વખત જણાવવા માટેજ આવેલું છે. આ જોતાં માલૂમ પડશે કે **કમળ ખીલે છે** એ વાક્યનો વિચાર મુખ્ય વિચાર છે, અને **જ્યારે સૂર્ય ઊગે છે** એ વાક્યનો વિચાર મુખ્ય વિચારને અંગેનો પેટા વિચાર છે.

મુખ્ય વિચારવાળું વાક્ય **મુખ્ય વાક્ય** કહેવાય છે; અને જેમાં પેટા વિચાર જણાવાયો હોય, તે **ઉપવાક્ય** કહેવાય છે.

· અભ્યાસ ·

નીચેનાં વાક્યોમાં ઉપવાક્યો મોટા અક્ષરે છાપ્યાં છે, તેનો અભ્યાસ કરો:

૧ **જ્યારે રમત પૂરી થઈ,** ત્યારે સૌ ઘેર ગયાં.

૨ **જે મોઘું મળે,** તે ખરીદશો નહિ.

૩ **જો તમે મારે ત્યાં આવશો,** તો આપણે મેળામાં જઈશું.

૪ તેણે કહ્યું, **"તમે કાલે મને મળજો."**

૫ **જ્યાં તમે ઊભા છો,** ત્યાં મારી પેન્સિલ પડી છે.

૬ **ચોમાસામાંજ વરસાદ પડે છે,** એ સાચી હકીકત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૧૯

નીચેનાં વાક્યોમાંથી મુખ્ય વાક્ય અને ઉપવાક્ય જુદાં પાડો :

૧ જ્યારે ચંદ્ર ઊગે છે, ત્યારે પોયણું ખીલે છે.

૨ જ્યાં રમત રમાય છે, ત્યાં બાળકો ભેગાં થાય છે.

૩ જે નદીનાં પાણી ધીમે વહે છે, તે બહુ ઉપયોગી થાય છે.

૪ જો તમે નિયમિત વાંચશો, તો જરૂર પાસ થશો.

૫ જ્યારે ઘંટ વાગે છે, ત્યારે બાળકો વર્ગમાં જાય છે.

૬ તેણે કહ્યું, "તમે આટલું કામ તો કરજોજ."

૭ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, એ સત્ય છે.

૮ જ્યારે પાક થતો નથી, ત્યારે ખેડૂતો દુઃખમાં આવી પડે છે.

૯ તમે છત્રી લઈને બહાર જાઓ, કારણકે વાદળાં ઘેરાયાં છે.

૧૦ જે ઘરમાં સંપ હોય છે, તે ઘર સુખી હોય છે.

૧૧ જ્યાં અત્યારે મેદાન છે, ત્યાં પહેલાં તળાવ હતું.

૧૨ જે પંખીની પાંખ તૂટી જાય છે, તે ઊડી શકતાં નથી.

ઉપવાક્યના પ્રકાર

૧ ક્રિયાવિશેષણવાક્ય

૧ જ્યારે આગગાડી આવી, ત્યારે લોકો દોડાદોડી કરવા લાગ્યા.

૨ જ્યાં અમે ગયા, ત્યાં માન પામ્યા.

પહેલું વાક્ય વાંચો : લોકો ક્યારે દોડાદોડી કરવા લાગ્યા?–જ્યારે **આગગાડી આવી ત્યારે.** આ વાક્યમાં દોડાદોડી કરવાનો સમય બતાવાયો છે. આ ઉપવાક્ય **કાળવાચક ક્રિયાવિશેષણનું** કાર્ય કરે છે, તેથી એ ઉપવાક્ય **ક્રિયાવિશેષણવાક્ય** કહેવાય છે.

એજ રીતે બીજા વાક્યમાં **જ્યાં અમે ગયા** એ ઉપવાક્ય માન પામવાનું સ્થળ બતાવે છે, એટલે એ ઉપવાક્ય **સ્થળવાચક ક્રિયાવિશેષણનું** કાર્ય કરે છે. એ પણ **ક્રિયાવિશેષણવાક્ય** છે.

વાક્યમાં જે ઉપવાક્ય ક્રિયાવિશેષણનું કાર્ય કરે છે, તે **ક્રિયાવિશેષણવાક્ય** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

• અભ્યાસ •

નીચે જુદી જુદી જાતનાં ક્રિયાવિશેષણવાક્યો આપ્યાં છે; તેનો અભ્યાસ કરો:

૧ જ્યારે તમે તૈયાર થશો, ત્યારે બધાં દરિયે જઈશું. (કાળવાચક)
૨ જ્યાં એક વાર પાણી હતું, ત્યાં આજે મેદાન બન્યું છે. (સ્થળવાચક)
૩ જો તંદુરસ્ત રહેવા માગતા હો, તો નિયમિત કસરત કરો. (શરતવાચક)
૪ હું ઉતાવળે આવ્યો, કારણકે મને બહુ મોડું થયું હતું. (કારણવાચક)
૫ જેમ તમે વર્તશો, તેમ દુનિયા તમારા પ્રત્યે વર્તશે. (રીતિવાચક)

મનોયત્ન : ૨૦

ક્રિયાવિશેષણવાક્યો શોધો:

૧ જ્યારે વસંતઋતુ બેસે છે, ત્યારે લોકો ઉત્સાહી બને છે.
૨ જો તમે લોકોને મદદ કરશો, તો તેઓ તમને મદદ કરશે.
૩ તે નાપાસ થયો, કારણકે તેણે વાંચ્યું નહોતું.
૪ જેમ માબાપ બોલે, તેમ તેમનાં બાળકો બોલે.
૫ જ્યારે આંબા મ્હોરે છે, ત્યારે કોયલ બોલે છે.
૬ જ્યાં અદેખાઈ ઘર ઘાલે છે, ત્યાં કુસંપ થાય છે.
૭ જ્યારે દિવાળી આવે છે, ત્યારે લોકો ઘર શણગારે છે.
૮ કુમળા ઝાડને જેમ વાળીએ, તેમ તે વળે છે.
૯ જો હું ત્યાં જઈશ, તો તમારો સંદેશો કહીશ.
૧૦ આ વરસે ખૂબ વરસાદ પડશે, કારણકે તાપ બહુ પડે છે.

૨ ક્રિયાવિશેષણવાક્ય

૧ જે રમતા નથી, તે છોકરાઓ શરીરે નબળા રહે છે.
૨ જે નદીનું પાણી સુકાઈ જાય છે, તે નકામી થઈ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડેલું વાક્ય વાંચો :

એમાં તે છોકરાઓ એટલે કોણ ? જે **રમતા નથી** તે. આમ જે **રમતા નથી** એ ઉપવાક્ય છોકરાઓને વિશે માહિતી આપીને વિશેષણનું કાર્ય કરે છે.

બીજા વાક્યમાં જે **નદીનું પાણી સુકાઈ જાય** છે એ ઉપવાક્ય તે એ સર્વનામને વિશે માહિતી આપી વિશેષણનું કામ કરે છે.

એ બંને વાક્યો વિશેષણવાક્યો છે વાક્યમાં જે ઉપવાક્ય વિશેષણનું કાર્ય કરે, તે **વિશેષણવાક્ય** કહેવાય છે.

• અભ્યાસ •

નીચેનાં વાક્યોમાં વિશેષણવાક્યોનો અભ્યાસ કરો :

૧ જે **છોકરી ગીત ગાય** છે, તે ચપળ છે.
૨ જેમને **પ્રસાદ જોઈએ**, તે છોકરાઓ મારી પાસે આવે.
૩ જેઓ **આળસુ** છે, તેઓ નકામા છે.
૪ જે **સંતોષી** છે, તે માણસને સુખ મળે છે.
૫ જેમાં **ગરમત** પડે, તે રમત રમો.

મનોયત્ન : ૨૧

વિશેષણવાક્યો શોધો :

૧ જે ગુનો કરે છે, તેને સજા થાય છે.
૨ જે સરોવર અમે જોયું, તે કમળથી ભરપૂર હતું.
૩ જેથી સુખ થાય, તેવુંજ કાર્ય કરવું.
૪ જે રાજા પ્રજાને સુખી કરે છે, તે લોકપ્રિય હોય છે.
૫ જેમને પોતાનું ઘર નથી, તેમને આખી દુનિયા પોતાનું ઘર બને છે.
૬ જેઓ બીજામાં વિશ્વાસ રાખે છે, તેમનામાં બીજા વિશ્વાસ રાખે છે.
૭ જેની આંખ કમળાવાળી છે, તે બધુંજ પીળું દેખે છે.
૮ જેનાથી આટલું યે ન થાય, તે બીજું શું કરવાનો ?
૯ જ્યાંથી નદી વહે છે, તે જગ્યા તેનું મૂળ કહેવાય છે.
૧૦ જેમાં પાંચ શેર દૂધ માય, એવું તપેલું લાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ નામવાક્ય

૧ રાજાએ કહ્યું, "હું **ગરીબોને મદદ કરીશ.**"

૨ **બાળકોને રમત ખૂબ ગમે છે,** એ ખરું છે.

રાજાએ શું કહ્યું?—હું **ગરીબોને મદદ કરીશ** એ વાત કહી. એ હકીકતવાળું વાક્ય કહ્યું ક્રિયાપદનું કર્મ છે, તેથી તે નામનું કાર્ય કરે છે.

બીજું વાક્ય વાંચો:

શું ખરું છે?—**બાળકોને રમત ખૂબ ગમે છે એ.** આ ઉપવાક્ય 'છે' ક્રિયાપદના ઉદ્દેશ્ય તરીકે આવ્યું છે, તેથી એ પણ નામનું કાર્ય કરે છે.

આ બંને ઉપવાક્યો નામનું કાર્ય કરવાને લીધે **નામવાક્યો** છે.

વાક્યમાં જે ઉપવાક્ય નામનું કાર્ય કરે છે, તે **નામવાક્ય** કહેવાય છે.

મનોયત્ન : ૨૨

નીચેનાં વાક્યોમાંથી નામવાક્યો શોધો:

૧ તેણે તેની બહેનને કહ્યું, "તારે ફરવા આવવું છે?"

૨ તમે માળામાંથી બહાર જશો નહિ, એમ ચકલીએ પોતાનાં બચ્ચાંઓને કહ્યું.

૩ મારા પિતાએ કહ્યું, "તું કોઈની નિંદા કરીશ નહિ."

૪ નિયમિત ફરવાથી શરીર સુધરે છે, એ સાચું છે.

૫ ભરતી પછી ઓટ થાય છે, એ તમે જાણો છો?

૬ અમે તરતજ જાણ્યું કે અમારે આગળ જવાનું હતું.

૭ તેણે કહેવડાવ્યું કે કાલે થોભી જજો.

૮ "તમે આવશો?" મારા મિત્રે મને પૂછ્યું.

૯ કોઈનો તિરસ્કાર કરવો નહિ, એ કોણ જાણતું નથી?

૧૦ તે બાળક બોલી ઊઠયું, "તાજમહાલ તો મેં પણ જોયો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬

મિશ્ર વાકય

૧ જ્યારે આરતી પૂરી થઈ, ત્યારે પ્રસાદ વહેંચાયો.

૨ અજિતાએ કહ્યું, "હું રજામાં ગામ જઈશ."

૩ જ્યાં આદર નથી, જ્યાં પ્રેમ નથી, ત્યાં કોણ હોંસથી જાય?

૪ જ્યારે વરસાદ પડયો, ત્યારે મહેશે સીતાને કહ્યું, "કાગળની હોડી લાવ."

૫ રાજાએ કહ્યું, "તમે અહીંથી ચાલ્યા જાઓ. મારે શાંતિ જોઈએ છે."

ઉપરનાં વાકયોમાં મોટા અક્ષરે છાપેલાં વાકયો ઉપવાકયો છે.

પહેલા અને બીજામાં એક એક ઉપવાકય છે, અને ત્રીજા, ચોથા અને પાંચમામાં બબ્બે ઉપવાકયો છે. એ દરેક વાકયમાં **મુખ્ય વાકય** માત્ર **એકજ** છે. એ દરેક વાકય **મિશ્ર વાકય** છે.

જે વાકયમાં માત્ર એક મુખ્ય વાકય હોય, અને એક કે એકથી વધારે ઉપવાકયો હોય, તે વાકય **મિશ્ર વાકય** કહેવાય છે.

મિશ્ર વાકયના પૃથક્કરણનો અભ્યાસ

ઉપરનાં પાંચે વાકયોનું પૃથક્કરણ કોષ્ટકમાં કર્યું છે; તેનો અભ્યાસ કરો.

[મિશ્ર વાકયનું પૃથક્કરણ કરીએ, ત્યારે સૌથી પહેલાં મુખ્ય તથા ઉપવાકયો છૂટાં પાડવાં, અને પછી દરેકનું છૂટક છૂટક પૃથક્કરણ કરવું.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિશ્ર વાક્ય

નં.	વાક્ય	પ્રકાર	સંયોજક	ઉદ્દેશ્યપક્ષ		વિધેયપક્ષ				
				ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	ક્રિયાપદ	કર્મ	કર્મવર્ધક	ક્રિયાપૂરક	ક્રિયાવર્ધક
૧	જ્યારે.....વહેંચાયો.	મિશ્ર								
	(i) પ્રસાદ વહેંચાયો.	મુખ્ય વાક્ય	—	પ્રસાદ	—	વહેંચાયો	—	—	—	
	(ii) જ્યારે આરતી પૂરી થઈ ત્યારે.	ક્રિ. વિ. વાક્ય 'વહેંચાયો' નું ક્રિયાવર્ધક	જ્યારે ત્યારે	આરતી	—	થઈ	—	—	પૂરી	—
૨	અજિતાએ.....જઈશ.	મિશ્ર		અજિતાએ	—	કહ્યું	—	—	—	—
	(i) અજિતાએ કહ્યું.	મુખ્ય વાક્ય	—	હું	—	જઈશ	—	—	—	રજામાં, ગામ
	(ii) હું રજામાં ગામ જઈશ.	નામવાક્ય 'કહ્યું'નું કર્મ								
૩	જ્યાં આદર.....જાય?	મિશ્ર								
	(i) કોણ હોંસથી જાય?	મુખ્ય વાક્ય	—	કોણ	—	જાય	—	—	—	હોંસથી
	(ii) જ્યાં આદર નથી ત્યાં.	ક્રિ. વિ. વાક્ય 'જાય' નું ક્રિયાવર્ધક	જ્યાં ત્યાં	આદર	—	નથી	—	—	—	—
	(iii) જ્યાં પ્રેમ નથી.	ક્રિ. વિ. વાક્ય 'જાયછે'નું ક્રિ.વર્ધક	જ્યાં	પ્રેમ	—	નથી	—	—	—	—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

	(iii) જ્યાં પ્રેમ નથી.	'જાયછે'નું ક્રિ.વર્ધક								
૪	જ્યારે વરસાદ...લાવ.	મિશ્ર								
	(i) મહેશે કહ્યું.	મુખ્ય વાક્ય	—	મહેશે	—	કહ્યું	—	—	—	
	(ii) જ્યારે વરસાદ પડયો ત્યારે.	ક્રિ. વિ. વાક્ય 'કહ્યું'નું ક્રિ. વર્ધક	જ્યારે ત્યારે	વરસાદ	—	પડયો	—	—	—	—
	(iii) કાગળની હોડી લાવ.	નામવાક્ય 'કહ્યું નું કર્મ	—	(તું)	—	લાવ	હોડી	કાગળ-ની	—	—
૫	રાજાએ...જોઈએ છે.	મિશ્ર								
	(i) રાજાએ કહ્યું.	મુખ્ય વાક્ય	—	રાજાએ	—	કહ્યું	—	—	—	અહીંથી
	(ii) તમે અહીંથી ચાલ્યા જાઓ.	નામવાક્ય 'કહ્યું'નું કર્મ	—	તમે	—	ચાલ્યા જાઓ	—	—	—	—
	(iii) મારે શાંતિ જોઈએ છે.	નામવાક્ય 'કહ્યું'નું કર્મ	—	મારે	—	જોઈએ છે	શાંતિ	—	—	—

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૩

નીચેનાં મિશ્ર વાક્યોનું પૃથક્કરણ કરો:

૧ સીતાએ તેના મોટાભાઈને કહ્યું, "તમે મને શું આપશો?"

૨ જ્યારે દિવાળી આવે છે, ત્યારે બાળકો ફટાકા ફોડે છે.

૩ તમે જ્યાં જાઓ, ત્યાં ખૂબ વિવેકથી વર્તજો.

૪ જેમ તમને કહેવામાં આવ્યું છે, તેમ કરજો.

૫ જો તમે ઉદાર થશો, તો સર્વ કોઈ તમને ચાહશે.

૬ હિંદમાં અનેક સંતો થયા છે, એ જાણીતી વાત છે.

૭ જ્યારે તે સભામાં આવ્યો, ત્યારે ભાષણ શરૂ થઈ ગયું હતું.

૮ રમેશે કહ્યું: "જો તમે અહીં રહો તો ખૂબ ગમ્મત પડશે."

૯ જ્યારે ટપાલીએ કહ્યું કે તમારો કાગળ છે, ત્યારે હું આનંદમાં આવી ગયો.

૧૦ જ્યારે પવન જોરથી વાયો અને મોજાં ઊછળવા લાગ્યાં, ત્યારે ખલાસીઓએ સઢો સંકેલી લીધા.

૧૧ જેનામાં નમ્રતા છે અને જે વિદ્વાન છે, તે સર્વત્ર પૂજાય છે.

પ્રકરણ ૧૭

સંયુક્ત વાક્ય

૧ હરિ બજારમાં ગયો અને તેણે કેરી ખરીદી.

૨ મહેશ આવી શકે છે અથવા તમે આવી શકો છો.

૩ હું ઘેર ગયો, કાકાને વાત કરી, પણ તેઓ કંઈ બોલ્યા નહિ.

પહેલા વાક્યમાં બે સ્વતંત્ર વાક્યો છે, અને તે બંને અને વડે જોડાયેલાં છે. બંને પોતપોતાનો અર્થ સ્વતંત્ર રીતે દર્શાવી શકે છે. એમાંનો એકે વિચાર પેટા વિચાર તરીકે આવ્યો નથી.

એજ રીતે બીજા વાક્યમાં બે સ્વતંત્ર વાક્યો છે, અને તે અથવાથી જોડાયેલાં છે. ત્રીજા વાક્યમાં ત્રણ સ્વતંત્ર વાક્યો છે, અને તેમાંનાં છેલ્લાં બે વાક્યો પણ વડે જોડાયેલાં છે.

જે વાક્યમાં બે કે બેથી વધારે સ્વતંત્ર વાક્યો જોડાઈને આવ્યાં હોય, તે વાક્ય **સંયુક્ત વાક્ય** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરનાં વાક્યોનાં પૃથક્કરણો પરથી જણાશે કે કેટલાક વાક્યોમાં કેટલાક ઘટકો ગેરહાજર હોય છે, તેથી વાક્યોનાં પૃથક્કરણ કરતાં :

સંયુક્ત વાક્ય

નં	વાક્ય	પ્રકાર	સંયોજક	ઉદ્દેશ્યપક્ષ		વિધેયપક્ષ				
				ઉદ્દેશ્ય	ઉદ્દેશ્ય-વર્ધક	ક્રિયાપદ	કર્મ	કર્મ-વર્ધક	ક્રિયા-પૂરક	ક્રિયાવર્ધક
૧	હરિ બજારમાં.....ખરીદી.	સંયુક્ત								
	(i) હરિ બજારમાં ગયો.	સ્વતંત્ર વાક્ય	—	હરિ	—	ગયો	—	—	—	બજારમાં
	(ii) અને તેણે કેરી ખરીદી.	સ્વતંત્ર વાક્ય	અને	તેણે	—	ખરીદી	કેરી	—	—	—
૨	મહેશ.....આવી શકો છો.	સંયુક્ત								
	(i) મહેશ આવી શકે છે.	સ્વતંત્ર વાક્ય	—	મહેશ	—	આવી શકે છે	—	—	—	—
	(ii) અથવા તમે આવી શકોછો.	સ્વતંત્ર વાક્ય	અથવા	તમે	—	આવી શકોછો	—	—	—	—
૩	હું ઘેર ગયો.....બોલ્યા નહિ.	સંયુક્ત								
	(i) હું ઘેર ગયો.	સ્વતંત્ર વાક્ય		હું	—	ગયો	—	—	—	ઘેર
	(ii) કાકાને વાત કરી.	સ્વતંત્ર વાક્ય		(મેં)	—	કરી	વાત, કાકાને	—	—	—
	(iii) પણ તેઓ કંઈ બોલ્યા નહિ.	સ્વતંત્ર વાક્ય	પણ	તેઓ	—	બોલ્યા નહિ	કંઈ	—	—	—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૪

નીચેનાં વાક્યોનું પૃથક્કરણ કરો :

૧ નરસિંહ મહેતાના પુત્રનું નામ શામળદાસ હતું, અને પુત્રીનું નામ કુંવરબાઈ હતું.

૨ આગગાડી સ્ટેશને ઊભી રહી, પણ અમારા ડબામાંથી કોઈ ઊતર્યું નહિ.

૩ તેનું શરીર દૂબળું છે, પણ તેની બુદ્ધિ ઘણી તીવ્ર છે.

૪ દાંતમાં સડો થવાથી તે ખવાઈ જાય છે, અને પછી દાંત હાલતા થઈ જાય છે.

૫ દશ દશ વર્ષનાં વહાણાં વાયાં, અને ગ્રીક લશ્કરમાં કંટાળો જણાવા લાગ્યો.

૬ તેમણે વહાણના સઢ પણ ચઢાવ્યા, પણ તેઓ બહુ દૂર ન ગયા.

૭ તમારે આ વસ્તુ ખરીદી લેવી જોઈએ, અથવા નુકસાન ભરી આપવું જોઈએ.

૮ તમારે અથવા તમારા ભાઈએ લશ્કરમાં જોડાવું જોઈએ.

૯ પાંચે ભાઈઓ તો ગમે ત્યાં સંતાઈ રહે, પણ દ્રૌપદીને ગુપ્ત રાખવાની ભારે ચિંતા હતી.

૧૦ રાજાએ દેવને અંતઃકરણપૂર્વક નમન કર્યું, અને પછી તે ઘરમાં ગયો.

પ્રકરણ ૧૮

કવિતાનું બંધારણ—છંદ

કવિતા સામાન્ય રીતે છંદના બંધારણમાં લખવામાં આવે છે. ગુજરાતીમાં વપરાતા અક્ષરમેળ અને કેટલાક માત્રામેળ છંદ સંસ્કૃતમાંથી ઊતરી આવેલા છે. છંદોના આ રીતે (૧) **અક્ષરમેળ** અને (૨) **માત્રામેળ** એમ બે પ્રકાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અક્ષરમેળ છંદ

• જ્યારે કવિતાની લીટીનું બંધારણ તેમાં આવેલા અક્ષરની ગોઠવણી પ્રમાણે થાય છે, ત્યારે તે **અક્ષરમેળ છંદ** કહેવાય છે. નીચેના દાખલા પરથી એ સ્પષ્ટ થશે.

ભૂરો ભાસ્યો ઝાંખો દૂરથી ધૂમસે પા'ડ સરખો,
નદી વચ્ચે ઊભો નિરભયપણે એકસરખો.

આ દરેક લીટીમાં ૧૭ અક્ષરો આવેલા છે, અને તે અમુક નિયમે ગોઠવાયેલા છે. એ છંદ પ્રમાણે લખાતી બધી લીટીઓમાં ૧૭ અક્ષરજ હોય છે.

લઘુ અને ગુરુ અક્ષરો

અક્ષરો લઘુ કે ગુરુ હોય છે. જે અક્ષરનો સ્વર હ્રસ્વ હોય, તે લઘુ અક્ષર છે; અને જે અક્ષરનો સ્વર દીર્ઘ હોય, તે ગુરુ અક્ષર છે.

લઘુ અક્ષર—ક, કિ, કુ

દીર્ઘ કે ગુરુ અક્ષર—કા, કી, કૂ, કે, કૈ, કો, કૌ, કં, કઃ

[**નોંધ** : ઉપર પ્રમાણે મૂળાક્ષરનો ગમે તે અક્ષર (ખ, ગ, ઘ વગેરે) કની જગ્યાએ મૂકી લઘુ ગુરુ બતાવી શકાય છે.]

ઉપર જણાવેલી કવિતાની લીટીમાં કેટલાક ગુરુ અને કેટલાક લઘુ અક્ષરો છે. અક્ષરમેળ છંદમાં દરેક લીટીમાં લઘુ અને ગુરુ અક્ષરો આવે છે, પરંતુ એ બધા ગમે તેમ આવતા નથી અક્ષરોની ગોઠવણીના અમુક નિયમ પ્રમાણેજ એ અક્ષરો આવે છે. એ ગોઠવણી **ગણરચના** કહેવાય છે.

ગણ

લઘુ કે ગુરુ એવા અમુક ત્રણ અક્ષરોના જુદી જુદી રીતે બનેલા ઝૂમખાને કે સમૂહને **ગણ** કહે છે.

દા. ત. **જગત** એ શબ્દ ત્રણ લઘુ અક્ષરનો સમૂહ છે. **આકાશ** એ બે ગુરુ અને એક લઘુ અક્ષરનો બનેલો સમૂહ છે. આમ જુદી જુદી રીતે ગોઠવાયેલા **આઠ ગણો** છે. એ ગણના નિયમ પ્રમાણે છંદની લીટીઓમાં લઘુ અને ગુરુ અક્ષરોની ગોઠવણી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઘુ અક્ષરને માટે આવું ˘ ચિહ્ન વપરાય છે. ગુરુ અક્ષરને માટે આવું – ચિહ્ન વપરાય છે.

જગત = જ˘ગ˘ત મામા = મા મા

આકાશ= આ કા શ દુનિયા = દુ નિ યા

આઠ ગણો

ગણ	દાખલો	બંધારણ	સંજ્ઞા
મગણ	માતાની	ત્રણે અક્ષર ગુરુ	મ
નગણ	જ˘ગ˘ત	ત્રણે અક્ષર લઘુ	ન
ભગણ	વા˘હ˘ન	પહેલો ગુરુ અને બીજા લઘુ	ભ
યગણ	જ˘ગાડી	પહેલો લઘુ, અને બીજા ગુરુ	ય
જગણ	પ˘ગાર	પહેલો લઘુ, બીજો ગુરુ, ત્રીજો લઘુ	જ
રગણ	માનતા	પહેલો ગુરુ, બીજો લઘુ, ત્રીજો ગુરુ	ર
તગણ	દાતાર	પહેલા બે ગુરુ, છેલ્લો લઘુ	ત
સગણ	જ˘મના	પહેલા બે લઘુ, છેલ્લો ગુરુ	સ

નોંધ : એક છૂટા લઘુ અક્ષરની સંજ્ઞા **લ** છે, અને એક છૂટા ગુરુ અક્ષરની સંજ્ઞા **ગ** છે.

છંદનું સ્વરૂપ

પિ તા મા | તા, આ જે | ભ˘ર˘જ | ગ˘ત માં | એ ક લ | ર લો

આ લીટી કયા ગણની બનેલી છે તે તપાસીએ. એ લીટીમાં પાંચ ગણ, અને છેવટે એક લઘુ અને એક ગુરુ એમ બે અક્ષર આવેલા છે. એના પાંચ ગણો અનુક્રમે **ય મ ન સ ભ** છે, અને છેલ્લે **લ** અને **ગ** એવા બે અક્ષરો છે. બધું મળીને ૧૭ અક્ષરની એક લીટી થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છંદની દરેક લીટીને **ચરણ** કે **પાદ** કહે છે, અને આવી ચાર લીટીનો એક **શ્લોક** બને છે.

ઉચ્ચારની છૂટ

(૧) સંસ્કૃતમાં લઘુ અક્ષરને ગુરુ તરીકે કે ગુરુને લઘુ તરીકે બોલવાની છૂટ કવિઓએ લીધી નથી. પરંતુ ગુજરાતીમાં એ પ્રકારની છૂટ લેવાય છે. તેથી જ્યાં લઘુનું દીર્ઘ ઉચ્ચારણ કરી શકાતું હોય ત્યાં તેઓ લઘુને ગુરુ તરીકે વાપરે છે, અને જ્યાં ગુરુનું હ્રસ્વ ઉચ્ચારણ થતું હોય ત્યાં ગુરુને લઘુ તરીકે વાપરે છે. નીચેનો દાખલો જુઓ.

૧ પિતા માતા બંધુ | અનુપમ સખા હિતકરણા.

આ લીટીમાં **હિત** શબ્દમાં **હિ** લઘુ છે. પરંતુ બંધારણના નિયમને લીધે તેને ગુરુ તરીકે ગણી તેનો દીર્ઘ ઉચ્ચાર કરાય છે. એજ રીતે **બંધુ** શબ્દમાંના **ધુ** અક્ષરને ગુરુ તરીકે ગણવામાં આવ્યો છે.

૨ અને વેગે પાણી | સકળ નદીનાં તે ગમ વહે.

આ લીટીમાં **દી** એ ગુરુ અક્ષર છે. પરંતુ તેનો ઉચ્ચાર હ્રસ્વ કરીને બંધારણના નિયમ પ્રમાણે લઘુ અક્ષર તરીકે ગણ્યો છે.

(૨) જો લીટીને છેડે ગુરુ અક્ષર જોઈતો હોય, અને તેને સ્થાને જો લઘુ અક્ષર આવ્યો હોય, તો તેને લંબાવીને ગુરુ અક્ષર ગણવામાં આવે છે. દા. ત.

વીણા તણો નાદ તહીં સુણાય,
આનંદ લ્હેરે અનિલો ભરાય.

અહીં છેલ્લે છંદની રચના પ્રમાણે ગુરુ અક્ષર જોઈએ ત્યાં લઘુ આવેલો છે, પણ તેનો ઉચ્ચાર **યઅ** એમ લંબાવીને ગુરુ જેવો કરાય છે.

(૩) જોડાક્ષર પહેલાં જો લઘુ અક્ષર આવે, તો તેનો ઉચ્ચાર થડકાઈને ગુરુ બને છે. જેમકે:

લાગ્યા ઘાને વિસરી શકવા કાંઈ સામર્થ્ય છે ના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લીટીમાં મ અક્ષર મૂળ રૂપે લઘુ છે, પણ બંધારણ પ્રમાણે તે ગુરુ હોવો જોઈએ. અહીં મની પછી જોડાક્ષર આવવાને લઈને એનો ઉચ્ચાર ગુરુ અક્ષરના જેવો બને છે.

છંદમાં યતિ (વિરામસ્થાન)

અક્ષરમેળ છંદને વાંચતાં અમુક અક્ષર પછી જ્યાં થોડો વિરામ લેવાની જરૂર પડે છે, તે વિરામસ્થાનને **યતિ** કહે છે. નીચે આપેલી જુદા જુદા છંદની લીટીઓમાં ઊભી લીટી **યતિ** બતાવે છે.

કૃતઘ્ની લોકોને | કદર નવ | કાંઈ હૃદયની,

ઉપરની લીટીમાં છઠ્ઠા અને અગિયારમા અક્ષરે યતિ છે.

મધુર સમય તેવે | ખેતરે શેલડીના |
રમત કૃષિવલોના | બાળ નાના કરે છે |

ઉપરની લીટીઓમાં ૮ અને ૧૫મા અક્ષર પછી યતિ છે.

(૧) અક્ષરમેળ છંદો

નીચે અક્ષરમેળ છંદોના દાખલાઓમાં ઊભી લીટીથી ગણ જુદા પાડયા છે.

ઇન્દ્રવજા

અક્ષર : ૧૧ બંધારણ : ત ત જ ગ ગ

ઇ લા દિ | વા ળી દિ | વ ડા કે | રી શું
સા થે મ | ળી ને ર | સહ્હાણ | લે શું.

ઉપેન્દ્રવજા

અક્ષર : ૧૧ બંધારણ : જ ત જ ગ ગ

જ ગે અ | હીં આ શ | વિ ના જી | વે કો?
જ ગે અ | હીં પ્રે મ | વિ ના ર | હે કો?

ઉપજાતિ

એક શ્લોકમાં કોઈ ચરણ ઇન્દ્રવજાનું હોય અને કોઈ ઉપેન્દ્રવજાનું હોય, ત્યારે આ મિશ્રિત ચરણવાળા છંદને ઉપજાતિ કહે છે.

સી તા સ | મા ણી સ | તી કો ણ | શાણી; (ઇન્દ્રવજા)
પ્ર તિ પ્ર | તિ જ્ઞા ય | સ દા પ્ર | માણી. (ઉપેન્દ્રવજા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસંતતિલકા

અક્ષર : ૧૪ બંધારણ : ત ભ જ જ ગ ગ

પ્યાલું ઉં | પાડી ઊં | ભીશે લં | ડીપાસં | માંતા
છૂરીવ | તીજરી | કકાત | ળીએક | કાપી

માલિની

અક્ષર : ૧૫ બંધારણ : ન ન મ ય ય

યતિ : ૮ અને ૧૫મા અક્ષર પછી

મધુર | સમય | તિવેખે | તરેશે | લડીના,
રમત | કૃષિવ | લોનાબા | ળનાના | કરેછે.

શિખરિણી

અક્ષર : ૧૭ બંધારણ : ય મ ન સ ભ લ ગ

યતિ : ૬ અને ૧૧ અક્ષરે

વહેઠં | ડોવાયું | કરીદ | ઇબધં | શાંતિવ | નમાં,
ઘણાઆ | જેથોડા | ઉડુગ | ણપ્રકા | શેગગ | નમાં.

મન્દાક્રાન્તા

અક્ષર : ૧૭ બંધારણ: મ ભ ન ત ત ગ ગ

યતિ : ૪, ૧૦ અને ૧૭ અક્ષરે

તેપંખો | નીઉપ | રપથ | રોફેંક | તાંફેંકી | દીધો
છૂટ્યો તે | નેઅર | રર!પ | ડીકાળ | હૈયામ | હીંતો

હરિણી

અક્ષર : ૧૭ બંધારણ : ન સ મ ર સ લ ગ

યતિ : ૬, ૧૦ અને ૧૭ અક્ષરે

હદય | સરસાં | રાખીશાં | તિઅને | સુનકો | રને
હસતી | રમતી | ગાતીગા | તીનદી | વહીજા | યછે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાર્દૂલવિક્રીડિત

અક્ષર : ૧૯ બંધારણ : મ સ જ સ ત ત ગ

યતિ : ૧૨ અને ૧૯ અક્ષરે

ઊગે છે | સુરખી | ભરી ર | વિમૃદુ | હેમંત | નો પૂર્વ | માં
ભૂરું છે | નભ રવ | ચ્છ રવચ્છ | દિસતી | એકે ન | થી વાદ | ળી.

અનુષ્ટુપ

આ છંદમાં માત્ર બેજ લીટીનો એક શ્લોક બને છે. દરેક લીટીમાં આઠ અક્ષરના બે પાદો હોય છે.

દરેક પાદમાં ૫ મો અક્ષર લઘુ, અને પહેલા પાદમાં ૭મો અક્ષર ગુરુ અને બીજા પાદમાં ૭મો અક્ષર લઘુ.

વૃદ્ધ માતા અને તાત | તાપે છે સગડી કરી,
અહો ! કેવું સુખી જોડું | કર્તાએ નિરખ્યું દીસે.

પ્રમાણિકા

અક્ષર : ૮ બંધારણ : જ ર લ ગ

ભુલી શ | કું ન મા | ત ને
વસી ર | હી સદા | ઉ રે.

લલિત

અક્ષર : ૧૧ બંધારણ : ન ર ર લ ગ

સકળ | લોક નું | ચાહતાં | રુડું,
સકળ | ચાહશે | આપણું | ભલું.

દ્રુતવિલંબિત

અક્ષર : ૧૨ બંધારણ ન ભ ભ ર

દિસત | જંગલ | મંગલ | કારી રે,
મનુષ્ય | ના પરિ | તાપ નિ | વારી રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોટક

અક્ષર : ૧૨ બંધારણ : સ સ સ સ

રૅમૅતાં | ભૅમૅતાં | કૅદીદિ | વ્યૅવૅને,
ફૅલડાં | રુડલાં | જડિયાં | મુજને.

ભુજંગી

અક્ષર : ૧૨ બંધારણ : ય ય ય ય

પિતાનો | કુહાડી | લઈબાં | ળનોનો,
બન્યો ભા | યડો હો | યબા' દુ | રશાણો.

મોતીદામ

અક્ષર : ૧૨ બંધારણ : જ જ જ જ

અખંડ | શશીર | સરાજ | ગેગત,
નભેજ | ગતેર | સરેલ | કરંત.

પૃથ્વીછંદ

અક્ષર : ૧૭ બંધારણ : જ સ જ સ ય લ ગ

રમેરે છ | પ્રિયબે | નડીસ | મયફૂ | લવાડી | થકી
લઈક | લમપા | ટીબેર | સળતાં | નિશાળે | જતાં.

નોંધ : આ છંદમાં જ્યાં અર્થની દૃષ્ટિએ અટકવું પડે ત્યાં યતિ ગણીને છંદનું વાચન થાય છે, એટલે એમાં કોઇ નિશ્ચિત સ્થળે યતિ આપ્યો નથી.

(૨) માત્રામેળ છંદ

માત્રામેળ છંદ અક્ષરમેળ છંદની માફક લઘુ ગુરુ અક્ષરની ગોઠવણી ઉપર આધાર રાખતો નથી.

એ છંદ **માત્રાની સંખ્યા** ઉપર આધાર રાખે છે.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્રા

માત્રા એટલે ઉચ્ચારણ કરતાં જે વખત લાગે તેનું નાનામાં નાનું માપ. સામાન્ય રીતે આંખના પલકારાને એક માત્રા ગણવામાં આવે છે.

૧ હ્રસ્વ સ્વરની એક માત્રા ગણાય છે.

૨ દીર્ઘ સ્વરની બે માત્રા ગણાય છે.

૩ વ્યંજનની અરધી માત્રા ગણાય છે.

ક એ લઘુ અક્ષરની ૧ માત્રા; કા એ ગુરુ અક્ષરની ૨ માત્રા; ક્ એ વ્યંજનની ½ માત્રા એમ ગણાય છે

૨ ૨ ૧ ૧ ૧ ૧ ૧½
કા કા = ૪ માત્રા, રમણ = ૩ માત્રા, જગત્ = ૨½ માત્રા.

માત્રામેળ છંદના પ્રકાર

ચોપાઈ

આ છંદમાં ચાર ચરણ હોય છે. દરેક ચરણની ૧૫ માત્રા હોય છે.

માત્રા : દરેક ચરણમાં ૧૫ તાલ : પહેલી ઉપર અને પછી ચાર ચાર માત્રાએ

યતિ : ૮મી અને ૧૫મી માત્રા પછી

૨ ૨ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૧ ૨
તા રા ચ ળ ક ચ ળ ક તું થ જે,—૧૫ માત્રા

૧ ૧ ૧ ૧ ૨ ૧ ૧ ૧ ૧ ૨ ૧ ૨
મુ જ મ ન કો તુ ક કં ઇ ઊ પ જે;—૧૫ માત્રા

કો ણ હ ઈ શ ઊજળો નૂર,
આ જ ગ થી ઊંચો અતિ દૂર.

ઝૂલણા છંદ

માત્રા : દરેક લીટીમાં ૩૭ યતિ : ૧૦, ૨૦, ૩૦, ૩૭ માત્રાએ

૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨
ધ ન્ય છે દ્રૌ પ દી ભ ક્તિ તા રી ભ લી,

૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨
આ જ તું એ ક લી ને જ ભા ળું—૩૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૨ ૧ ૨ ૧ ૨
ભાવની ભક્તિનો તારી વિરક્તિનો,
૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૨ ૨
માહરી શક્તિથી ખંગ વાળું--૩૭

દોહરો

માત્રા : ૨૪ માત્રાની (૧૩ અને ૧૧ નાં બે પાદની) એક તૂક

૨ ૨ ૨ ૨ ૧ ૧ ૧ ૨ ૨ ૧ ૧ ૨ ૨ ૨ ૧
ઓ લક્ષ્મી તું અવનિમાં, અદ્ભુત દેવી એક,--૨૪
૨ ૨ ૧૧ ૧૧૨ ૧૨ ૧ ૧ ૨ ૧૨ ૧ ૨૧
મોટા તુજ મહિમા થકી, ઉપજે ખપે અનેક.--૨૪

છપ્પો

માત્રા : પ્રથમ ચાર લીટીની માત્રા ૧૧ + ૧૩ = ૨૪
છેલ્લી બે લીટીની માત્રા ૧૫ + ૧૩ = ૨૮
બધાં મળીને છ પાદનો છપ્પો બને છે. છેડે એક ગુરુ.

૨૨ ૧ ૧૨ ૨૧ ૨૧ ૧૧ ૨૧૧ ૨૨
વિદ્યા ભણિયો જેહ, તેહ ઘર વૈભવ રૂડો,—૨૪
વિદ્યા ભણિયો જેહ, કામની કંચન ચૂડો;
વિદ્યા ભણિયો જેહ, તેહ સદાવ્રત આપે,
વિદ્યા ભણિયો જેહ, કષ્ટ પરાયાં કાપે;
૧૧ ૨૨ ૧૧૨ ૨૧ ૧૧ ૧૧૧ ૧૨૧૧ ૨૧૨
વળી વિદ્યા ભણિયો જેહ જન, સકળ કળા ગુણ સારખા;—૨૮
કવિ શામળ કહે બીજા બાપડા, પા'ણ સરીખા પારખા.

હરિગીત

માત્રા : ૨૮. યતિ : ૧૪મી માત્રાએ

૨ ૨૧૨ ૨૨ ૧૨ ૨૨૧ ૨૨ ૨૧૨
ત્યાં દૂરથી દીઠાં ઘણાં | એકેલ પક્ષી ભૂપરે,
કરવા ક્ષુધાની શાંતિ નૃપ | નિજ વસ્ત્ર તે પર પાથરે;
લઈ વસ્ત્ર તે ઊડી ગયાં | આશા તૂટી નળ રાજની,
દુર્ભાગ્ય આવું જોઈને | સ્થિરતા રહી નહિ જાતની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯

વાક્યશુદ્ધિના નિયમો

(૧)

૧ મગન ઘર તરફ દોડયો.
૨ મેં ચોપડી લખી.

ઉપરના પહેલા વાક્યમાં **મગન** એ દોડયો ક્રિયાપદનો ક્રિયાનાથ છે. ક્રિયાપદનું રૂપ એના ક્રિયાનાથનાં જાતિ, વચન અને પુરુષ પ્રમાણે થાયછે. બીજા વાક્યમાં **ચોપડી** એ **લખી** ક્રિયાપદનો ક્રિયાનાથ છે, તેથી **લખી** ક્રિયાપદ ત્રીજો પુરુષ, એકવચન, નારીજાતિના રૂપમાં છે.

નિયમ : ક્રિયાપદનું રૂપ પોતાના ક્રિયાનાથનાં જાતિ, વચન અને પુરુષ પ્રમાણે થાય છે.

(૨)

૧ છગન અને મગન મારે ત્યાં આવ્યા હતા.
૨ છગને ખાંડ અને ચા ખરીદી.
૩ સીતા, કાશી અને સરસ્વતી મારે ત્યાં આવ્યાં હતાં.
૪ બકરું અને કૂતરું રસ્તામાં ઊભાં હતાં.

ઉપરના પહેલા વાક્યમાં, **છગન** અને **મગન** એ બે નર જાતિના ક્રિયાનાથો **અને**થી જોડાયેલા છે. એનું ક્રિયાપદ ત્રીજો પુરુષ, નરજાતિ અને બહુવચનના રૂપમાં વપરાયેલું છે.

એજ રીતે, બીજા વાક્યમાં નારીજાતિનાં બે નામો **અને**થી જોડાયેલાં હોઈ તેમનું ક્રિયાપદ નારીજાતિ બહુવચનમાં છે. ત્રીજા વાક્યમાં નારીજાતિના ક્રિયાનાથોને માટે માનાર્થે બહુવચન વાપર્યું છે, તેથી ક્રિયાપદ નાન્યતરજાતિના બહુવચનમાં છે. તેજ પ્રમાણે ચોથા વાક્યમાં **અને**થી જોડાયેલા નાન્યતરજાતિના ક્રિયાનાથો સાથે સંબંધ રાખનાર ક્રિયાપદ નાન્યતરજાતિના બહુવચનમાં છે.

નિયમ : જ્યારે એકજ જાતિના એકથી વધારે ક્રિયાનાથો **અને**થી જોડાયેલા હોય, ત્યારે તેની સાથે સંબંધ રાખનારું ક્રિયાપદ તેજ જાતિના બહુવચનમાં આવે છે. નારીજાતિના ક્રિયાનાથો માનાર્થે બહુવચનમાં હોય, ત્યારે ક્રિયાપદ નાન્યતરજાતિના બહુવચનમાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩)

૧ છગન અને સીતા મારે ત્યાં આવ્યાં હતાં.
૨ મેના અને પોપટ ગાતાં હતાં.
૩ મેં ઘોડો અને ગાડી ખરીદ્યાં.

ઉપરનાં ત્રણે વાક્યોમાં જુદી જુદી જાતિના ક્રિયાનાથો **અને**થી જોડાયેલા છે. એનાં ક્રિયાપદ નર કે નારીજાતિના બહુવચનમાં નથી, પરંતુ **નાન્યતરજાતિના બહુવચનમાં** છે.

નિયમ : જુદી જુદી જાતિના ક્રિયાનાથો જ્યારે **અને** કે **તથા** વડે જોડાયેલા હોય, ત્યારે તેની સાથે સંબંધ રાખનારું ક્રિયાપદ નાન્યતરજાતિના બહુવચનમાં આવે છે.

(૪)

૧ તેણે સાલ કે દુપટ્ટો વેચાતો લીધો ?
૨ ત્યાં મગન કે કાશી ગઈ ?
૩ બાગમાં મહેશ અથવા તેના ભાઈઓ રમતા હશે.
૪ હું અથવા તેઓ આ કામ કરશે.
૫ તેઓ અથવા હું આ કામ કરીશ.

ઉપરનાં પાંચે વાક્યો નીચે પ્રમાણે વિસ્તારીને લખી શકાય :

૧ તેણે સાલ **વેચાતી લીધી** કે દુપટ્ટો વેચાતો લીધો ?
૨ ત્યાં મગન **ગયો** છે કે કાશી ગઈ છે ?
૩ બાગમાં રમેશ **રમતો હશે** અથવા તેના ભાઈઓ રમતા હશે.
૪ હું (આ કામ) **કરીશ** અથવા તેઓ આ કામ કરશે.
૫ તેઓ (આ કામ) **કરશે** અથવા હું આ કામ કરીશ.

મૂળ વાક્યોને અને વિસ્તારીને લખેલાં વાક્યોને સરખાવો. એમ કરતાં માલૂમ પડશે કે બીજી રીતે લખેલાં વાક્યો આપણે ટૂંકાવીને બોલીએ તો પહેલી રીતનાં વાક્યો બને છે, અને એમાં પહેલા ક્રિયાનાથનાં ક્રિયાપદો અધ્યાહાર રહે છે. (અધ્યાહાર રહેલાં ક્રિયાપદો મોટા અક્ષરે બતાવ્યાં છે.) આમ થવાથી વાક્યમાં કહેવાયેલાં ક્રિયાપદો છેલ્લા ક્રિયાનાથ સાથે સંબંધ રાખનારાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાપદો છે; તેથી તેઓ તેનાંજ જાતિ, વચન અને પુરુષ પ્રમાણે પોતાનાં રૂપ લે છે; આગલા ક્રિયાનાથ સાથે તેમને સંબંધ હોતો નથી.

નિયમ : જ્યારે વાક્યમાં **વા**, કે, **અથવા**થી જોડાયેલા ક્રિયાનાથો આવે, ત્યારે ક્રિયાપદ છેલ્લા ક્રિયાનાથ પ્રમાણે પોતાનું રૂપ લે છે.

(૫)

૧ હું, તું અને તેઓ મેળામાં જઈશું.
૨ હું અને મગન મેળામાં જઈશું.

નિયમ : પહેલા પુરુષ સાથે બીજા પુરુષ અને ત્રીજા પુરુષનાં સર્વનામો કે નામો ક્રિયાનાથ તરીકે **અને**થી જોડાઈને ભેગાં આવ્યાં હોય, ત્યારે ક્રિયાપદ પહેલા પુરુષ, બહુવચનમાં આવે છે.

(૬)

૧ તું અને મગન બન્ને કામે આવજો.
૨ તું અને તે ત્યાં જજો.

નિયમ : બીજા પુરુષના સર્વનામની સાથે કોઈ નામ કે ત્રીજા પુરુષનું સર્વનામ **અને**થી જોડાઈને ક્રિયાનાથ તરીકે આવે, ત્યારે ક્રિયાપદ બીજા પુરુષ, બહુવચનનું રૂપ લે છે.

નીચેનાં વાક્યો સુધારો :

૧ મહેશ અને તેની બહેન ત્યાં આવ્યા હતા.
૨ તળાવની પાસે, ગાય, ભેંસ અને બકરું બેઠા હતા.
૩ લલિતાએ ચોળી અને કબજો સીવડાવ્યા.
૪ ગાંધીજી સભામાં આવ્યા, ત્યારે સૌ પુરુષો અને સ્ત્રીઓ ઊભા થયા.
૫ તમારે કલમ અથવા ખડિયો લેવા જોઈએ.
૬ સ્ટેશન પર રામ કે તેની વહુ ગયા છે ?
૭ હું અને મારા પિતા મુસાફરીએ જવાના છે.
૮ હું, તું અને તેઓ કાલે જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯ તું અને મગનલાલ જશો.

૧૦ હું મગન અથવા તેઓ ત્યાં જઈશ.

૧૧ તું અથવા ત્યાં જશો.

૧૨ કાચબો અને સસલું હરીફાઈમાં ઊતર્યાં.

વિશેષણ વિશેષ્યનો સંબંધ

(૧)

૧ દાળ, ભાત અને શાક **સારાં** હતાં.

નિયમ : જુદી જુદી જાતિનાં નામો સાથે સંબંધ રાખનારું વિશેષણ નાન્યતરજાતિના બહુવચનમાં આવે છે.

(૨)

૧ સારી સાલ કે દુપટ્ટો લાવજો.

સારી સાલ કે (સારો) દુપટ્ટો લાવજો.

ઉપરના વાક્યમાં **દુપટ્ટાનું** વિશેષણ અધ્યાહાર રહેલું છે. **સારી** એ વિશેષણ માત્ર **સાલ** એ નામ સાથે સંબંધ રાખે છે, અને તેથી તે તેના વિશેષ્ય પ્રમાણે નારીજાતિનું રૂપ લે છે.

નિયમ : બે નામો કે, **અગર, અથવા** એ પદથી જોડાયાં હોય, ત્યારે વિશેષણ પાસેના નામની સાથે સંબંધ રાખીને તે પ્રમાણે પોતાનું રૂપ લે છે.

(૩)

એકવચન	બહુવચન
સારો કૂતરો	**સારા** કૂતરા
સારું કૂતરું	**સારાં** કૂતરાં

નિયમ : (૧) નરજાતિના એકવચનના નામ સાથે આવેલા વિશેષણને છેડે **ઓ** આવે છે, અને બહુવચનના નામ સાથે આવેલા વિશેષણને છેડે **આ** આવે છે.

(૨) વિશેષણ જ્યારે નાન્યતરજાતિના એકવચનના નામ સાથે આવે છે, ત્યારે તે વિશેષણને છેડે **ઉં** આવે છે, અને જ્યારે એ બહુવચનના નામ સાથે આવે છે ત્યારે તેને છેડે **આં** આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

એકવચન	બહુવચન
(સારું પંખી)	(સારાં પંખીઓ)
સારાં પંખીને	સારાં પંખીઓને

નિયમ : જેને છેડે ઉ હોય એવા વિશેષણના વિશેષ્યને જો વિભક્તિનો પ્રત્યય લાગે, તો વિશેષણને છેડે આવેલા ઉનો એકવચનમાં આ થાય છે, અને બહુવચનમાં આં થાય છે.

(૫)

૧ મેં દોડતા છોકરાઓને અટકાવ્યા.

૨ અમે દોડતાં હરણ જોયાં.

૩ છોકરાઓ દોડતાં દોડતાં થાકી ગયા હતા.

૧લા અને ૨જા વાક્યમાં દોડતા અને દોડતાં એ બંને વર્તમાન કૃદંતો છે. એનાં રૂપ એના વિશેષ્ય તરીકે આવેલાં નામનાં જાતિ અને વચન પ્રમાણે થયાં છે.

ત્રીજા વાક્યમાં દોડતાં દોડતાં એ ક્રિયાવિશેષણનું કામ કરે છે. અહીં વર્તમાન કૃદંત અવ્યય તરીકે વપરાયું છે. આ રીતે વર્તમાન કૃદંત ક્રિયાવિશેષણનું કામ કરે, ત્યારે તેનું રૂપ નાન્યતરજાતિના બહુવચનનું હોય છે.

મનોયત્ન : ૨૫

નીચે આપેલાં વાક્યો સુધારો :

૧ મેં ખરીદેલાં કેરી અને તરબૂચ સારા હતા.

૨ નકામુ કાર્ય કરવું નહિ.

૩ પોપટે તીખા મરચાં ખાધા.

૪ તેણે બંધાવેલા ઘરો ખાલી પડી રહ્યા.

૫ અમે રડતા બાળકોને જોયાં.

૬ અમે એક દોડતાં સસલાંને જોયું.

૭ મારે માટે મીઠાં સંતરું કે દ્રાક્ષ લાવજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ જમરૂખ કે દ્રાક્ષ ખાવામાં સારાં છે ?
૯ રમતા રમતા, સીતા થાકી ગઈ.
૧૦ પર્વત ઉપરથી, અમે દોડતા વાદળાંઓને જોયાં.
૧૧ સિપાઈએ નાસતાં ચોરોને અટકાવ્યા.
૧૨ વાંચતા વાંચતા, મને ઊંઘ આવી ગઈ.

પ્રકરણ ૨૦

વિરામચિહ્ન

તમે વિરામચિહ્ન શું છે એ બીજા પુસ્તકમાં શીખી ગયા છો. હવે તેના ખાસ ઉપયોગ જોઈએ.

પૂર્ણવિરામ ક્યાં આવે ?

(૧)

૧ રામ વનમાં ગયા.
૨ વસંતઋતુમાં આંબાને મોર આવે છે.
હકીકત કહેનાર વાક્યને અંતે **પૂર્ણવિરામ** આવે છે.

(૨)

મે. = મહેરબાન તા. ક. = તાજી કલમ
શ્રી. = શ્રીયુત
શબ્દોના ટૂંકા રૂપને અંતે **પૂર્ણવિરામ** આવે છે.

(૩)

મ. હ. નાયક = મણિભાઈ હરિભાઈ નાયક
ગં. છો. ગાંધી = ગંગાદાસ છોટાલાલ ગાંધી
સ. લા. ત્રિવેદી = સવિતાબહેન લાલશંકર ત્રિવેદી
ટૂંકી સહીના અક્ષરો પછી **પૂર્ણવિરામ** આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલ્પવિરામ ક્યાં આવે ?

(૧)

૧ રામ, પાણી લાવ.

૨ મગન, નિશાળે જા.

વાક્યમાં સંબોધન વિભક્તિનું નામ આવે, ત્યારે તેને જુદું પાડવા **અલ્પવિરામ** વપરાય છે.

(૨)

૧ ગાય, ભેંસ, બળદ અને ઘોડો એ ઉપયોગી પ્રાણીઓ છે.

૨ મેં પોપટ, મેના અને કબૂતરને પાળ્યાં છે.

વાક્યમાં ઘણાં નામો સાથે આવ્યાં હોય, ત્યારે તેમને એકબીજાથી જુદાં બતાવવા અલ્પવિરામ આવે છે. આ પૈકીનાં છેલ્લાં બે નામો વચ્ચે અલ્પવિરામની જગ્યાએ **અને** નો ઉપયોગ થાય છે.

૧ મારા બધા મિત્રો વિવેકી, પ્રમાણિક અને પ્રેમાળ છે.

૨ આવી ભવ્ય, સુંદર અને આકર્ષક નદી અમે કદી જોઈ ન હતી.

૩ રમેશે નરમાશથી, સહાનુભૂતિથી અને પ્રેમથી વાત કરી.

વાક્યમાં ઘણાં વિશેષણો અથવા ક્રિયાવિશેષણો સાથે આવે ત્યારે તેમને નામની માફક જુદાં બતાવવા **અલ્પવિરામ** વપરાય છે.

(૩)

૧ વિક્રમાદિત્ય ડાહ્યો, પારકાંનાં દુઃખ હરનાર અને પ્રજાનું હિત ચાહનાર રાજા હતો.

૨ તે રાત્રે અમે જમના નદીને કાંઠે ઊભેલો, સફેદ આરસપહાણનો, ચાંદનીને લીધે વધુ ભવ્ય દેખાતો તાજમહાલ જોયો.

વાક્યમાં કોઈ પદને કોઈ શબ્દગુચ્છથી, તથા એક શબ્દગુચ્છને બીજા શબ્દગુચ્છથી જુદાં બતાવવા **અલ્પવિરામ** વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

૧ અહો, તમે આજે આનંદી જણાઓ છો.

૨ અરે, આ શું કર્યું ?

વાક્યમાં આવેલા ઉદ્ગારવાચક શબ્દને જુદો પાડવા **અલ્પવિરામ** વપરાય છે.

(૫)

૧ **જ્યારે આકાશમાં ગાજવીજ થતી હોય, મુશળધાર વરસાદ પડતો હોય** અને રાત અંધારી હોય, ત્યારે ઘણાના મનમાં ભય ઉત્પન્ન થાય છે.

૨ **જેણે જીવનમાં અનેક મુશ્કેલીઓ વેઠી છે, જેણે મુશ્કેલીમાં પણ પારકાંને મદદ કરી છે** અને જેણે પોતાના સુખની પરવા કરી નથી, તે મહાન પુરુષને તમે ઓળખો છો ?

વાક્યમાં જ્યારે ઘણાં ઉપવાક્યો સાથે આવે, ત્યારે તેમને જુદાં પાડવા **અલ્પવિરામ** વપરાય છે.

અર્ધવિરામ

વાક્યમાં અલ્પવિરામનો ઉપયોગ આપણે જોયો. જ્યાં અલ્પવિરામ આવે છે, ત્યાં આપણે થોડું અટકીએ છીએ.

હવે નીચેનાં વાક્યો વાંચો :

૧ રમત પૂરી થઈ અને જોવા મળેલા લોકો વિખેરાયા.

૨ રમત પૂરી થઈ; જોવા મળેલા લોકો વિખેરાયા.

આ બંને સંયુક્ત વાક્યો છે. એ દરેક વાક્યમાં બે સ્વતંત્ર વાક્યો આવેલાં છે. એ બે સ્વતંત્ર વાક્યો વચ્ચે અર્થની દૃષ્ટિએ સંબંધ છે, તેથી તેમને એક સંયુક્ત વાક્યમાં સાથે લખ્યાં છે. એવાં વાક્યોને કેટલીક વાર એક વાક્યમાં **અને** કે એવાં ઉભયાન્વયી પદ વડે જોડવામાં આવે છે. કેટલીક વાર સંયોજકને બદલે બીજા વાક્યમાં બતાવ્યા પ્રમાણે આવું (;) ચિહ્ન વપરાય છે. એ ચિહ્નને **અર્ધવિરામ** કહે છે.

નીચેના દાખલાઓ ઉપરથી એ વધારે સ્પષ્ટ થશે :

૧ કૃષ્ણ રાજા થયા; તેમનો સહાધ્યાયી, સુદામા ભિખારીજ રહ્યો.

૨ ધરતીકંપ થયો; ઘરો તૂટી પડ્યાં; આખું ગામ નાશ પામ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવતરણચિહ્ન

૧ તેણે કહ્યું, "હું સભામાં હાજર રહીશ."

૨ મેં પૂછ્યું, "તમે આવશો ?"

કોઈના કહેલા કે લખેલા શબ્દો તેના તેજ રૂપમાં લખી બતાવવા હોય, તો એ શબ્દો અવતરણચિહ્નમાં મુકાય છે

એ વાક્યો નીચે પ્રમાણે લખ્યાં હોય તો **અવતરણચિહ્ન** વિના આવે છે.

૧ તેણે કહ્યું કે હું સભામાં હાજર રહીશ.

૨ તમે આવશો એમ મેં પૂછ્યું.

નોંધ : અવતરણચિહ્ની જગ્યાએ કે અથવા **એમ** એ સંયોજકો વપરાય છે.

લોપચિહ્ન

પહાડ = પા'ડ

કહેજે = કે'જે

શબ્દનો કોઈ અક્ષર લખવામાં પડતો મૂકવામાં આવ્યો હોય, તો તે સૂચવવા તે અક્ષરને બદલે મથાળેથી ' આવું ચિહ્ન મુકાય છે. એને **લોપચિહ્ન** કહે છે. [અક્ષરનો લોપ થયો છે એમ બતાવતું ચિહ્ન તે લોપચિહ્ન]

નોંધ : આ પ્રકરણમાં વિદ્યાર્થીઓના અભ્યાસની કક્ષા પ્રમાણે તેઓના લેખનમાં જરૂરી એવાંજ વિરામચિહ્ન આપ્યાં છે.

મનોયત્ન : ૨૬

(૧)

નીચેનાં વાક્યોમાં **પૂર્ણવિરામ** યોગ્ય સ્થળે મૂકો :

૧ મારું ટૂંકું નામ **ના મા પાઠક** છે.

૨ અમે મે કલેકટર સાહેબને અરજી કરી છે.

૩ સભામાં શ્રી વિશ્વનાથે ભાષણ આપ્યું.

૪ પત્રને છેડે મારે તા ક લખવી પડી.

૫ દાદાભાઈ નવસારીમાં જન્મ્યા હતા તેઓ મુંબઈમાં ભણ્યા હતા.

૬ અમે જોશીને મળ્યા તેણે અમને આવકાર આપ્યો અમે તેને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)

નીચેનાં વાક્યોમાં **અલ્પવિરામ** યોગ્ય સ્થળે મૂકો :

૧ બહેન તું ક્યાં ગઈ હતી ?

૨ અમારા પાડોશી દયાશંકર બહુ ભલા માણસ છે.

૩ હું છગન મહેશ અને રમણ દરિયે નહાવા ગયા.

૪ તું મારે માટે કેરી જાંબુ અને જમરૂખ લેતો આવજે.

૫ રાય રંક ઊંચ નીચ પાપી અને પુણ્યશાળી સર્વ કોઈને સંત પુરુષો ચાહે છે.

૬ અમારો નોકર હોશિયાર ખંતીલો અને ઉદ્યોગી હતો.

૭ આટલો ઊંચો આટલો સુંદર અને આટલો આકર્ષક પર્વત મેં કદી જોયો ન હતો.

૮ સભામાં વક્તાએ ધીમેથી વિનયથી અને મક્કમતાથી ભાષણ કર્યું.

૯ અરે આ શું જણાય છે ?

૧૦ અહો તમે પણ આવ્યા ખરા.

૧૧ જ્યાં સંપ છે જ્યાં એકમેક વચ્ચે પ્રેમ છે અને જ્યાં મિથ્યા અભિમાન હોતું નથી ત્યાં લોકો સુખી થાય છે.

(૩)

નીચેનાં વાક્યોમાં યોગ્યે સ્થળે **અવતરણ, અલ્પવિરામ, પ્રશ્ન** અને **ઉદ્ગાર** ચિહ્નો મૂકો:

૧ તેણે કહ્યું મારાથી એ કામ ન બને.

૨ તમે ક્યાં ગયા હતા શેઠે મુનીમને પૂછ્યું.

૩ મહેશ બોલી ઊઠયો કેટલું સુંદર ફૂલ

૪ તમે મારે ત્યાં ક્યારે આવશો

૫ તે છોકરો બૂમ પાડી બોલી ઊઠયો સાપ સાપ

૬ તે કાંઈ માણસ છે કેટલો નઠોર

૭ ચૂપ કોઈ આવે છે.

૮ શાબાશ તેં રંગ રાખ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

નીચેનાં વાક્યોમાં **અર્ધવિરામ** મૂકો:

૧ મદનલાલ બહાર જવા તૈયાર થયા છોકરાઓએ સાથે જવા હઠ કરી.

૨ સૂર્ય અસ્ત પામ્યો તારાઓ એક પછી એક ફૂટવા લાગ્યા થોડી વારમાં ચંદ્રનું અજવાળું પૃથ્વીને વીંટી વળ્યું.

૩ ઉત્તર હિંદની નદીઓમાં ઉનાળામાં રેલ આવે છે દક્ષિણ હિંદની નદીઓ ત્યારે સુકાઈ જાય છે.

૪ કમળ સવારે ખીલે છે પોયણી રાત્રે ખીલે છે.

(૫)

નીચેની કંડિકામાં યોગ્ય **વિરામચિહ્નો** મૂકો:

સાંજે લગભગ સૂર્યાસ્ત સમયે અમે ધર્મશાળાની નજીક આવી પહોંચ્યા તે નવી બાંધેલી તરતની રંગેલી દેખાવે ભવ્ય અને ખૂબ સગવડવાળી હોય એમ લાગ્યું બારણા પાસેજ એક બાવાએ અમારો સત્કાર કર્યો તેણે અમને પૂછ્યું કયાંથી આવો છો મેં કહ્યું ઉત્તર તરફથી જવાબ સાંભળી તે આશ્ચર્યથી મારા તરફ જોઈ રહ્યો—જાણે હું કોઈ વિચિત્ર પ્રાણી ન હોઉં

અમે અંદરના ચોગાનમાં ગયા ત્યાં આગળ વચમાં એક મોટું ઘટાદાર વડવાઈથી ઝૂકી રહેલું વડનું વૃક્ષ હતું થડની બખોલમાં ડાળીઓમાં મેં પંખીઓના ઘણા માળા જોયા ઘાસનાં તણખલાં નાની નાની દોરીના ટુકડાઓ પીંછાંઓ વગેરેની મદદથી એ માળા બાંધવામાં આવ્યા હોય એમ લાગ્યું અંદર નાનાં મોટાં બચ્ચાંઓ ચકચક કરી આનંદ કરી રહ્યાં હતાં

ઓટલા પર અમે સામાન મૂક્યો અને બેઠા થોડી વારમાં લગભગ પંદરેક મિનિટમાં બાવો તાંબાના ચકચકતા ઘડામાં પાણી લઈ આવ્યો અમે પાણી પીધું અને પછી આડા પડી થાક ઉતારવા લાગ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૧
વાર્તાલેખન

નીચે થોડી વાર્તાઓ આપી છે. તેનો અભ્યાસ કરો :

(૧)
ચાલાક વાંદરો

એક નદીને કાંઠે બોરડીનું ઝાડ હતું. તેની ઉપર અવારનવાર વાંદરાંઓ બોર ખાવા આવતાં. નદીમાં એક મોટો મગર રહેતો હતો. વાંદરાંઓ થોડાં બોર ખાતાં અને થોડાં નીચે ફેંકતાં. એક દિવસ મગરે નીચે પડેલાં મીઠાં બોર ચાખ્યાં, અને તે તેને ખૂબ ભાવ્યાં. તેણે વિચાર કર્યો કે બોર આટલાં મીઠાં છે તો તેના ખાનારાનું કાળજું કેટલું મીઠું હશે! મારે એકાદ વાંદરાનું કાળજું ખાવું જોઈએ.

તે દિવસથી તે કાંઠાના છીછરા પાણીમાં ચુપચુપ પડી રહી એકાદ વાંદરાને પકડવાની રાહ જોવા લાગ્યો. એક દિવસ એક વાંદરો પાણી પીવા નીચે ઊતર્યો. જેવો તે પાણી પીવા ગયો કે ઝડપ મારી મગરે તેનો પગ પકડયો.

વાંદરાએ પૂછ્યું, "મગરભાઈ, મને કેમ પકડો છો? મારું શું કામ પડયું?"

મૂર્ખ મગરે જવાબ આપ્યો, "મારે તારું મીઠું કાળજું ખાવું છે."

ચાલાક વાંદરો બધી વાત સમજી ગયો એટલે તેણે કહ્યું, "અહો, તમારે મારું કાળજું જોઈએ છે ને? બહુ સારી વાત. પણ અમે તો કાળજું ઝાડ પર રાખીએ છીએ." મગરે પૂછયું: કેમ? વાંદરે કહ્યું, "અમે એક ઝાડથી બીજા ઝાડ પર કૂદાકૂદ કરીએ. કાળજું સાથે રાખીએ તો તેના ચૂરેચૂરા થઈ જાય. લ્યો, તમે કહો તો હું ઝાડ પર જઈ મારું કાળજું આણી આપું." મૂર્ખ મગરે તેમ કરવા કબૂલ કર્યું અને પગ છોડી દીધો.

વાંદરો છલંગ મારી ઝાડ પર ચઢી ગયો અને હસીને કહેવા લાગ્યો, "મગરભાઈ, મારું કાળજું તો ઝાડ પર લટકતું નથી, પણ તમારી અક્કલ ઝાડ પર લટકે છે, ખરી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨)
રાજમાર્ગની શિલા

એક રાજા હતો. તે ખૂબ મહેનતુ, ભલો અને પોતાની પ્રજાના સુખની સતત ચિંતા કરનાર હતો. પરંતુ તેની પ્રજા બહુ આળસુ હતી. રાજાને તેમને વિશે ખૂબ ચિંતા થવા લાગી, એટલે તેણે પોતાના પ્રધાનને બોલાવ્યો અને તેની સલાહ લીધી. પ્રધાને કહ્યું, "મહારાજ, કાશીમાં એક વૃદ્ધ પંડિત છે. તેમને બોલાવો તો તે કોઈ માર્ગ બતાવશે."

કાશીથી પંડિત આવ્યા, ત્યારે રાજાએ તેને આવકાર દઈને બધી વાત કરી. બીજે દિવસે સવારના પહોરમાં, બજારના રસ્તાની વચ્ચોવચ એક ખાડામાં લોકોએ મોટી શિલા જોઈ. થોડી વારમાં એક ઘોડેસવાર આવ્યો અને શિલા સાથે ઠોકરાયો, એટલે તે પથ્થર નાંખનારને થોડાક શબ્દો સંભળાવી ચાલ્યો ગયો. બીજો આવ્યો ગાડાવાળો. પથ્થર જોતાં તે ખૂબ બબડવા લાગ્યો. બીજા લોકો હસવા લાગ્યા, પણ કોઈએ પથ્થર ખસેડ્યો નહિ. ગાડાવાળાએ પણ વળાંક લઈ ગાડું હાંકી મૂક્યું.

આમ એક મહિનો વીત્યો. તે પથ્થર સાથે કેટલા યે ઠોકરાયા અને પડ્યા, પણ પથ્થર ત્યાંનો ત્યાંજ રહ્યો. સૌ કોઈ પથ્થર ત્યાં પડ્યો રાખવા બદલ એકબીજાને દોષ દેતું, પણ કોઈ પથ્થરને ઊંચકતું નહિ. રાજાએ પછી ઢંઢેરો પિટાવ્યો કે દરેક જણે શિલા પાસે બીજે દિવસે હાજર થવું.

સવારે રાજાએ ભેગા થયેલા લોકોને કહ્યું, "આ શિલા મેં મુકાવી હતી, પણ કોઈએ એને ઊંચકીને બાજુએ મૂકી નથી." એમ કહીને રાજાએ એ શિલા જાતે ખસેડી તો તેની નીચેથી એક થેલી નીકળી. તેને ઊંધી વાળી ત્યાં તો તેમાંથી સોનામહોરો ખંખેરાઈ પડી. લોકોએ કોથળી પર લખેલું વાંચ્યું : "જે પથ્થર ખસેડે તેને ભેટ."

લોકો આ જોઈ બહુ શરમાઈ ગયા અને પસ્તાયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોયત્ન : ૨૭

નીચે આપેલી રૂપરેખા પરથી વાર્તા લખો :

(૧)

સિંહ અને ચાર આખલા

એક ઘાસનું બીડ – ઘાસ ચરતા ચાર આખલાઓ – સિંહે તેમને જોયા – ખાવાની ઇચ્છા – આખલા ચાર હોવાથી સિંહને બીક – તેમને ખાવાની યુક્તિ – દરેક આખલો બીજા આખલાનું ભૂંડું બોલે છે – આખલાઓ વચ્ચે લડાઈ – સિંહે વારાફરતી આખલાઓનો કરેલો શિકાર – કુસંપનું ફળ.

(૨)

ખોટી બંદૂક

શેઠનો નોકર એક ગામથી બીજે ગામ જાય – વચ્ચે ધાડપાડુનો મેળાપ – લૂંટ – નોકરે કહ્યું : લુંટાવાની સાબિતી તરીકે મારા કોટમાં બંદૂકથી કાણું પાડી આપો – ઝાડ પર કોટ ટાંગ્યો – ધાડપાડુએ બંદૂક ફોડી – કોટમાં કાણું ન પડયું – નોકર સમજી ગયો કે બંદૂક ખાલી બારની હતી – મારામારી – નોકરનો વિજય.

(૩)

ત્રણ ઉમેદવાર

એક પૈસાદાર વેપારી – જાહેરખબર : મોટર હાંકનાર જોઈએ છે – ત્રણ ઉમેદવાર હાજર થાય છે – વેપારી પહેલાને પૂછે છે; પૂને જતાં ઘાટની ધારે કેટલી પાસેથી મોટર હાંકી શકે ?–જવાબ : ઘાટની કોરથી માત્ર વેંત દૂર રાખું–બીજા ઉમેદવારને પ્રશ્ન–જવાબ : હું તો હંમેશ ઘાટની કોરેકોરેજ હાંકું છું; એનો તો શો હિસાબ ! – ત્રીજા ઉમેદવારનો જવાબ : ઘાટની કોરે હું કદી હાંકતો જ નથી; એમ કરવાનો કશો અર્થ નથી – વેપારીએ કહ્યું : મારે તારીજ જરૂર છે – પહેલા બેને રજા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪)

સાચો ન્યાય

જમના નદીને કિનારે મોગલ બાદશાહ જહાંગીરનો મહેલ – એક સાંજે ધોબી અને ધોબણ કપડાં ધોવા આવે છે – મહેલની બારી પાસે નૂરજહાં – કપડાં ધોવાનો અવાજ – નૂરજહાં શિકારી પ્રાણીનો અવાજ ધારે છે – બંદૂક લાવી તે દિશામાં ફોડે છે – ધોબીનું મૃત્યુ – ધોબણની જહાંગીર પાસે ફરિયાદ – ન્યાયનો દિવસ – લોકોની દરબારમાં મેદની – જહાંગીર ધોબણને બંદૂક આપે છે – કહે છે : નૂરજહાંએ તારા પતિને માર્યો છે. તું તેના પતિને બંદૂકથી માર – ધોબણના હાથમાંથી બંદૂક પડી જાય છે.

(૫)

ગરીબના સાક્ષી

એક પૈસાદાર શેઠનો ખેડૂતનું ઘર પડાવી લેવાનો વિચાર – શેઠ ગળે પડે છે – તકરાર – મામલો કોર્ટે જાય છે – શેઠ બનાવટી સાક્ષી લાવે છે – ન્યાયાધીશને રૂ. ૨૦૦ની થેલી લાંચ તરીકે – બીજે દિવસે ન્યાય – ન્યાયાધીશ ખેડૂતને પૂછે છે : તારો કોઈ સાક્ષી છે – ખેડૂત : ઈશ્વર સિવાય કોઈ નહિ; હું સોગંદપૂર્વક કહું છું કે ઘર મારું છે – ન્યાયાધીશ થેલી ટેબલ પર ખાલવે છે – ખેડૂતને કહે છે : તારા સાક્ષી ૨૦૦ જણ છે; જો આ રહ્યા – ખેડૂતની તરફેણમાં ચુકાદો – શેઠનો ફિટકાર.

પ્રકરણ ૨૨

પત્ર કેમ લખવો તે તમે શીખી ગયા છો. સગાંવહાલાં અને મિત્રોને જે પત્રો લખાય છે તેને **ખાનગી પત્રો** કહે છે. જે પત્રો ધંધાને અંગે લખવામાં આવે તે **ધંધાદારી પત્રો** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રનું બંધારણ

દરેક પત્રને શરૂઆત, મધ્ય અને અંત હોય છે.

(૧) **શરૂઆત :** પત્રના મથાળાના જમણા હાથને ખૂણે પત્ર લખનારનું સરનામું ને તારીખ આવે છે. જરાક નીચેથી ડાબા હાથ તરફ જેને પત્ર લખ્યો હોય તેને વિશે સંબોધનસૂચક શબ્દ કે શબ્દો હોય છે : પ્રિય ભાઈ, પૂજ્ય પિતાજી, પ્રિય બહેન, ચિ. રમેશ વગેરે.

(૨) **મધ્ય :** પત્રના મધ્યમાં જે કાંઈ લખવાની હકીકત હોય તે આવે છે.

(૩) **અંત :** અંતમાં, જેને પત્ર લખ્યો હોય, તેની વિનયપૂર્વક રજા માગી, પત્રની જમણી બાજુએ, લેખક પોતાની સહી કરે છે : લિ. રમેશના પ્રણામ; લિ. કુમદની આશિષ; લિ. હરીન્દ્ર વગેરે.

પત્રોના નમૂના

(૧)

[શહેરમાં રહેનાર એક છોકરો ગામડામાં પોતાના મામાને ત્યાં રજા ગાળવા જાય છે. ત્યાંથી તે પોતાની બહેન પર પોતાના અનુભવનો પત્ર લખે છે.]

કુંદનપુર,
૧૦-૫-૩૯

પ્રિય બહેન સાધના,

હું મુંબઈથી નીકળ્યો, ત્યારે તેં કહ્યું હતું, "હરીન્દ્ર, તું ગામડે જાય છે, પણ ત્યાં તને ગમશે નહિ." પણ તારી વાત ખોટી પડી ! અહીં આવ્યાને આઠ દિવસ તો થઈ ગયા. વખત તો જાણે પાણીના રેલાની માફક વહી જાય છે.

હું જ્યારે કુંદનપુરના સ્ટેશને ઊતર્યો, ત્યારે મામાનો રમેશ મને લેવા આવ્યો હતો. કેટલું શાંત સ્ટેશન ! મુંબઈની ધમાલ અહીં મળેજ નહિ. સ્ટેશનની બહાર નીકળી અમે એક લાંબા ગાડામાં બેઠા, ત્યારે મને ખૂબ હસવું આવ્યું. હાંકનાર બળદનાં પૂંછડાં આમળતો જાય, અને વિચિત્ર વાતો કરી હસાવતો જાય.

રસ્તામાં નદી આવી. તેને કાંઠે અમે ઊતર્યા અને પાણી પીધું. આસપાસ લીલાંછમ ઝાડો અને મધુર ગીત ગાતાં પંખીઓ ! આ બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં તો પહેલીજ વાર જોયું. અહા, કેટલો આનંદ થયો હતો ! ઘેર પહોંચ્યા ત્યારે મામાએ બહુજ હેતથી મને બોલાવ્યો. અહીંનું ઘર કેવડું મોટું ? ક્યાં મુંબઈનું ચકલીના માળા જેવડું આપણું ઘર અને ક્યાં આ ? જ્યાં જુઓ ત્યાં જગ્યાજ જગ્યા ! ઘરની આસપાસ મોટો વાડો અને તેમાં યે જુદાં જુદાં લીલાં ઝાડો : કોઈ આંબો, કોઈ બોરડી, તો કોઈ જમરૂખી. આ આઠ દિવસમાં મેં કેટલાં મીઠાં મધ જેવાં બોર ખાધાં તે જો ગણવા બેસું તો ગણાય પણ નહિ. કાલે મામાએ કહ્યું, કે હરીન્દ્ર મુંબઈ જાય ત્યારે સાથનાને માટે એક ટોપલો બોર લઈ જજે. બહેન, આપણા મામા તે મામાજ !

ગઈ કાલે અમે બધાં પોંક ખાવા ગયાં હતાં. મુંબઈની જેમ અહીં હોટલમાં બેસી ખાવાનું હોતું નથી. ખુલ્લા ખેતરમાં અમે ગરમાગરમ પોંક ખાધો. કેવી મજા પડી !

સવારે હું ફરવા જાઉં છું અને ખેડૂતોને કામ કરતા જોઉં છું, અને સાંજે નદીકાંઠે ગામનાં છોકરાં સાથે રમું છું.

બહેન, હું રજા પૂરી થતાં મુંબઈ આવીશ, ત્યારે આપણા ઝરૂખામાં આપણા મંડળ આગળ બધી વાત કરીશ. તમને એવી મજા પડશે કે તમે સાંભળતાં સાંભળતાં ખાવાનું પણ ભૂલી જશો. એજ.

લિ. તારો
હરીન્દ્ર

(૨)

[શહેરનો અનુભવ વર્ણવતો પત્ર]

વિઠ્ઠલભાઈ પટેલ રોડ,
મુંબઈ,
૧૫-૧૧-૩૯

પ્રિય ભાઈ સુમંત,

મને આપણા ગામથી અહીં આવ્યાને લગભગ એક અઠવાડિયું થઈ ગયું. તને પત્ર લખતાં વિલંબ થયો, તેથી ગુસ્સે થઈશ નહિ. સાચું કહું તો મને અહીં નવરાશ મળતીજ નથી. મારા કાકાના દીકરા, મોહન સાથે હું જમીને શહેરમાં ફરવા નીકળી જાઉં છું, તે સાંજે આવું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં ઘણુંખરું મુંબઈ જોઈ કાઢયું એમ કહી શકાય; પરંતુ હું તેથી તેના ખૂણે ખૂણાનો ભોમિયો થઈ ગયો એમ કહેવા માગતો નથી.

અહીં શરૂઆતમાં મને કેટલીક ગૂંચવણો લાગ્યા કરી. હું રહું છું તે ચાર મજલાનું મકાન છે. તેના દરેક મજલા ઉપર ૫૦ ઓરડાઓ છે. એ દરેક ઓરડામાં એકએક કુટુંબ રહે છે. મારા કાકા પાસે એવા બે ઓરડાઓ છે, તોપણ મને અહીં બહુજ સંકડામણ લાગે છે. આ બધા લોકો એવી સાંકડી જગ્યામાં કેમ રહેતા હશે?

ઘણાં કુટુંબો એકજ મકાનમાં રહે તેથી ઘોંઘાટ, ધમાલ, ગંદકી થાય; એ બધું પહેલાં તો અસહ્ય લાગે. હવે હું કંઈક ટેવાયો છું. પરંતુ ગામડાની મોકળાશ, ખુલ્લી હવા, અને આકાશ એના તો અહીં સાંસાજ સમજવા.

શહેરના રસ્તા પર પણ વાહનો અને માણસોની એટલી બધી ગીરદી હોય છે કે રસ્તામાં પણ સાવધાનીપૂર્વક ચાલવાનું; જરા ગાફેલ થઈએ તો મોટર તળે આવીજ ગયા સમજવું. છતાં અહીં ટ્રામમાં, મોટરબસમાં કે વીજળીથી ચાલતી ગાડીમાં ફરવાની, બંદરમાં બોટની સહેલગાહ કરવાની અને દરિયાકિનારે લટાર મારવાની ઓર મજા આવે છે, એ વાત મારે સ્વીકારવી જોઈએ.

ગઈ કાલે અમે એક ચિત્રપટ જોવા ગયા હતા. મને થયું, તું મારી સાથે હોત તો કેવું! આવતી રજામાં હું તને સાથે લેતો આવીશ.

હું આવતા સોમવારે ગામ આવીશ, ત્યારે બીજી વાતચીત કરીશું.

લિ. સ્નેહાધીન
રમેશ

(૩)

[પિતાને પુત્રનો પત્ર]

નૂતન છાત્રાલય,
અમદાવાદ, ૧૬-૧૨-૩૯

પૂજ્ય બાપુજી,

તમારો પત્ર મળ્યો. છમાસિક પરીક્ષામાં હું પહેલે નંબરે પાસ થયો છું. પરિણામ-પત્ર મળતાં, હું તે મોકલી આપીશ. આજ દિવસ પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમને નાતાલની રજા પડશે. આ રજાઓમાં, અમને આબુ વગેરે સ્થળોએ ફરવા લઈ જવાનો કાર્યક્રમ અમારી શાળાના આચાર્યે ગોઠવ્યો છે. જેની એમાં ભાગ લેવાની મરજી હોય તેણે નામ નોંધાવવાનું છે. મારો વિચાર એ પર્યટનમાં જવાનો છે, કારણકે અમારા આચાર્યનો ખૂબ આગ્રહ છે. તેઓ કહે છે કે આ પર્યટનદ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જાણવાનું મળશે. અમારી સાથે શિક્ષકો પણ આવનાર છે, એટલે કંઈ તકલીફ પડે એમ નથી, અને વધુમાં અમારા પર તેમનો કાબૂ રહેશે.

તમે જો રજા આપો તો હું પણ નામ નોંધાવું. વળતી ટપાલે જવાબ આપશો એવી આશા છે.

શોભા અભ્યાસમાં કેમ ચાલે છે? તેને હું ખૂબ યાદ કરું છું. માને મારા પ્રણામ કહેશો.

લિ.
દિનકરના પ્રણામ

(૪)

[પટેલને અરજી] માંકડા પોળ, નડિયાદ

મહેરબાન માણેકપુર ગામના પટેલ સાહેબ,

હું અહીંની હાઈસ્કૂલમાં અંગ્રેજી ત્રીજા ધોરણમાં અભ્યાસ કરું છું. મેં માધ્યમિક શાળાની શિષ્યવૃત્તિ માટે અરજી કરી છે. એ અરજી સાથે હું બ્રિટિશ હદનો વતની છું, એવી મતલબનો ગામના પટેલની સહી-સિક્કાવાળો દાખલો રજૂ કરવાની જરૂર છે.

તેથી હું આપને વિનંતી કરું છું કે બનતી ઉતાવળથી આપ ગામની જન્મનોંધના ચોપડાને આધારે, હું બ્રિટિશ હદમાં જન્મ્યો છું અને એ ગામનો વતની છું, એવી મતલબનો દાખલો ઉપરને સરનામે મોકલી આપવા મહેરબાની કરશો.

મારે આવતા અઠવાડિયા દરમ્યાન અરજી કરવાની છે, તો દાખલો વેળાસર મળે એવી વ્યવસ્થા કરશો.

લિ. સેવક
નર્મદાશંકર મ. ત્રિવેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫)

[એક વેપારીનો બીજા વેપારીને પત્ર]

કટલરી બજાર,
રામપુર,
૧૬-૧૨-૩૯

મહેરબાન શેઠ અબદુલ્લા કાસમભાઈ,

તમે મોકલાવેલી રેલવે રસીદ કાલે મળી. આજે અમે માલ છોડાવ્યો છે, પણ બધી પેટી ફાડી જોતાં તમે મોકલાવેલા માલમાં કંઈ ભૂલ થઈ હોય એમ લાગે છે. અમારી માગણી પ્રમાણે માલ આવ્યો નથી. માલમાં બીજી વસ્તુઓ ઉપરાંત અમે બે પેટી હાથીછાપ કાતરની મંગાવી હતી, તેને બદલે સિંહછાપ કાતરની બે પેટીઓ આવી છે. અમને લાગે છે કે આ પેટી મોકલવામાં કંઈ ભૂલ થઈ છે. આપ એ બાબતમાં તપાસ કરી અમારી માગણી પ્રમાણે માલ મોકલવાની વ્યવસ્થા કરશો. અહીં આવેલી પેટીઓનો બંદોબસ્ત તમે કહેશો તેમ કરીશ.

જેમ બને તેમ માલ મોકલવાની ઉતાવળ કરશો. હમણાં ઘરાકી ઘણી છે, એટલે એની ઉતાવળ છે. પત્ર વળતી ટપાલે લખશો.

લિ.
ઠાકોરદાસ રંગીલદાસ દલાલ

મનોયત્ન : ૨૮

નીચે સૂચવ્યા પ્રમાણે પત્ર લખો :

૧ તમારા મિત્રને તમે કરેલી ઉજાણીનું વર્ણન લખો.

૨ તમારા મિત્ર પાસે કેમેરા છે. તમારે તમારી શાળાના મેળાવડા માટે એની જરૂર છે. એને કેમેરા આપવાની વિનંતી કરતો પત્ર લખો.

૩ તમારો મિત્ર બહારગામ રહે છે. તેને તમારે ત્યાં થનાર લગ્ન માટે નિમંત્રણ આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪ તમે રજાના દિવસો કેવી રીતે ગાળો છો, તે બહારગામ રહેતા તમારા મોટાભાઈને જણાવો.

૫ તમારી શાળાના આચાર્યને શાળાની ફીની માફી માટે પત્ર લખો.

૬ 'જન્મભૂમિ'ના તંત્રીને લખો કે તમને તે પત્રનો દિવાળી-અંક મળ્યો નથી.

૭ મ્યુનિસિપાલિટીના સેક્રેટરીને તમારી જન્મતારીખનો દાખલો આપવા અરજી કરો.

૮ જાણીતા પુસ્તક વેચનારને ત્યાંથી જોઈતાં પુસ્તકો મંગાવવા પત્ર લખો.

૯ તમારી નાની બહેનને તમે પહેલવહેલી મોટરમાં કરેલી મુસાફરી વિશે લખો.

પ્રકરણ ૨૩

નિબંધલેખન

નિબંધ કેવી રીતે લખવો અને તે લખતાં કઈ કઈ સૂચનાઓ ધ્યાનમાં રાખવી જોઈએ, તે વિશે તમે આગલા પુસ્તકમાં શીખી ગયા છો. એ સૂચનાઓ નીચે આપી છે :

૧ જે વિષય આપ્યો હોય, તેને વિશે મુદ્દાઓ ભેગા કરવા, અને મુખ્ય મુદ્દાઓ જુદા પાડવા;

૨ આ પછી મુખ્ય મુદ્દાઓના પેટામાં તેને લગતા વિચારો ગોઠવવા;

૩ દરેક મુદ્દા પ્રમાણે સ્વતંત્ર ફકરો પાડવો;

૪ આખું લખાણ સંબંધવાળું અને સળંગ બને તે ધ્યાનમાં રાખવું;

૫ વિષયને યોગ્ય ભાષા વાપરવી.

નિબંધો જુદી જુદી જાતના આવે છે. એ જુદા જુદા પ્રકારના નિબંધો કેમ લખવા, તે નીચે જણાવ્યું છે.

નિબંધના પ્રકાર

નિબંધના પ્રકાર ઘણા હોય છે, પણ તેમાંથી તમારે નીચે જણાવેલા બે પ્રકારના નિબંધો લખવાના હોય છે : (૧) **વર્ણનાત્મક નિબંધ,** (૨) **આત્મકથા.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)
વર્ણનાત્મક નિબંધ

વર્ણનાત્મક નિબંધમાં તમારે કોઈ પ્રાણી, વસ્તુ, કુદરતી દૃશ્ય, કોઈ સંસ્થા, તમે કરેલી મુસાફરી અથવા કોઈ વસ્તુની બનાવટની રીતનું વર્ણન કરવાનું હોય છે. આ પ્રકારના નિબંધમાં મુખ્યત્વે વર્ણન કરવાનું હોય છે, એટલે એને વર્ણનાત્મક નિબંધ કહે છે.

(૨)
આત્મકથા

આ બીજા પ્રકારના નિબંધમાં લખનાર પોતાની હકીકત પોતે કહેતો હોય તેમ કહી જણાવે છે. પોતાનીજ હકીકત પોતે કહે કે લખે, તેથી એવા પ્રકારનું લખાણ આત્મકથારૂપ નિબંધ કહેવાય છે.

ઘણી વાર કોઈ પ્રાણી કે વસ્તુની આત્મકથા લખવાનું કહેવામાં આવે છે. એ વખતે લખનાર પોતેજ એ પ્રાણી કે વસ્તુ હોય એમ પોતાને કલ્પે છે, અને પછી "પહેલા પુરુષ"માં આત્મકથા કહે છે.

ઉપર જણાવેલા બંને પ્રકારના નિબંધોના નમૂના નીચે આપ્યા છે; તેનો અભ્યાસ કરો.

વર્ણનાત્મક નિબંધો

(૧)
કબૂતર

કબૂતર એ અમુક દેશનું પંખી નથી, પરંતુ ઘણુંખરું એ બધા દેશોમાં જોવામાં આવે છે. એ પંખીનો દેખાવ મનોહર હોય છે. એમાંનાં કેટલાંક બરફ જેવાં સફેદ, તો કેટલાંક આકાશ જેવા નીલ રંગનાં હોય છે. એના પગ અને આંખનો રંગ રતૂમડો હોય છે, અને એનાં પીંછાં સ્પર્શમાં બહુજ સુંવાળાં લાગે છે.

મોટે ભાગે કબૂતરો ટોળામાંજ ફરે છે. એ છાપરાં નીચે છતની બખોલમાં કે એને માટે બાંધેલાં કબૂતરખાનાંમાં રહે છે. એમને બીજાં પક્ષીઓની માફક પાંજરામાં પૂરવાં પડતાં નથી. કબૂતર નિર્દોષ અને ભોળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંખી છે. એ નાના બાળકોને પોતાની જાતને પકડવા દે છે. કબૂતરો એકી સાથે ઘૂઘૂઘૂ એમ ઘુઘવાટ કરે છે, ત્યારે તેમનું સમૂહગીત કાનને પ્રિય લાગે છે.

કેટલાંક કબૂતરો ખૂબ ઝડપથી ઊડી શકે છે. એવાં ઝડપી કબૂતરોનો લડાઈમાં ખાસ ઉપયોગ કરવામાં આવે છે. લડાઈના મેદાનમાંથી સ્વદેશ સંદેશો મોકલવા માટે એને પગે ચિઠ્ઠીઓ બાંધી છૂટાં મૂકી દેવામાં આવે છે. આ પક્ષીની ખાસિયત તેને ગમે ત્યાં લઈ જવામાં આવ્યું હોય, ત્યાંથી પોતાના અસલ રહેઠાણમાં પહોંચવાની હોય છે. આ ખાસિયતને લીધે સંદેશો લઈ જનાર પક્ષી તરીકે એનો લડાઈના વખતમાં ઉપયોગ થાય છે.

એનો રંગ સફેદ અને એની પ્રકૃતિ સૌમ્ય અને ભોળી હોવાથી, એને કવિઓ સુલેહનું પંખી કહી સંબોધે છે.

(૨)

મોટરગાડી

આપણા દેશમાં, મુસાફરીના વાહન તરીકે અસલના વખતમાં બળદગાડી કે ઘોડાગાડી વાપરવામાં આવતી. પરંતુ પશ્ચિમના દેશો સાથેના સંબંધને લીધે, થોડાં વર્ષો થયાં આપણે ત્યાં ગામડાંઓમાં અને ખાસ કરીને શહેરોમાં મોટરગાડી દેખાવા લાગી છે. એ એક અતિ ઝડપી વાહન છે, અને તેથી એનો ઉપયોગ દિવસે દિવસે મુસાફરીના વાહન તરીકે વધતો જાય છે.

મોટરગાડીમાં બળતણ તરીકે પેટ્રોલ વાપરવામાં આવે છે, અને એની મદદથી મોટરએંજિનનો પંખો ખૂબ જોરથી ફરે છે, જેથી કરીને મોટરગાડી મોટી ઝડપે સહેલાઈથી દોડી શકે છે. આ ગાડીનો ઉપયોગ મુસાફરોને લઈ જવા લાવવામાં અને માલ વહી જવામાં થાય છે. મોટરગાડીના ઉપયોગ પ્રમાણે તેનાં દેખાવ, કદ અને બાંધણી વગેરે હોય છે. ભાર વહેતી ગાડીને મોટરલૉરી કહે છે.

રેલવે લાઈનથી દૂર આવેલાં ગામડાંઓ અને કસબાઓના લોકો મોટરને લીધે સહેલાઈથી અને સગવડભરેલી રીતે મુસાફરી કરી શકે છે; તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસાફરીના વાહન તરીકે એનો ઉપયોગ વધારે ને વધારે લોકપ્રિય થતો જાય છે. મોટરને દોડવાને સારા અને પાકા રસ્તાની જરૂર હોય છે, એટલે જેમ પાકા રસ્તાઓ વધતા જાય છે, તેમ એ ખૂણાના ગામડામાં પ્રવેશતી જાય છે.

(૩)

રેશમની બનાવટ

રેશમી કાપડ સુતરાઉ કાપડ કરતાં વધારે સુંવાળું, આકર્ષક અને ટકાઉ હોય છે. એ કાપડ બનાવવામાં રેશમના તાંતણાની જરૂર પડે છે. રેશમ રૂની માફક કોઈ છોડ ઉપર થતું નથી, પરંતુ એ એક કીડાના શરીરમાંથી તાંતણા રૂપે નીકળે છે. જેમ કરોળિયો પોતાનું જાળું વણવા માટે પોતાના શરીરમાંથી તાંતણા કાઢે છે, તેવીજ રીતે રેશમનો કીડો રેશમના તાંતણા કાઢે છે.

રેશમનો કીડો શેતૂરના ઝાડ ઉપર તેનાં પાંદડાં ખાઈને ઊછરે છે. હિંદુસ્તાનમાં આસામ, કાશ્મીર વગેરે ભાગોમાં રેશમના કીડાઓ ઉછેરવાને માટે શેતૂરની ખેતી કરવામાં આવે છે. રેશમનો કીડો ઇંડામાંથી નીકળતાં વાર શેતૂરનાં પાંદડાં ખાવા માંડે છે, અને એકાદ માસની ઉંમર પછી જ્યારે એ લગભગ ત્રણેક ઇંચ લાંબો થાય છે, ત્યારપછી એની બીજી અવસ્થામાં એ પ્રવેશ કરે છે. ખાઈને એ એટલો બધો ધરાઈ ગયો હોય છે કે પછી એ લાંબી ઊંઘ લેવાની તૈયારી કરે છે. ઊંઘવા માટે એ પોતાની આસપાસ ઘર તૈયાર કરવા માંડે છે; એ ઘર તે એનો કોશેટો છે. એ કોશેટો તે બીજું કંઈ નથી, પરંતુ પોતાના શરીરની આસપાસ વીંટાળેલા રેશમના તંતુઓની જાળ છે. એ પોતાના શરીરમાંથી તાંતણા કાઢે છે અને પોતાની આસપાસ વીંટાળે છે. આમ પોતાને કોશેટામાં ગોંધી દઈને એ કેટલાંક અઠવાડિયાં સુધી ઊંઘ લે છે. એની ઊંઘ પૂરી થયા પછી એ કીડો પતંગિયા રૂપે કોશેટો કોરીને બહાર નીકળે છે. આમ રેશમનો કીડો પાંખવાળા પતંગિયા રૂપે રૂપાંતર પામે છે, એટલે નવોજ જન્મ લે છે એમ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેશમનું ઉત્પાદન કરનારા લોકો રેશમનો કીડો કોશેટો કોરીને બહાર નીકળે એટલી મુદત સુધી કોશેટાને ઝાડ પર રહેવા દેતા નથી, પરંતુ કોશેટા તૈયાર થાય કે પછી તેમને ગરમ પાણીમાં ઉકાળે છે. આથી અંદરના કીડાઓ મરી જાય છે, અને રેશમના તાંતણા કોશેટામાંથી ઉકેલી લેવામાં આવે છે. કોશેટો કોરીને પતંગિયું થઈને કીડો બહાર આવે ત્યાંસુધી કોશેટાને પડયા રહેવા દેવામાં આવે, તો રેશમના તાંતણા સળંગ મળતા નથી, પરંતુ તૂટેલા મળે છે. તે ઉપરાંત તેનો રંગ પણ જુદી જાતનો થઈ જાય છે.

રેશમનો તાંતણો ઝીણો, સુંવાળો અને ચળકાટભરેલો હોય છે, અને તે સહેલાઈથી તૂટી જતો નથી; તેથી તેનું સુંદર રેશમી કાપડ બને છે. ચીન, જાપાન અને ઇટલી જેવા દેશોમાં રેશમના કીડાઓ ઉછેરવા માટે શેતૂરના ઝાડની મોટી ખેતી કરવામાં આવે છે.

રેશમ મેળવવા આપણે રેશમના કીડાનો નાશ કરીએ છીએ, એટલે ઊન કે રૂની માફક એનું ઉત્પાદન નિર્દોષ નથી.

(૪)
અમારી કોલુની ઉજાણી

ગયે અઠવાડિયે, અમે આઠ જણ અમારા એક સહાધ્યાયીને ત્યાં કોલુની ઉજાણીએ ગયા હતા. અમારામાંના ઘણા જણે કોલુ જોયેલું નહિ, એટલે અમારા કુતૂહલનો અને આતુરતાનો પાર ન હતો

અમારા મિત્રની સાથે તેના શેરડીના ખેતરે સવારે સાત વાગ્યે અમે પહોંચ્યા. ખેતરમાં શેરડી ખીચોખીચ ઊગી હતી, અને તેને એક ખૂણેથી મજૂરો કોદાળી વડે ખોદી રહ્યા હતા. શેરડીનો એક મોટો ઢગ પાસે પડયો હતો; અમે તેમાંથી મનગમતા શેરડીના સાંઠા લીધા, અને ખાતાં ખાતાં કોલુ તરફ ગયા.

આ કોલુ લોખંડનું હતું. અમારા મિત્રે અમને કહ્યું કે અસલના વખતમાં લોખંડને બદલે માત્ર લાકડાનાં કોલુ વપરાતાં, અને તેના ફરવાનો અવાજ ચિ–ચૂ–ડ ચિચૂડ એમ દૂર સુધી સંભળાયા કરતો. આને લઈને કેટલાક ભાગમાં કોલુને ચિચૂડો કહેતા હશે. ચાર બળદો ઘાણીની માફક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલુને ફેરવી રહ્યા હતા, અને નીચે ખાડામાં બેસીને બે જણ શેરડીના સાંઠા કોલુમાં આપ્યે જતા હતા. એક બાજુથી આપેલી શેરડી કોલુમાં ચપટાઈ જઈને બીજી બાજુએ નીકળતી; અને રસ નીચે કોડીમાં એકઠો થતો હતો. કોલુની પાસે એક ભઠ્ઠી ઉપર મોટી કડામાં રસ ઊકળતો હતો. અમારા મિત્રે જણાવ્યું કે રસને ઉકાળીને તેમાંથી ગોળ બનાવાય છે.

અમે શેરડી પેટ ભરીને ખાધી, પછી થોડો રસ પીધો, અને છેવટે થોડો તાજો ગોળ ચાખ્યો. અમને આમ એક નવો અનુભવ થયો, અને એ આખો દિવસ આનંદમાં ગયો.

(૫)

ટપાલીની આત્મકથા

હું એક નાના કસબાનો ટપાલી છું. મારે રોજ સવારે છ વાગ્યે પોસ્ટ ઑફિસમાં હાજર થવાનું હોય છે. સ્ટેશનેથી સવારની ગાડીમાંથી ટપાલની થેલી લાવીને ગામના કાગળો, મનીઑર્ડર વગેરે હું મહોલ્લાવાર થોકડીમાં ગોઠવું છું. ત્યારપછી તેની ઉપર પોસ્ટ ઑફિસના નામનો સિક્કો મારું છું અને ટપાલ વહેંચવા નીકળી પડું છું.

કેટલાક લોકોને ઑફિસ આગળ તેમના કાગળો આપી દઉં છું, અને બાકીની ટપાલ વહેંચવાની શરૂઆત કરું છું. ગામના લોકો ટપાલને વખતે આતુરતાપૂર્વક મારી રાહ જુએ છે. હું મોડો થાઉં તો લોકો જાણે અધીરા બની જાય છે. મારે શુભ, અશુભ, આશા અને નિરાશાભર્યા સંદેશાઓ લઈ જવાના હોય છે; પરંતુ આ બધાંની સાથે મારે કશી લેવાદેવા ન હોય, તેમ તટસ્થ રીતે એ પહોંચાડું છું.

કેટલીક વાર પત્રો ઉપર પૂરું સરનામું હોતું નથી, ત્યારે એ પત્રો પહોંચાડતાં મને મુશ્કેલી પડે છે. મારે લોકોને તેના માલિકને વિશે પૂછપરછ કરવી પડે છે, અને ઘણી વાર મહોલ્લે મહોલ્લે નકામા આંટા ખાવા પડે છે.

મારે એક કામ જોખમદારીનું કરવાનું હોય છે. મનીઑર્ડર મારફતે મોકલાયેલા પૈસા સાચવીને તેના ખરા માલિકને પહોંચાડવાના હોય છે. આમાં જો કંઈ ગફલત થાય તો તેની જવાબદારી મારે માથે આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું રખડપટ્ટીનું અને જોખમદારીનું કામ કરવા બદલ મને દર માસે જૂજ પગાર મળે છે; તેમાંથી હું મારું ગુજરાન ચલાવું છું. સાંજે ગામની ટપાલપેટીમાંથી કાગળો વગેરે એકઠાં કરીને પોસ્ટ ઑફિસે લઈ જઈને, સિક્કા મારી થેલીમાં બંધ કરું છું. છેલ્લે થેલીને સીલ કરી રેલવેગાડીના ટપાલ–ડબ્બામાં પહોંચાડું છું. આમ મારું કામ સાંજે ખતમ થાય છે. આવો મારો રોજનો કાર્યક્રમ એકધારો ચાલે છે.

(૬)

ઊંટની આત્મકથા

મારે મારા માલિકનો માલ રણમાં એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાનો હોય છે એટલુંજ નહિ, પણ મુસાફરોને પણ મારી પીઠ ઉપર લઈ જવા પડે છે. રણમાં મોટરગાડી, બળદગાડી, આગગાડી કે બીજું કોઈ પ્રાણી વાહન તરીકે કામ આપી શકતું નથી. રણમાં હુંજ એક ઉપયોગી વાહન છું. મારા પગ એવી રીતે બનેલા છે કે રેતીમાં ઊંડે પેસી જતા નથી, તેથી રેતીમાં હું ઝપાટાબંધ લાંબે પગલે ચાલી શકું છું, અને એક દિવસમાં માઇલોની મુસાફરી થાકયા વિના કરી શકું છું.

રણમાં પાણીની બહુજ તંગી હોય છે, અને તેથી મુસાફરો પોતાની સાથે ચામડાની મશકોમાં પાણી ભરી લે છે. મારે રોજ રોજ પાણી પીવાની જરૂર પડતી નથી; ઈશ્વરે મને રણમાં રહેવાને સરજેલું હોવાથી પાણી રાખવાને માટે મારા શરીરમાં તેણે જોઈતી વ્યવસ્થા કરેલી છે. મારી હોજરીમાં એક પ્રકારની કોથળી છે, જેમાં હું ઘણા દિવસ ચાલે તેટલું પાણી એકસામટું ભરી લઉં છું, એટલે મને પાણી પીધા વિના ઘણા દિવસ સુધી ચાલે છે.

રેતીમાં લાંબી મુસાફરી દરમ્યાન કે કોઈ વાર રસ્તે ભૂલા પડી જતાં, મુસાફરોની પાસેનો ખોરાક અને પાણી બંને ખૂટી જાય છે, ત્યારે તેઓ અમારી જાત ઉપર જુલમ ગુજારે છે. તેઓ પોતાના જીવને માટે અમને મારી નાખે છે, અને અમારાં માંસ અને હોજરીમાં રહેલા પાણીનો ઉપયોગ કરે છે.

હું જેની સેવા કરું છું તેજ ઘણીવાર મારા પ્રત્યે ક્રૂર બને, એ વિચિત્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭)
છત્રીની આત્મકથા

આજે હું ફાટીતૂટી અવસ્થામાં પડી છું, પણ એક વખતે હું એક ખૂબસૂરત છત્રી તરીકે લેખાતી હતી. જે છોકરાના હાથમાં હું હતી તે પણ મારે માટે ખૂબ ગર્વ લેતો. તેનું નામ અરવિંદ હતું. તે મને ઉનાળામાં કે ચોમાસામાં પોતાની પાસેજ રાખતો. મને તે ખૂબ સંભાળપૂર્વક ઉઘાડતો. જાણે હું બહુ નાજુક વસ્તુ હોઉં એમ તે મને ગણતો! કેટલીયે વખત મેં તેનું સખત તાપમાં અને વરસાદમાં રક્ષણ કર્યું હતું. અને મારી આ સેવાના બદલામાં તે મને તેના ઓરડામાં એક સુંદર ખીંટીએ લટકાવતો, અને ઉંદરો મને કંઈ નુકસાન ન કરે તેની દરકાર રાખતો. તેનો મારા તરફ કેટલો પ્રેમ હતો!

કમનસીબે તે ભલો છોકરો એક દિવસ મને આગગાડીમાં ભૂલી ગયો, અને હું એક તોફાની છોકરાને હાથે ચડી. શરૂઆતમાં તો તેણે મારી સંભાળ રાખી, પણ ધીમે ધીમે તેણે મારો દુરુપયોગ કરવા માંડ્યો. તે મારામારી અને ધિંગામસ્તીનો ખૂબ શોખીન હતો. ઘડીઘડીમાં બીજા સાથે ઝગડી પડે. આવી લડાઈમાં તે મારો ઉપયોગ કરવા લાગ્યો, અને ધીમે ધીમે મારું મજબૂત શરીર એથી કમજોર થવા લાગ્યું. એક વખત તેણે મને કાદવમાં ફેંકી દીધી, અને મને ખરડી નાખી. પછી તેણે મને ધોઈને તડકે સૂકવવા મૂકી. હવે મારું દુઃખ વધતું જતું હતું. હોળીનો દિવસ હતો. છોકરાઓ વચ્ચે મારામારી જામી. તે તોફાની છોકરાએ મારો હથિયાર તરીકે ઉપયોગ કર્યો, અને તે દિવસેમેં મારું સુંદર માથું ગુમાવ્યું. મારા દેહ પરનું કાપડ જ્યાં ત્યાં ફાટી ગયું, અને થોડા સળિયા વળી ગયા.

ત્યારથી હું આ ખૂણામાં ભાંગીતૂટી વસ્તુઓ સાથે પડી રહી છું, અને મારા આગલા માલિકને યાદ કરું છું.

મનોયત્ન : ૨૬

નીચેના વિષયો પર નિબંધ લખો :

૧ તમારી નિશાળનો બાગ
૨ કુંભારનું જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩ ધોધમાર વરસાદ
૪ પોંકની ઉજાણી
૫ ચકલી અને તેનો માળો
૬ ખાદીની બનાવટ
૭ શાળામાંની રમતગમતો
૮ તમે જોયેલું સુંદર તળાવ
૯ મંદિરમાં આરતીનો સમય
૧૦ ગુલાબનું ફૂલ અને તેનો ઉપયોગ
૧૧ તમારા ગામનું બજાર
૧૨ દિવાળીના તહેવારો
૧૩ ઘેટાની આત્મકથા
૧૪ પાળેલા પોપટની આત્મકથા
૧૫ ખારવાની આત્મકથા

પ્રકરણ ૨૪

થોડીક કહેવતો

આપણે ઘણી વાર આપણી ભાષામાં રૂઢ થઈ ગયેલી કહેવતો સાંભળીએ છીએ. એ કહેવતો ટૂંકી હોવા છતાં, એના મૂળમાં બહોળો અનુભવ અને ડહાપણ રહેલાં હોય છે. ડાહ્યા માણસોએ પોતાના અનુભવનો સાર એવી સરસ રીતે સૂત્ર રૂપે મૂક્યો હોય છે, કે તે સૈકાંઓ સુધી પ્રચારમાં રહે છે. દલીલ કરતી વખતે કે સામાન્ય વ્યવહારમાં કોઈ સિદ્ધાંતને આપણે અસરકારક રીતે રજૂ કરવો હોય, ત્યારે આપણને કહેવતો ખૂબ કામ લાગે છે. નીચે એવી એક કહેવતનો અર્થ સમજાવ્યો છે.

અધૂરો ઘડો છલકાય ઘણો

ઘડો જ્યારે આખો ભરેલો હોય છે, ત્યારે તેને આમતેમ ખસેડતાં કે માથે મૂકીને લઈ જતાં તે છલકાતો નથી. પરંતુ એજ ઘડામાં પાણી જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધૂરું ભરેલું હોય તો તેને ખસેડતાં તેમાંનું પાણી હાલી ઊઠે છે, અને વધારે હાલતાં છલકાઈ જાય છે. એજ રીતે જેનું જ્ઞાન કે અનુભવ પૂર્ણ નથી, તે વાતવાતમાં જ્ઞાનનો મોટો ડોળ કરે છે અને મિથ્યાભિમાનનું પ્રદર્શન કરે છે. એથી ઊલટું, ભરેલો ઘડો જેમ છલકાતો નથી, તેમ પૂર્ણ જ્ઞાની નમ્ર હોય છે.

નીચે કેટલીક કહેવતો આપી છે, તે શિક્ષકોએ વિદ્યાર્થીઓને વિસ્તારપૂર્વક સમજાવવી.

૧ ઉતાવળે આંબા ન પાકે.
૨ હિંમતે મરદા તો મદદે ખુદા.
૩ એક મરણિયો સોને ભારી.
૪ ગરજ સરી એટલે વૈદ વેરી.
૫ અતિ લોભ તે પાપનું મૂળ.
૬ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
૭ આંધળામાં કાણો રાજા.
૮ બે હાથ વિના તાળી ન પડે.
૯ ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.
૧૦ નામ મોટાં ને ગુણ ખોટા.
૧૧ આપ ભલા તો જગ ભલા.
૧૨ ટીંપે ટીંપે સરોવર ભરાય.
૧૩ નવી નારંગી નવ દહાડા.
૧૪ એક પંથ ઓર દો કાજ.
૧૫ જેવો દેશ, તેવો વેશ.
૧૬ કરણી તેવી ભરણી.
૧૭ જેને રામ રાખે, તેને કોણ મારે?
૧૮ બોલે તેનાં બોર વેચાય.
૧૯ ભસતા કૂતરા કરડે નહિ, અને ગાજ્યા મેહ વરસે નહિ.
૨૦ મન ચંગા, તો કથરોટમાં ગંગા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧ ખાલી ચણો વાગે ઘણો.
૨૨ દીવા તળે અંધારું.
૨૩ લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મોં ધોવા ન જવું.
૨૪ ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો.
૨૫ દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ.
૨૬ ડુંગર દૂરથી રળિયામણા.
૨૭ સુથારનું મન બાવળિયે.
૨૮ સો દહાડા સાસુના, તો એક દહાડો વહુનો
૨૯ લાગ્યું તો તીર, ને નહિ તો તુક્કો.
૩૦ ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો.
૩૧ નગારામાં પિપૂડીનો અવાજ.
૩૨ પેટ કરાવે વેઠ.
૩૩ પાણી પહેલાં પાળ બાંધો.
૩૪ જેવું હૈયે, તેવું હોઠે.
૩૫ મુખમેં રામ, ઓર બગલમેં છૂરી.
૩૬ આભ ફાટે, ત્યાં થીંગડું ક્યાં દેવાય?
૩૭ પાણીમાં રહેવું, ને મગર સાથે વેર.
૩૮ દગો કોઈનો સગો નહિ.
૩૯ સબસે બડી ચૂપ.
૪૦ જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय
विषय संख्या ..... २५२१ .....
आगत पंजिका संख्या ..... ७ (ग) .....

तिथि	संख्या	तिथि	संख्या
16 FEB			

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GUJARATI GRAMMAR & COMPOSITION Book III

by R. D. Desai, M. A., B. T. & J. U. Mehta, B. A., B. T.

Price : 8 as.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar